
ગુજરાતી ભાષાસૌરભ

પુષ્પ પહેલું

State School Reader in Gujarati—Book One

ડૉ. શ્રીમતી ઉષા નાયર



કેન્દ્રીય ભાષા સંસ્થાન માનસગંગોત્રી, મૈસૂર-૫૭૦ ૦૦૬

CENTRAL INSTITUTE OF INDIAN LANGUAGES
MANASAGANGOTRI, MYSORE-570006.

GUJARATI BHASHA SAURABH-1

CENTRAL INSTITUTE OF INDIAN LANGUAGES
SECOND LANGUAGE TEXT-BOOKS SERIES
No. 15

[**Gujarati Bhasha Saurabh-I** State School Reader in Gujarati, Part I, Printed in Gujarati pp. xxiii + 145, Crown Quarto, 3000 Copies. Prepared by Dr. Usha Nair]

Production
H.L.N. BHARATI

CIIL-Second Language Text-books Series-15

GUJARATI BHASHA SAURABH-I

USHA NAIR

सत्यमेव जयते

CENTRAL INSTITUTE OF INDIAN LANGUAGES
MYSORE-570 006

First Published : March 1988
Caitra 1909

Published at the Central Institute of Indian languages, Manasagangotri, Mysore-570 006 by Dr. D. P. Pattanayak, Director and Printed by Jitendra T. Desai, at Navajivan Mudranalaya, Ahmedabad-380 014.

ગુજરાતી ભાષાસૌરભ

પુષ્પ પહેલું

(સ્ટેટ સ્કૂલ રીડર)

ડૉ. શ્રીમતી ઉષા નાયર

એમ.એ., પીએચ.ડી.

કેન્દ્રીય ભાષા સંસ્થાન

માનસગંગોત્રી, મૈસૂર-૫૭૦ ૦૦૬

પહેલી આવૃતિ, નકલ ૩૦૦૦, ૧૯૮૬

પ્રકાશક

કેન્દ્રીય ભાષા સંસ્થાન

માનસગંગોત્રી

મૈસૂર-૫૭૦ ૦૦૬

મુદ્રક

જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ

નવજીવન મુદ્રણાલય

અમદાવાદ-૩૮૦ ૦૧૪

FOREWORD

The CIIL has initiated a series of State School Readers in the major Indian languages as part of its programme of training secondary school teachers in the language other than their mother-tongue. This programme which provides a scientific basis in the implementation of the three-language formula has so far trained about 2000 teachers who in turn are engaged in teaching some 25000 school children a language other than their mother-tongue.

The general practice in the country in teaching second language at the school stage is to adopt the mother-tongue book of a lower grade and introduce it at a higher grade. It creates a major problem in so far as books prepared for children learning language as a mother-tongue presenting a historical, environmental and socio-cultural context are presented to a group in a different context at a higher level. This anachronism can only be remedied by designing instructional material keeping in view both the source and target languages.

The teachers are trained in the Regional Language Centres of the Institute utilising the up to date technology in regard to language teaching. Most of the books prepared elsewhere have yet to update their content and methodology. Therefore it is doubly imperative to produce the series.

In these books the script is introduced in a nontraditional manner keeping in view the principles of patterned perception and contrastive observation. Shape similarity of the alphabet has been exploited for quick learning and teaching although the dictionary order has also been indicated at a later stage. As far as structures and other content lessons are concerned, the preparation of these material has raised more problems than it has solved. For example, if an Indian language which shares a good deal of syntactic commonality with another language, has to be taught at the beginning level at a relatively higher stage, then how much of syntactic complexity can be introduced at the very first stage? For answering such questions we have to work much more than what has been done so far.

The consultants have spent considerable time in discussing the format and in evaluating the book as a whole. All those who have co-operated in making this book a success deserve appreciation. If students find it useful, then I would consider our efforts amply rewarded.

D. P. PATTANAYAK
Director

પુરોવચન

પોતાની માતૃભાષા ન હોય એવી બીજી ભાષા શીખવવા માટે માધ્યમિક શાળાના શિક્ષકોને તાલીમ આપવા માટે કેન્દ્રીય ભાષા સંસ્થાને ભારતની મુખ્ય ભાષાઓમાં 'State School Readers'ની વાચનમાળા શરૂ કરેલી છે. આ કાર્યક્રમ 'ત્રણ ભાષાના સૂત્ર' (Three-language formula)ના અમલીકરણ માટે વૈજ્ઞાનિક આધાર પૂરો પાડે છે; અને તે અનુસાર અત્યાર સુધીમાં આશરે ૨,૦૦૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે, અને તે શિક્ષકો લગભગ ૨૫,૦૦૦ બાળકોને તેમની માતૃભાષા સિવાયની અન્ય ભાષાઓ ભણાવવાના શિક્ષણકાર્યમાં રોકાયેલા છે.

માતૃભાષાના શિક્ષણ માટે નીચેની કક્ષાએ વપરાતી ચોપડીને તે જ ભાષા બીજી (Second) ભાષા તરીકે શીખવવા માટે ઉપરની કક્ષાએ વાપરવાની પદ્ધતિ આપણા દેશમાં પ્રચલિત છે. માતૃભાષાનું શિક્ષણ લેતાં બાળકો માટેનાં પુસ્તકો તેમના ઐતિહાસિક, વાતાવરણના અન્ય સંજોગો તથા સામાજિક – સાંસ્કારિક સંદર્ભ અનુસાર તૈયાર કરેલાં હોય છે; અને તે જ પુસ્તકો જ્યારે ઉપરની કક્ષાના જુદા સંદર્ભ ધરાવતા વર્ગો માટે વાપરવામાં આવે છે ત્યારે ઘણી મુશ્કેલીઓ પેદા થાય છે. ભણનારની પોતાની મૂળ ભાષા અને જે ભાષા તેને શીખવાની છે તે બંનેને યોગ્ય રીતે ધ્યાનમાં લઈને શિક્ષણ માટેની સામગ્રી (પુસ્તકો) તૈયાર કરવાથી જ આ વિસંગતિનો ઉપાય થઈ શકે.

આ સંસ્થાનાં ભારતીય ભાષાઓ શીખવવા માટેનાં કેન્દ્રોમાં ભાષાના શિક્ષણ માટેની અદ્યતન પદ્ધતિઓ અનુસાર શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે. અન્યત્ર તૈયાર થયેલાં ઘણાખરાં પુસ્તકોમાં, તેમાંની વસ્તુ તેમ જ પદ્ધતિ બાબતમાં હજી સુધી આ પ્રમાણે કરવામાં આવ્યું નથી. અને તેથી આ વાચનમાળા તૈયાર કરવાનું બેવડું આવશ્યક બને છે.

આ પુસ્તકોમાં લિપિના શિક્ષણની શરૂઆત પરંપરાથી ચાલતી આવેલી પદ્ધતિ કરતાં જુદી જ રીતે કરવામાં આવી છે; 'આકૃતિઓ નિહાળવી' અને 'વિભિન્નતાનું અવલોકન'ના સિદ્ધાંતો લક્ષમાં રાખવામાં આવ્યા છે. ભણવાનું અને ભણાવવાનું ઝડપી બનાવવાની દૃષ્ટિએ મૂળાક્ષરોની સમાનતાનો પૂરો લાભ લેવામાં આવ્યો છે; જોકે તે પછીની કક્ષાએ કક્કાવારીનો એટલે કે 'ડિક્ષનરી'નો ક્રમ પણ સમજાવવામાં આવ્યો છે. આ પાઠોમાં આવેલી વાક્યરચનાઓ અને વસ્તુઓની બાબતમાં એમ કહી શકાય કે જેટલા પ્રશ્નો ઉકેલાયા છે તેના કરતાં વધારે પ્રશ્નો ઊભા થયેલા છે. ઉદાહરણ તરીકે, જો એક ભારતીય ભાષા બીજી કોઈ અન્ય ભાષા સાથે વાક્યરચના વગેરે બાબતમાં ખૂબ જ સામ્ય ધરાવતી હોય તો તે ઉચ્ચતર કક્ષાએ શરૂઆતમાં શીખવવી જોઈએ એમ સ્વીકારીએ તો, પ્રથમ કક્ષાએ વાક્યરચનાના જટિલ મુદ્દાઓ કેટલા પ્રમાણમાં લઈ શકાય? આવા પ્રશ્નોના ઉકેલ માટે તો અત્યાર સુધીમાં જે કામ થયું છે તેના કરતાં ઘણું વધારે કામ ભવિષ્યમાં કરવું પડશે.

આ પુસ્તકનું સ્વરૂપ અને તેના સમગ્ર સ્વરૂપના મૂલ્યાંકન માટે સલાહકારોનો સારો એવો સમય લેવામાં આવ્યો છે. આ પુસ્તકને સફળ બનાવવામાં સહકાર આપનાર સૌ કૃતજ્ઞતાને પાત્ર છે. જો આ પુસ્તક વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડશે તો અમારા પ્રયત્નોનો યોગ્ય બદલો મળ્યો છે એમ હું માનીશ.

સહી

ડી. પી. પટ્ટનાયક

ડાયરેક્ટર

અનુક્રમણિકા

પ્રસ્તાવના

ભારતીય ભાષા સંસ્થાન, મ્હૈસુર તરફથી ભારતના જુદા જુદા ચાર ભાગોમાં હિન્દી સિવાય અન્ય ભારતીય ભાષાઓ શીખવવા માટે કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે. આ કેન્દ્રો-માંનું એક કેન્દ્ર પૂનામાં છે. આ પશ્ચિમ વિભાગીય ભાષાકેન્દ્રમાં ગુજરાતી, સિન્ધી અને મરાઠી ભાષાઓ દ્વિતીય ભાષા તરીકે ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકોને દસ મહિનામાં ભણાવવામાં આવે છે. આ શિક્ષકો આ કેન્દ્રમાંથી ડિપ્લોમા મેળવ્યા બાદ પોતપોતાની શાળામાં આ શીખેલી ભાષાના વર્ગો ખોલે છે. તેમના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ પુસ્તકમાળાનું આ પ્રથમ પુષ્પ છે.

આ પાઠ્યપુસ્તકના પાઠો ગુજરાતીના વ્યાકરણને ધ્યાનમાં રાખી 'સરળથી અઘરું' એ ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. દરેક પાઠ એકબીજા સાથે એવી રીતે સંકળાયેલા છે કે અન્ય ક્રમમાં તેને રજૂ કરી ના શકાય. છતાં દરેક પાઠને સ્વતંત્ર ગણી શકાય. આ ક્રમ અને પાઠોની રચનામાં ભાષા-વિજ્ઞાનના સિદ્ધાંતોને અને આધુનિક શિક્ષણપદ્ધતિ, બન્નેને ધ્યાનમાં રાખવામાં આવ્યાં છે. આમાં સ્વરચિત કુલ ૨૦ પાઠો છે અને અન્ય કવિરચિત ૬ કવિતાઓ છે.

આ પુસ્તકના પાઠોની રજૂઆત કઈ રીતે કરવી તે માટેની માહિતી આગળ આપ-વામાં આવી છે. આશા છે આ પુસ્તક બાળકોને ગુજરાતી ભાષાનાં વાક્યોનું પ્રાથમિક જ્ઞાન આપવામાં સફળ થશે. આમાં કાંઈ ભૂલ-ચૂક રહી ગઈ હોય તો તે તરફ લેખિકાનું ધ્યાન દોરશો. પુસ્તક તેના ઉદ્દેશ્યમાં સફળ થયું કે નહીં તે સાથે તેમાં સુધારા-વધારાની જરૂર લાગે તો શિક્ષકો પોતાના અનુભવને આધારે જણાવશે તેવી અપેક્ષા સેવાય છે. બાકી તો તમારું છે ને તમને આપું છું. સ્વીકારશો.

ઉષા નાયર

પુસ્તક વિશે

"ગુજરાતી ભાષા સૌરભ – પુષ્પ ૧ લું" બે ભાગમાં વહેંચાયેલું છે. ભાગ – ૧ લિપિ, વાંચન-લેખનને આવરી લે છે તો ભાગ – ૨ ભાષારચનાનાં સાદાં વાક્યોને રજૂ કરે છે. આ બન્ને ભાગોની રજૂઆત વિશેની માહિતી અહીં આપવામાં આવી છે.

ભાગ – ૧ લિપિ : વાંચન અને લેખન

સાધારણ રીતે આપણી શાળાઓમાં પહેલા ધોરણથી માતૃભાષામાં લખતાં-વાંચતાં શીખવવામાં આવે છે. તે માટે સંસ્કૃતના આધારે ચાલી આવેલી પદ્ધતિ પ્રમાણે બાળકોને પહેલાં લિપિ, સ્વર, વ્યંજન અને માત્રા, જોડાક્ષરો, શબ્દો અને વાક્યોના ક્રમમાં વાંચતાં અને લખતાં શીખવવામાં આવે છે. જ્યારે બાળકોને બીજી ભાષા તરીકે હિન્દી, મરાઠી, ઓરિયા કે કોઈ અન્ય ભાષા વાંચતાં-લખતાં શીખવવી હોય, ત્યારે પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ શૈક્ષણિક પદ્ધતિમાં વધુ સમય લાગતો હોવાથી, લિપિલેખનને લગતાં સંશોધનકાર્ય પછી એક નવી પદ્ધતિ અપનાવવામાં આવી છે. આ પદ્ધતિમાં સંસ્કૃત પ્રમાણે કક્કો ન શીખવતાં અક્ષરોના મરોડ અને લખવાની સરળતાને ધ્યાનમાં રાખી એકલા અક્ષરો ને જોડાક્ષરો શીખવવામાં આવે છે. દા. ત. જૂની પદ્ધતિમાં પહેલાં સ્વર એટલે કે અ આ ઇ ઈ ઉ ઊ વગેરે શીખવાય છે. તો નવી પદ્ધતિમાં સ્વરથી શરૂ ન કરતાં S અક્ષરથી શરૂઆત થાય છે. આ અક્ષરને મૂળ અક્ષર તરીકે રાખી તેના જેવા, આકારની નિકટતા બતાવતા અક્ષરોનું એક જૂથ બનાવવામાં આવે છે. દા. ત. ડ ઠ ક લ ફ. આ અક્ષરોને એક પછી એક શીખવાય છે. ને તેમાંથી બનતા શબ્દો પણ સાથે સાથે શીખવાતા જાય છે. (વધુ વિગતો માટે ભાગ – ૧ના નવ પાઠો જોશો.) આમ સમયની બચત સાથે દરેક પાઠને અંતે વિદ્યાર્થી 'કંઈ સાર્થક શીખ્યો'ની ભાવના લઈને જાય છે. આ પદ્ધતિને "Shape Similarity Method" **"સમાન આકાર પદ્ધતિ"** કહે છે. આ પદ્ધતિ પ્રમાણે ગુજરાતી લિપિ વાંચન-લેખન માટે દસ પાઠો તૈયાર કરવામાં આવ્યા છે. પહેલા નવ પાઠો અક્ષરો ને જોડાક્ષરો રજૂ કરે છે, ને દસમો પાઠ અંકો. આ પાઠો માટેની સૂચનાઓ આ પ્રમાણે છે :

દરેક પાઠ ત્રણ ભાગોમાં વહેંચાયેલો છે.

૧. અક્ષરો અને તેનાથી બનતા શબ્દો

૨. વાંચન અભ્યાસ

૩. લિખિત અભ્યાસ

૧. શિક્ષકે દરેક પાઠ શીખવતી વખતે પાઠમાં રજૂ થયેલ અક્ષરોમાંથી એક સમયે એક અક્ષર જ મરોડ સાથે પાટિયા પર લખી બતાવવો.

૨. વિદ્યાર્થીઓને તેમની નોટબુકમાં તે અક્ષર લખાવવો.

૩. વારાફરતી સમયાનુસાર પાટિયા પર બાળકો પાસે જ તે અક્ષર લખાવવો.

૪. એક હરોળના અક્ષરો પૂરા થતાં તેમાંથી બનતા શબ્દો પાટિયા પર લખી પોતે પહેલાં વાંચવા, પછી સામૂહિક કે વ્યક્તિગત રીતે વંચાવવા તેમ જ લખાવવા.

૫. અક્ષરો પૂરા થતાં 'વાંચો' શીર્ષક નીચે આપેલા શબ્દો (ને વાક્યો) વાંચવા ને વંચાવવા. તેમાંથી જ શ્રુતલેખન પણ લખાવવું.

૬. શરૂઆતમાં અભ્યાસના પ્રશ્નો વર્ગમાં કરાવવા ને પછી ઘરેથી લખવા આપવા.

૭. પાઠ ૭, ૮, ૯માં જોડાક્ષરો આપેલા છે. ત્રણે પાઠના અભ્યાસના પ્રશ્નો પાઠ ૯ના અંતે આપેલા છે છતાં જેમ જેમ જોડાક્ષરો શીખવતા જાઓ તેમ તેમ વિદ્યાર્થી પાસે તેનો અભ્યાસ કરાવતા જાઓ.

૮. રોજ થોડો સમય વાંચન પણ કરાવવું. તે વખતે ઉચ્ચારણ પર ખાસ ધ્યાન આપવું.

૯. દસમા પાઠના અંકોને શબ્દોમાં પણ લખવાનો અભ્યાસ કરાવવો.

૧૦. જરૂરત પ્રમાણે શિક્ષકે પોતાની જાતે પણ થોડા અભ્યાસના પ્રશ્નો તૈયાર કરવા ને નવા શબ્દો, ખાસ કરી બાળકોનાં નામ, વર્ગ કે આસપાસની વસ્તુઓનાં નામનો પણ ઉપયોગ કરવો.

ભાગ – ૨

ભાગ ૨ જામાં ૫ બાળગીતો અને ૨૦ પાઠો રજૂ કર્યા છે. આ પાઠ્યપુસ્તકના પાઠોની રજૂઆત કઈ રીતે કરશો? આગળ કહી ગઈ તેમ તમે જાણો જ છો કે આ પુસ્તક અન્ય ભાષાનાં પાઠ્યપુસ્તકો કરતાં જુદી ભાત પાડે છે. આ પુસ્તકની પહેલી વિશેષતા એ છે કે આના પાઠો વિવિધ લોકો પાસે ન લખાવતાં એક જ વ્યક્તિએ લખેલા છે. એટલે સંપૂર્ણ પુસ્તકમાં રચનાની દૃષ્ટિએ એકરૂપતા, ભાષા-રચનાની દૃષ્ટિએ 'સરળથી અઘરું' એ ક્રમમાં રજૂ કરવામાં આવી છે. ભાષા બોલવામાં જરૂર પડતી શરૂઆતની વાક્યરચનાઓને તથા બાળકોને અનુરૂપ શબ્દોને આમાં લેવામાં આવ્યાં છે. દરેક પાઠમાં શબ્દો અને શૈક્ષણિક મુદ્દાઓને વિષયાનુસાર લેવામાં આવ્યા છે. ધીરે ધીરે પાઠો લાંબા થતા જાય છે. આગલા પાઠમાં આવેલા શબ્દો અને વાક્યોનો નવા પાઠમાં પણ પુનરાવર્તન રૂપે અને નવા પ્રસંગમાં ઉપયોગની દૃષ્ટિએ ઉપયોગ કરવામાં આવ્યો છે. એ રીતે વિદ્યાર્થી એક જ જાતની વાક્યરચનાને જુદી જુદી જગ્યાએ વાપરતાં શીખે છે. દા. ત. પહેલા પાઠમાં 'આ...છે' વાક્યરચના લેવામાં આવી છે. ધીરે ધીરે બાળક 'આ કોણ છે'? અને 'શું'થી શરૂ કરી 'આ ઘણી સુંદર નવી ચોપડી મારી છે.' જાતની રચના સુધી પહોંચે છે. આ દરેક પાઠને અંતે લેખિત અભ્યાસ માટેના પ્રશ્નો આપવામાં આવ્યા છે, જે ઘેરથી અથવા વર્ગમાં બેસી કરાવી શકાય. આ પ્રશ્નોમાં વિષય-વસ્તુ કરતાં તે પાઠમાં રજૂ થયેલ વાક્યરચના ઉપર વધુ ભાર મુકાયો છે. પાઠમાં આવતા શબ્દોની યાદી પાઠોને

અંતે મૂકવામાં આવી છે. પણ લેખિત અભ્યાસ કરાવતાં પહેલાં આ પાઠોને કેવી રીતે રજૂ કરવા તેની રૂપરેખા આપવી અયોગ્ય નહીં ગણાય. આ દરેક પાઠમાં જે વસ્તુઓ ધ્યાનમાં રાખવાની છે તે આ પ્રમાણેની છે :

૧. આ પુસ્તક પહેલાં બાળકો ગુજરાતી લિપિ-લેખન અને વાંચન શીખી ચૂકયાં છે એમ માનીને ચાલવાનું છે.

૨. આ આખું પુસ્તક અઠવાડિયાના ૪૦ મિનિટના ત્રણ વર્ગોને આધારે ૬૦ કલાકના અભ્યાસ માટે તૈયાર કરવામાં આવ્યું છે.

૩. વર્ગના વિદ્યાર્થીઓની આવડતને ધ્યાનમાં રાખી પાઠ એક, બે કે ત્રણ પિરિયડ સુધી ચાલી શકે. દા. ત. મધ્ય પ્રદેશ ને રાજસ્થાનનાં બાળકો માટે પ્રથમ પાઠો સરળ અને સહેલા થઈ પડે ને તેઓ દિવસનો એક પાઠ, એ રીતે આગળ વધી શકે. પણ ઓરિસા, આસામ વગેરેનાં બાળકોને એમાં વાર પણ લાગે. અને લિંગ-વચનવાળા પાઠોમાં બે કે ત્રણ દિવસ પણ લે. એટલે સમયમાં વર્ગના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી થોડા ફેરફાર કરી શકો.

૪. દરેક પાઠને રજૂ કરતાં પહેલાં શિક્ષકે વાંચન કરવું. પછી બાળકો પાસે કરાવવું.

૫. અઘરા શબ્દોના અર્થ બને તો હાવ-ભાવથી કે વસ્તુ બતાવી શીખવવા. તેમને અંતે આપેલી શબ્દોની યાદીમાંથી શબ્દો જોતાં શીખવવું. એ રીતે તેમને શબ્દકોશ જોવાની આદત પડશે.

૬. વાંચન પછી પાઠમાં આવેલ શૈક્ષણિક મુદ્દાઓને એક પછી એક લેવા.

૭. દરેક મુદ્દાનો જુદી જુદી રીતે મૌખિક રૂપે અભ્યાસ કરાવવો. તે માટે આ જાતની ડ્રીલ કરાવી શકો.

૧. **Repetition Drill** : તમે જે કહો તે તમારા વિદ્યાર્થીઓ ફરી બોલે. દા. ત. પેલો પંખો છે. પેલી બારી છે. પેલા મારા બાપુજી છે. વગેરે....

૨. **Substitution Drill** : તમે રચના બતાવ્યા પછી શબ્દ આપો ને તેઓ આખા વાકયમાં જવાબ આપે. દા. ત. આ **ઘર** છે. (ખુરશી, મેજ)

૩. **Multiple substitution Drill** : ઉપરની જેમ ખાલી જગ્યા પૂર્તિ કરવાની હોય સાથે તેમાં થોડા ફેરફાર પણ થતા હોય. દા. ત. પેલો **પંખો** છે. (પંખાઓ) પેલા પંખાઓ છે.

૪. **Additive Drill** : જુદાં જુદાં વાકયોમાં એક જ શબ્દ ઉમેરી નવાં વાકયો બનાવો.
દા. ત. પેલું (   ) ઘર છે.
(   ) પાટિયું છે.
(   ) ડસ્ટર છે.

૫. **Build up Drill** : એક કે બે શબ્દોમાંથી જેટલું મોટું બનાવી શકાય એટલું મોટું વાકય, ચાલી ગયેલા અંશને આધારે બનાવવું.

દા. ત. ઝાડ છે.
મોટું ઝાડ છે.
ઘણું મોટું ઝાડ છે.
બાગમાં ઘણું મોટું ઝાડ છે.
મારા બાગમાં ઘણું મોટું ઝાડ છે. વગેરે....

૬. Join the Sentences : આપેલાં વાક્યોને કહ્યા પ્રમાણે જોડવાં.
દા. ત. આ ખુરશી છે.
આ મેજ છે. (અને)
આ ખુરશી અને મેજ છે.

૭. Transformation Drill : જેમાં એક પ્રકારનાં વાક્યોને બીજા પ્રકારમાં ફેરવવાનું કહી શકાય.

દા. ત. આ પંખો છે. આ શું છે?
આ પંખો છે. આ પંખાઓ છે.
આ પંખો છે. પેલો પંખો છે.
મારું નામ.... તારું નામ.... વગેરે....

૮. Question/Answer Drill/Response Drill : પ્રશ્ન પૂછો અને તેના ઉત્તર માટે શબ્દ આપો. પછી બાળકો પાસે આખા વાક્યમાં ઉત્તર માંગો.
દા. ત. પેલી ખુરશી ક્યાં છે? (વર્ગમાં)
પેલી ખુરશી વર્ગમાં છે. વગેરે....

૯. Completion Drill : અધૂરાં વાક્યો આપી તેની પૂર્તિ કરાવવી.
દા. ત. આ ખુરશી છે અને પેલી (ખુરશીઓ છે.)
આ મેજ છે અને પેલાં ( ) વગેરે....
આમ વિવિધ જાતના મૌખિક અભ્યાસ પછી બાળકોને લેખિત અભ્યાસ કરાવવો.

૮. પાઠોને આપેલા ક્રમમાં જ શીખવવા.

૯. પાઠો સાથે જે ૬ કવિતાઓ આપી છે તે સસ્વર શુદ્ધ ઉચ્ચારણ સાથે બોલવા અને ગાવા માટે છે. અર્થ અને વ્યાકરણની નજરે શીખવવા માટે નહીં.

૧૦. આ પુસ્તક શીખવતી વખતે જરૂર જણાય ત્યાં શૈક્ષણિક સાધનો વાપરવાં.

૧૧. પાઠમાં ભાષા-રચનાની સાથે વિષય ઉપર પણ ધ્યાન રાખવું અને તેમાં આવતી વાતો જો તમારા પ્રાંતથી જુદી હોય, સમાન હોય કે નવી હોય તો તેની પણ ચર્ચા કરવી અથવા તે તરફ બાળકોનું લક્ષ દોરવું. દા. ત. હિન્દીમાં હમ નો વિશેષ પ્રયોગ, કે આપ અને તુમ નો પ્રયોગ ગુજરાતીમાં જુદી રીતે છે. એવી જ રીતે અમે અને આપણેનો ભેદ હિન્દીમાં નથી. એ જ રીતે ભાઈ, બહેન કહી ગુજરાતીમાં વ્યક્તિને થતું સંબોધન. આવી વાતો તરફ બાળકોનું ખાસ ધ્યાન ખેંચવું. પોતાના પ્રાંતની વાતો સાથે ગુજરાત પ્રાંતની વાતો કરી આ જ પાઠોને વધુ રોચક રીતે રજૂ કરવા.

હવે દરેક પાઠ વિશેની ટૂંકમાં ચર્ચા કરીએ.

આગળ કહી ગઈ એમ બાળકો ગુજરાતી લખતાં-વાંચતાં શીખી ગયાં છે એમ માનીને આ પુસ્તક શરૂ કરવાનું છે. એટલે આ પુસ્તકની શરૂઆત 'મારું પાનું'થી કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ ગુજરાતીમાં લખતાં-વાંચતાં જાણે છે એટલે શિક્ષકે આ પાનની ખાલી જગ્યાઓ ભરવામાં મદદ કરવી. સાથે તે જ વાકયોને વંચાવવાં અને તેમાં આવેલ નવા શબ્દોનો અર્થ બતાવવો. તેમની પાસે એક વાકયને આધારે બીજાં ત્રણ-ચાર વાકયો બનાવડાવવાં. પણ ધ્યાનમાં રાખવું કે વ્યાકરણ-ચર્ચા કયાંય ના થાય.

'મારું પાન' પછી એક સમૂહપ્રાર્થના રાખવામાં આવી છે. આ પ્રાર્થના પ્રશ્નોત્તર માટે નથી. પણ ગુજરાતીનાં શુદ્ધ ઉચ્ચારણો સાથે વર્ગની શરૂઆત કરતાં પહેલાં વર્ગમાં સસ્વર ગાવા માટે છે. દરેક શાળામાં જેમ પહેલાં પ્રાર્થનાગીત અને પછી વર્ગો શરૂ થાય છે તેમ ગુજરાતીના વર્ગો પણ આ પ્રાર્થનાથી શરૂ થાય એવી અપેક્ષા છે..

પાઠ ૧ :

પ્રાર્થના પછી પાઠ્યપુસ્તકનો પ્રથમ પાઠ શરૂ થાય છે. આ પાઠમાં 'કોણ' પ્રશ્ન-વાચક અને 'આ------છે'. વાકયરચનાને લેવામાં આવી છે. સાથે 'અને' અને 'બંને'નો ઉપયોગ પણ બતાવ્યો છે.

દરેક ભાષામાં 'કોણ' પ્રશ્નનો ઉત્તર ઘણી રીતે મળી શકે છે. પણ અહીં તેમાંથી ત્રણ સરળ અને સમજી શકાય તેવા ઉત્તરો લીધા છે. એક છે જાતિની ઓળખ (છોકરો, છોકરી), બીજું છે નામની જાણકારી (કિરણ, તરુણ) અને ત્રીજો એકબીજા સાથેનો સંબંધ (ભાઈઓ).

આ પાઠને માર્ગદર્શક ગણી, વર્ગના વિદ્યાર્થીઓની એકબીજા સાથે ઓળખ કરી પ્રશ્નોત્તરી કરાવવી.

આ પાઠમાં શૈક્ષણિક મુદ્દાઓને આ પ્રમાણે ગોઠવી શકાય :

૧. આ કોણ છે? આ છોકરો છે.
આ કિરણ છે.
આ કિરણ અને તરુણ છે.
કિરણ અને તરુણ બંને ભાઈઓ છે.

૨. છોકરો, છોકરી, ભાઈ, મિત્ર વગેરેનાં બહુવચનનાં રૂપો લેવાં પણ તેની વ્યાકરણિક ચર્ચા કરવી નહીં.

૩. મૌખિક અભ્યાસમાં
૧. વાકયોને ફરી બોલો.
૨. નામ આપી પૂરું વાકય બનાવો.
(રમા – આ રમા છે.)
૩. એકવચનના વાકયને બહુવચનમાં ફેરવો.
૪. બહુવચનના વાકયને એકવચનમાં ફેરવો.
૫. વાકયોને 'અને' સાથે જોડો.
૬. વાકયોમાં 'બન્ને'નો ઉપયોગ કરો.

વગેરે જાતનાં વાકયો બોલાવી રચના પાકી કરાવવી, ત્યાર બાદ સુવિધા મુજબ વર્ગમાં કે ગૃહકાર્યના રૂપે લિખિત રૂપમાં અભ્યાસના પ્રશ્નો કરવા આપવા.

પાઠ ૨ :

આ પાઠમાં 'શું' સાથે વર્ગની થોડી વસ્તુઓ લીધી છે. વાકયરચના પહેલા પાઠ પ્રમાણે જ છે. એકવચન–બહુવચન ઉપર જરા વધુ ભાર મૂકયો છે. એ સાથે ફક્ત 'વર્ગમાં' શબ્દને ધ્યાનમાં રાખી 'કયાં'નો ઉપયોગ લીધો છે, તે લક્ષમાં રાખવું. એના આધારે ઘર, ઑફિસ જેવા શબ્દો અભ્યાસ માટે લઈ શકો છો. પણ ઓરડો જેવા નહીં.

આ પાઠમાં શૈક્ષણિક મુદ્દાઓ છે :

આ શું છે?   આ ખુરશી છે.
આ ખુરશીઓ છે.
આ પંખો અને આ નકશો છે.
આ બારીઓ અને આ બારણાંઓ છે.
આ ખુરશી કયાં છે? આ ખુરશી વર્ગમાં છે.

પહેલા પાઠમાં બતાવ્યા પ્રમાણે આ પાઠ રજૂ કરતાં તેમાં આવેલ વાકયોનો પણ જુદી જુદી રીતે મૌખિક અભ્યાસ કરાવવો. તે પછી લેખિત અભ્યાસ આપવો. આ પાઠમાં એ ધ્યાન ખેંચવું જરૂરી છે કે પ્રશ્ન એક જ જાતનો હોવા છતાં ઉત્તર એકવચન અથવા બહુવચનમાં મળી શકે છે. વર્ગની ગ્રહણશક્તિના આધારે, ફૂટપટ્ટી, રબ્બર, નોટબુક, કાગળ એવા શબ્દો અભ્યાસમાં ઉમેરી શકો છો.

પાઠ ૩ :

આ પાઠમાં **'પેલું'** અને ગીતા–**નું** એ શબ્દો પર ભાર મૂકવામાં આવ્યો છે. આ પાઠની રજૂઆત નીચે આપેલા ક્રમમાં કરવી.

૧. પેલો...........છે. (બહુવચન)

૨. પેલી...........છે. (બહુવચન)

૩. પેલું...........છે. (બહુવચન)

૪. પેલું શું છે?   પેલો...........છે.
પેલી...........છે.
પેલું...........છે.

૫. પેલું કોણ છે?   પેલો...........છે.
પેલી...........છે.
પેલું...........છે.

૬. પેલો કોનો...........(બહુવચન)
પેલી કોની...........(બહુવચન)
પેલું કોનું...........(બહુવચન)

આ સાથે આગલા પાઠમાં ચાલી ગયેલ 'અને' અને 'બન્ને' સાથે પણ અભ્યાસ કરાવવો. 'પેલું'ની સરખામણી તમારી ભાષામાં આવતાં પરિવર્તનીય શબ્દો સાથે કરી શકો છો. વધારામાં 'પેલાં'ના જુદા જુદા પ્રયોગ પણ જણાવવા. આ પાઠમાં બને તો વધુ શબ્દો ન લેતાં, આગલા પાઠમાં ચાલી ગયેલા શબ્દો, વધારાના અભ્યાસ માટે લેવા. 'નું' હિન્દીના કા/કી ની જેમ જે નામ સાથે જોડાય છે તે પ્રમાણે ન ચાલતાં તેના પછી આવતા નામ પ્રમાણે ચાલે છે તે લક્ષમાં લેશો. દા. ત. ગીતાની ઓરડી, ગીતાનો પંખો, ગીતાના નકશાઓ વગેરે.

પાઠ ૪ :

આ પાઠથી વિશેષણોના પ્રયોગ સાથે 'અમારો', 'તારો' સાર્વનામિક વિશેષણનો ઉપયોગ કર્યો છે. શબ્દોમાં ઝાડ અને ફૂલ લીધાં છે. વાક્યરચના આગળ ચાલી ગયા પ્રમાણે છે. પણ 'આહા!, અરે!, કેવું સુંદર છે!' એવા ઉદ્‌ગારો પણ લીધા છે. થોડાં લગભગ એક-સરખો અર્થ વ્યક્ત કરતાં વિશેષણો પણ લીધાં છે જેવાં કે ધોળું–સફેદ, લીસું–સુંવાળું વગેરે. આ પાઠને નીચેના ક્રમમાં લેવો.

૧. પેલો અમારો...........છે.
   પેલી અમારી...........છે.
   પેલું અમારું...........છે.

૨. પેલો તારો...........છે.
   પેલી તારી...........છે.
   પેલું તારું...........છે.

૩. પેલો મજાનો...........છે. (મજાની, મજાનું)

૪. પેલો ઊંચો...........છે. (ઊંચી, ઊંચું)

૫. કેવું સુંદર ફૂલ! (કેવાં, કેવી....)

૬. પેલો કોનો...........છે? (પેલી, પેલું....)

શક્ય જણાય તો તમારા પ્રાંતમાં ઊગતાં ઝાડો અને ફૂલોનાં થોડાં નામો ઉમેરવાં.

પાઠ ૫ :

આ પાઠમાં નવા શબ્દો સાથે ક્રિયાવિશેષણોનો પ્રયોગ લીધો છે. વાક્યરચના હજુ એની એ જ છે. ક્રિયાવિશેષણ સાથે નામમાં થતા ફેરફાર તરફ બાળકોનું ધ્યાન દોરવાનું છે. (ફુવારો, ફુવારાનો હોજ, દેડકો, દેડકા આકારની.... વગેરે) બીજું, હોજની અંદર, બાગની વચ્ચે, પાણીમાં, હોજથી થોડે દૂર, આમાં ની, માં, થી ના પ્રયોગને લક્ષમાં રાખી શીખવવા. આ પાઠમાં 'મારું' ઉપર ધ્યાન અપાયું છે. સાથે 'નથી'નો પ્રયોગ પણ લીધો છે. આ પાઠની રજૂઆત આ ક્રમમાં કરવી :

૧. પેલો મારો...........છે. (મારી, મારું)

૨. બાગની વચ્ચે...........છે. (અંદર, આગળ...)

૩. હોજથી થોડે દૂર...........છે. (ઝાડથી, ઘરથી.....)

૪. બાગમાં...........છે. (ઘરમાં, વર્ગમાં.....)

૫. છે..... નથી.

બાગને લગતા બીજા શબ્દો, અથવા પહેલાં આવી ગયેલાં ઝાડ-ફૂલનાં નામો સાથે આ વાક્યોનો અભ્યાસ કરાવી શકાય. વર્ગમાં કોણ-ક્યાં છે? તે જણાવતાં આ વાક્યોનો અભ્યાસ કરાવી શકાય. દા. ત. મંજુ ગંગાની આગળ છે. ગંગા રમણની પાસે છે. મેજ ખુરશીની આગળ છે. વર્ગમાં વચ્ચે પંખો છે. વગેરે......અંતે પાઠમાં આવતાં સર્વનામ 'તે' નો પ્રયોગ લેવો. દા. ત. પેલો બાગ છે. તે મોટો છે.

તેમાં ફુવારો છે. તેની અંદર માછલીઓ છે. વગેરે......

પાઠ ૬ :

આ પાઠમાં 'સમય' લેવામાં આવ્યો છે. સાધારણ રીતે સમય કલાકમાં, મિનિટમાં અને 'પોણો વાગ્યો છે' એવાં જુદાં જુદાં વાક્યો દ્વારા કહી શકાય છે. લિપિલેખન-વાંચન વખતે બાળકો અંકો ને અપૂર્ણાંકોથી પરિચિત થઈ ગયાં છે એવી અપેક્ષા છે. એટલે શબ્દોની નજરે આ પાઠમાં કાંઈ નવું નથી. હા, પુનરાવર્તન જરૂર છે. પણ કાંટાની સ્થિતિ કેવી રીતે બતાવાય અને સમય કઈ રીતે કહેવાય તે અહીં જણાવવામાં આવ્યું છે. સાધારણ રીતે ૮મા, ૯મા ધોરણના બાળકો પોતાની-માતૃભાષામાં ઘડિયાળ જોઈ સમય જોતાં જાણે છે. એટલે આ પાઠ તેમને અઘરો નહીં પડે. વાક્યરચનામાં 'કેટલા વાગ્યા'નો ઉમેરો કર્યો છે. બાકી આગલા પાઠોમાં ચાલી ગયેલી રચના જ લીધી છે. આગલા પાઠમાં **તે** અને **તેમાં** લીધું હતું. હવે **એ** અને **એમાં** લીધું છે. પાઠના આધારે ક્રમવાર સમય પૂછી શકો છો. નવા શબ્દોમાં **મિનિટ** માટે અંકો લઈ શકો છો. જોકે પાઠ **૧૫** મિનિટના પડતા ભાગને જ રજૂ કરે છે, પણ **પાંચમાં પાંચ મિનિટ બાકી છે. દસ વાગીને પાંચ મિનિટ** થઈ છે, એવી રચના તમારા બાળકો માટે માતૃભાષાને લીધે સહેલી જણાય કે આવડતી હોય તો લઈ શકો છો. આ પાઠની રજૂઆત માટે તમારી શાળામાં શૈક્ષણિક સાધનોમાં ઘડિયાળ હોય તો તેનો ઉપયોગ કરવો અથવા બોર્ડ પર ચિત્ર દોરવું. અઢી (૨॥) પછી દરેક અપૂર્ણાંક નિયમિત છે. (સાડા ત્રણ, સાડા ચાર.....) અને કૈને અડધું ન કહેતાં **સાડા** કહે છે તે ભૂલવું નહીં.

પાઠ ૭ :

આ પાઠમાં ફળ, થોડાં વિશેષણો, તારું-મારું સાર્વનામિક વિશેષણો, અને આજ્ઞાર્થક સાદી વાક્યરચના લેવામાં આવ્યાં છે. એ સિવાય કયું ફળ ક્યાંનું વખણાય એ માહિતી આપી છે. એને તમે વધારી શકો. આગળ અપૂર્ણાંકો આવ્યા તો અહીં વજન, નંગ પ્રમાણે ગણતરી લીધી છે. ડઝન અને કિલોનો ભેદ તો બાળકો જાણતાં જ હશે. છતાં તેઓને તે ગુજરાતીમાં પણ જણાવવો. એ જ રીતે 'કેટલું'નો એકવચન, બહુવચનમાં પ્રયોગ શીખવવો.

'શું આપું?' અને 'શું શું આપું?' એ બે વચ્ચેનો તફાવત પણ સ્પષ્ટ કરવો. પાઠની રજૂઆત આ ક્રમમાં કરવી :

૧. દુકાનમાં શું શું છે?

૨. દુકાનમાં..................................છે.

૩. ૧૨ કેરીઓ એટલે એક ડઝન કેરીઓ..............

૪. કેટલી કેરીઓ આપું? (કેટલાં, કેટલા)

પાંચ કિલો આપ.................

૫. ચીકુ કેટલું મીઠું છે..............

આ પાઠના આધારે, વર્ગમાં, ઘરમાં, બાગમાં શું શું છે તે અભ્યાસ માટે લઈ શકાય. તમારા પ્રાંતમાં થતાં બીજાં ફળો કે જાણીતી વસ્તુઓ અભ્યાસના રૂપમાં લઈ શકાય.

પાઠ ૮ :

આ પાઠમાં શરીરની સ્વચ્છતા સાથે આજ્ઞાર્થક વાક્યરચના લીધી છે. એમાં તું અને તમે બંને સાથે ઉપયોગ બતાવ્યો છે. ઉપરાંત સાફ છે, સાફ નથી, ના રાખ, ના રાખો રચના પણ લીધી છે. સમયની નજરે સવારે, સૂતાં પહેલાં, જમ્યા પછી વગેરે પ્રયોગો લીધા છે. આ પાઠની રજૂઆત આ ક્રમમાં રાખી શકાય :

૧. શું.................સાફ છે?

૨. હા.................સાફ છે.

ના ....સાફ નથી.

૩. તું.................રાખ.

તમે.................રાખો.

૪. જમ્યા પહેલાં..............

૫. જમ્યા પછી..............

૬. તું.................ના રાખ.

તમે.................ના રાખો.

આ પાઠમાં લગભગ બધાં સાર્વનામિક વિશેષણોનો ઉપયોગ કરી શકાય છે. આ પાઠના આધારે આગલા પાઠના શબ્દો લઈ સાફ રાખો, સ્વચ્છ રાખો, ગંદા ના રાખો, વગેરેનો અભ્યાસ કરાવી શકો છો. નવા શબ્દો લેવાની જરૂર નથી. ક્રિયાપદમાં જો–જુઓ, ધો–ધુઓ, આવાં થોડા ફેરફારવાળાં રૂપોનું ધ્યાન રાખવું.

પાઠ ૯ :

આ પાઠમાં ગુજરાતીમાં વપરાતાં બીજી જાતનાં આજ્ઞાર્થક વાક્યો લેવામાં આવ્યાં છે. એની રચના ભવિષ્યકાળની ગણાય છે. તે 'તું' અને 'તમે' સાથે જ વપરાય છે. આ રચના આજ્ઞાર્થક સાથે સલાહસૂચન કે વિનંતીનો ભાવ પણ દર્શાવે છે. આ જ રચના સાથે 'ના'નો પ્રયોગ અને નામ સાથે થી નો પ્રયોગ લીધો છે. શબ્દો થોડા નવા અને થોડા આગલા પાઠમાં ચાલી ગયેલા છે. આ પાઠની રજૂઆત આ ક્રમમાં કરવી :

૧. તું/તમે/તમે સૌ...............અહીં આવ/આવો.

૨. તું તારું શરીર...............સ્વચ્છ રાખ. (તમે, તમે સૌ)

૩. તું.....................સંભાળજે (તમે, તમે સૌ)

૪. તું તારા................ચોખ્ખા રાખજે. (તમે, તમે સૌ)

૫. ટુવાલથી......................લૂછજે/લૂછજો.

૬. ભીના ટુવાલથી................ના લૂછજે/લૂછજો.

આ જ વાક્યોને સૂતાં પહેલાં, જમ્યા પહેલાં વગેરે સાથે લઈ શકાય છે. જરૂર જણાય તો ઘર, વર્ગ, બાગ વગેરેની વસ્તુઓનો અભ્યાસ આવાં વાક્યો દ્વારા કરાવી શકાય.

બધું સાફ રાખજો. ખુરશી ઉપર બેસજો.

ઘરમાં ગંદું ના કરશો. નીચે ના બેસશો.

બાગમાં કચરો ના નાખશો...........વગેરે...........

ધ્યાન રાખજો, નકાર સાથે –શ–વાળું રૂપ વપરાય છે ને હકાર અથવા સાદા વાક્યમાં –જ–વાળું રૂપ વપરાય છે.

પાઠ ૧૦ :

આ સંવાદમાં ટેલિફોન ઉપરની વાતચીત દ્વારા સર્વનામનો છે સાથેનો પ્રયોગ લેવામાં આવ્યો છે. વાક્યરચના ચાલી ગયેલી છે. તેની રજૂઆત વાતચીતના રૂપમાં કરવામાં આવી છે. એટલે પાઠની રજૂઆત આમ કરવી :

૧. હું...........છું. અમે...........છીએ.

૨. તું...........છે. તમે...........છો.

૩. તે...........છે. તેઓ...........છે.

૪. હું...........છું ? (અમે, તું, તમે, તે, તેઓ)

૫. હું તારો દીકરો છું. (અમે, તું..............)

૬. હું...........નથી. (અમે, તું...........)

આ પાઠ બાળકો ભજવી શકે છે. એના આધારે નવાં પાત્રો અને વિષય લઈ આ જ વાક્યરચનાઓ દ્વારા વધુ અભ્યાસ કરાવી શકાય.

પાઠ ૧૧ :

આ પાઠમાં સર્વનામનો મુખ્ય ક્રિયાપદ સાથે ઉપયોગ બતાવ્યો છે. સાધારણ રીતે આ રચના થયેલી ક્રિયાઓને, કે રોજ થતી ક્રિયાઓને ક્રમવાર વર્ણવવા માટે વપરાય છે. અહીં મુખ્ય ક્રિયાપદ સર્વનામ પ્રમાણે ચાલે છે. વાક્યમાં **તો**, **એટલે**, **પછી**, સાથે, **શા માટે** પણ લેવામાં આવ્યા છે. તેની રજૂઆત આ ક્રમમાં કરવી :

૧. હું ઊઠું (અમે, તું, તમે, તે, તેઓ, બાળક, બાળકો)

૨. હું તો.............(અમે, તમે.............)

૩. પછી હું..........કરું. (અમે, તમે.............)

૪. હું શું કરું? (અમે, તમે.............)

૫. હું શા માટે કરું? (અમે, તમે..............)
૬. ....એટલે..............
૭. ....ના..............

આ પાઠમાં આપેલાં ક્રિયાપદો સિવાય આગલા પાઠમાં ચાલી ગયેલાં ક્રિયાપદો પણ અહીં અભ્યાસ માટે લેવાં.

એ સાથે અરે એ રમણ! ઊંહ, સારુ...........વગેરે આશ્ચર્ય, નકાર, સંમતિ બતાવનારા શબ્દોનો અભ્યાસ કરાવવો. ધીરે ધીરે વિશેષણની જેમ ક્રિયાપદમાં સમાનાર્થી ને વિરુદ્ધાર્થી શબ્દો લેવા.

દા. ત. કાળું : ધોળું
આવ : જા
વહેલું : મોડું વગેરે...........

બાળકોને રૂપ ચાલે છે તે પ્રમાણે જ ક્રિયાપદો પૂછવાં (કર, કરો, કરજો, વગેરે). શબ્દ-કોશમાં અપાતા શબ્દો (કરવું, ખાવું) ના આપવા. આગલા પાઠમાં પાણીથી, ટુવાલથી... એવી રીતે –થી નો પ્રયોગ લીધેલો. આ પાઠથી સર્વનામની સાથે–થી નો ઉપયોગ શરૂ થાય છે. તે પણ સીમિત રૂપમાં તે ધ્યાનમાં રાખવું.

પાઠ ૧૨ :

આ પાઠમાં સાદા વર્તમાનકાળની રચના લેવામાં આવી છે તે પણ ત્રીજા પુરુષ સાથે અને રોજની થતી ક્રિયાઓ વર્ણવવા માટે શબ્દો નવા છે. તેઓ સાથે પોતે નો ઉપયોગ અને ક્યારે અને કોને ઉપર ભાર દેવામાં આવ્યો છે. ક્રિયાપદો ખાસ નવાં નથી. ગયા પાઠની રચનાને (મુખ્ય ક્રિયાપદ) **છે** લગાવતાં આ રચના બને છે. **સુધીનો** પ્રયોગ સમય સીમા બતાવે છે.

પાઠને આ રીતે રજૂ કરવો :

૧. કાકા.................ઊઠે છે. (ખેતરે...........હળ છોડે)
૨. કાકા ક્યાં.................?
૩. ....શું...............?
૪. ....ક્યારે..............?
૫. ....સુધી..............?
૬. ....ક્યાં સુધી..............?
૭. પોતે....................કરે છે.
૮. પોતાનું.................કરે છે.

આ સાથે પાઠમાં બપોરાં, વાળું, ભાથું, જેવા શબ્દો લીધા છે જે ગ્રામજીવનમાં વધુ લાગુ પડે છે.

પાઠ ૧૩ :

આ પાઠમાં સાદા વર્તમાનકાળની રચના બધાં સર્વનામો સાથે ચાલી રહેલી ક્રિયાના અર્થમાં લીધેલી છે. એ સાથે 'કયું', 'કેમ', પ્રશ્નવાચક શબ્દોનો ઉપયોગ લીધો છે.

આની રજૂઆત આ ક્રમમાં કરવી :

૧. હું...............વાંચું છું. (અમે, તું, તમે...........)

૨. હું ક્યો............છું? (ક્યા, કઈ, ક્યું...........)

૩. હું ક્યો...............છું? (અમે, તમે..............)

૪. હું કેમ...............છું? (અમે, તમે...........)

૫. શું, હું વાંચું? (અમે, તમે...........)

આ પાઠમાં પણ મોટા ભાગનાં ક્રિયાપદો પહેલાં આવી ગયેલાં છે. છતાં જરૂર જણાય તો નવાં ઉમેરવાં. અમે અને આપણે નો ભેદ અહીં સ્પષ્ટ કરવો.

અમે – હું, તેઓ...........(તું/તમે નહીં.)

આપણે – હું, તું, તમે, તેઓ...........વગેરે બધાં...........

પાઠ ૧૪ :

આ પાઠમાં ત્રણચાર વાતો ઉપર ભાર મૂક્યો છે.

૧. –વાળું (–વાળો વગેરે).

૨. –નારું (–નારો.....વગેરે)

૩. જળચર, ખેચર, વગેરેનો ઉપયોગ

૪. બેપગાં, ચારપગાં...........વગેરેનો ઉપયોગ

૫. ઊડતું ઊડતું, તરતું તરતું...........વગેરેનો ઉપયોગ

૬. રૂણઝૂણ, તબડાક................નો ઉપયોગ

આ બધાંનો ઉપયોગ કહે છે અને કહેવાય સાથે સાદાં અને પ્રશ્નવાચક વાક્યોમાં કરાવવાનો છે.

આ પાઠના આધારે બીજા નવા શબ્દો લઈને અભ્યાસ કરાવી શકાય. અંતે નથી સાથે વાક્યો લેવાં જેમાં મુખ્ય ક્રિયાપદ લિંગ–વચન બતાવે છે. દા. ત. કહેતી નથી, કહેતો નથી. વગેરે........

પાઠ ૧૫ :

આ પાઠમાં છે નથી સાથે મારે નો પ્રયોગ, જેમ નો પ્રયોગ અને જે......તે વાળી વાક્યરચના લીધી છે. આ વાક્યોમાં ક્રિયાપદ કર્મ પ્રમાણે ચાલે છે તે ધ્યાનમાં રાખવાનું છે. ક્રિયાપદો આગળના પાઠમાં આવેલાં છે. તેમ જ થોડાં નવાં પણ છે. આ સાથે ભારત દેશના પ્રાંતો વિશેની માહિતી આપવામાં આવી છે. તે માટે પુસ્તકના દ્વિતીય પૃષ્ઠ પર આપેલ ભારતના નકશાનો ઉપયોગ કરવો, નહીં તો છાપેલા નકશાનો.

પાઠના શૈક્ષણિક મુદ્દાઓ આ ક્રમમાં લેવા :

૧. મારે...........વાંચવી છે. (વાંચવું, વાંચવી.............)

૨. મારે...........વાંચવી નથી. (વાંચવું, વાંચવા)

૩. મારે...........(અમારે, તારે..............)

૪. મારે શું.............વાંચવું નથી? (અમારે, તારે...........)

૫. રોજની જેમ..............

૬. જો..............તો.

૭. સરસ, પહેલાં, બસ બસ, બધાં એકસાથે વગેરે શબ્દોનો પ્રયોગ........

જરૂર જણાય ત્યાં આગલા પાઠના શબ્દો અને વાક્યોનો પણ ઉપયોગ કરવો.

પાઠ ૧૬ :

આ પાઠમાં એક વાર્તા વર્ણવવામાં આવી છે જેમાં આગળ ચાલી ગયેલાં વર્તમાનકાળનાં વાક્યો લીધાં છે. પણ આવેલા શબ્દો નવા છે. આ પાઠમાં જ્યારે...........ત્યારે સાથેની વાક્યરચના સાથે જેવો, પહેલો, બીજો, ત્રીજો, એવા શબ્દો પણ છે. તેનો ઉપયોગ કરાવવાનો છે. તે જ રીતે આવા શબ્દો સાથે ભાર મૂકવા માટે –ય જોડાય છે તેનો પણ અભ્યાસ કરાવવાનો છે. આ પાઠના શૈક્ષણિક મુદ્દાઓને આ ક્રમમાં લઈ શકાય :

૧. આ ચારેય મિત્રો છે. (પાંચેય, બન્નેય......)

૨. વર્ગમાં પહેલો વિદ્યાર્થી (પહેલી, પહેલા)

૩. કોઈ વાર અમે..............(હું, તમે...........)

૪. પણ તે પાછો ઘેર આવે. (પાછી, પાછા......)

૫. એક વાર.............(બે વાર, ત્રણ વાર.........)

૬. સૂપડા જેવો કાન (જેવી, જેવા.........)

૭. જ્યારે..............ત્યારે..............

આ પાઠમાં ક્યાં સાથે ય લાગતાં તે નકારનો અર્થ દર્શાવે છે. ઉકારાંત અને ઓકારાંત શબ્દોને કંઈ પણ લગાડતાં તે આકારાંત થઈ જાય છે તે તો આપણે જોઈ ગયાં છીએ તો તેને ધ્યાનમાં રાખવું.

દા. ત. બીજાનો હાથ	બીજાના હાથમાં
છેલ્લાનો હાથ	છેલ્લાના હાથમાં

પાઠના અંતે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો બાળકો પાસે મેળવવા. ના આવડે તો તમારે જવાબ આપી સમજાવવા.

પાઠ ૧૭ :

આ પાઠમાં ક્રિયાપદોનો ભવિષ્યકાળમાં ઉપયોગ દર્શાવ્યો છે. થોડા શબ્દો નવા છે. બધાં સર્વનામો સાથે રચના લીધી હોવાથી ભણાવતી વખતે આગળ બતાવેલા પાઠો પ્રમાણેનો જ ક્રમ અપનાવવો. સાથે, ખાવું, પીવું, લેવું, દેવું જેવાં ક્રિયાપદોના ફેરફાર પામતાં રૂપોનું ધ્યાન રાખવું. આના આધારે બાળકો પાસે નાનાં નાનાં વાક્યોમાં વર્ણન અથવા સંવાદ તૈયાર કરાવવા. **આવીશ ને! કોણ કોણ** જેવા પ્રયોગનો પણ અભ્યાસ કરાવવો.

પાઠ ૧૮ :

આ પાઠમાં ભવિષ્યકાળની **નહીં** સાથેની રચના લેવામાં આવી છે. તે માટે ગાંધીજીનું પ્રિય રમકડું 'ત્રણ વાંદરાંઓ' લીધું છે. બાળકોને તે વિશેની માહિતી આપ્યા બાદ પાઠ વંચાવશો તો તે શીખવા–શીખવવામાં વધુ સરળ થઈ પડશે. આ પાઠના આધારે આગલા પાઠમાં આવી ગયેલાં ક્રિયાપદોનો પણ ઉપયોગ કરાવવો. સાથે **કેવું** નો પ્રયોગ જુદી રીતે આવ્યો છે તે પણ સમજાવી શીખવવો. હસતો રહીશ, ગાતો રહીશ, કરતો રહીશ, કરતી રહીશ વગેરે પ્રયોગો પણ શીખવવા. આ પાઠને આધારે બાળકોની પસંદગી, નાપસંદગી, કરવાની, નહીં કરવાની – બાબતોને પણ લઈ શકાય.

પાઠ ૧૯ :

આ પાઠમાં ભૂતકાળનાં સરળ વાક્યોને એક વર્ણનાત્મક વાર્તા દ્વારા રજૂ કરવામાં આવ્યાં છે. અહીં સકર્મક ક્રિયાપ્રયોગને ટાળ્યો છે. તમારે પહેલાં ક્રિયાનાં ભૂતકાળનાં રૂપો શીખવવાં. (પુંલ્લિગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગમાં) પછી તેનો ઉપયોગ વાક્યમાં લેવો.

૧. દા. ત. બોલ્યો　　બોલ્યા
　　બોલી　　બોલી
　　બોલ્યું　　બોલ્યાં

૨. રમેશ બોલ્યો
　　ગીતા બોલી
　　છોકરું બોલ્યું

૩. બીજી બકરી બોલી
　　પહેલો કૂતરો બોલ્યો વગેરે......

આ જ વાક્યોને નકાર સાથે (ના) પણ લેવાં. સાથે આવેલાં નવાં **વિશેષણોનો** અભ્યાસ પણ કરાવવો. શક્ય હોય તો આ જ વાર્તાને સંવાદરૂપે પણ લેવી અથવા બાળકોના શબ્દોમાં સરળ કરી વર્તમાનકાળમાં કે ભવિષ્યકાળમાં પણ કરાવવી.

પાઠ ૨૦ :

આ પાઠમાં ભૂતકાળનાં સકર્મક – અકર્મક બંને પ્રકારનાં વાક્યો લીધાં છે. પહેલાં વાર્તા ટૂંકમાં કહી જવી, પછી વંચાવવી ને ત્યાર પછી તેના પ્રયોગોને ધ્યાનમાં રાખી અભ્યાસ કરાવવો. આ જ વાર્તાને બાળકો પાસે મૌખિકરૂપે કહેવડાવવી. બને તો તેના ઉપર સંવાદ તૈયાર કરી તે વાર્તા નાટક રૂપે રજૂ કરવી.

આમ તમે જોશો કે આ બધા પાઠ કેવા એકબીજા સાથે સંકળાયેલા છે. છતાં પોતાનું આગવું અસ્તિત્વ પણ ધરાવે છે. તમારે તેમાં શૈક્ષણિક સાધનો દ્વારા, વર્ણનો દ્વારા, વધુ રોચકતા લાવવાની છે. પણ બને ત્યાં સુધી વ્યાકરણિક ચર્ચાને ટાળતા રહેજો. નછૂટકે જ તેની ચર્ચા કરજો. ધીરે ધીરે તેમની પાસે નાના સંવાદ કે વાર્તા લખાવજો. પણ ક્યાંય 'અંશ પૂરો કરવો છે. ને સમય ઓછો છે' એમ માની બાળકોનું પાકું કરાવ્યા વગર આગળ વધશો નહીં. આ પાઠ્યપુસ્તક પ્રયોગરૂપે તમારી સામે રજૂ કર્યું છે. તેની ક્ષતિઓ તરફ લેખિકાનું ધ્યાન દોરશો ને તેને વધુ ઉપયોગી બનાવવા તમારાં સૂચનો મોકલાવશો તો લેખિકા ઘણી આભારી થશે.

આશા છે આ પુસ્તક તમારાં બાળકોને ગમશે ને તેઓ તેને આવકારશે.

ઉષા નાયર

અભ્યાસ રૂપરેખા

બારથી પંદર વર્ષની વય/ઉંમરનાં, શાળાએ જતાં અગુજરાતી બાળકોને ગુજરાતી શીખવવાના ઉદ્દેશ્ય સાથે આ રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. એક વર્ષના અંતે આ બાળકોને ગુજરાતી વાંચતાં ને લખતાં આવડી જવું જોઈએ. એ સાથે પોતાની જ સમવયનાં બીજાં ગુજરાતી બાળકો સાથે, કોઈ પણ જાતની મુશ્કેલી વગર તેઓને વાતચીત કરતાં આવડવું જોઈએ.

અભ્યાસક્રમનો ગાળો	: વર્ષના ૬૦ કલાક
શીખવવાના કલાકો	: વર્ષનાં ૩૦ અઠવાડિયાં લેખે, દર અઠવાડિયે ચાળીસ ચાળીસ મિનિટના ૩ પિરિયડ.

ઉદ્દેશ્ય : આ અભ્યાસના અંતે દરેક વિદ્યાર્થી આટલું કરી શકશે :

૧. ગુજરાતી અક્ષરો અને જોડાક્ષરો ઓળખી, વાંચી અને લખી શકશે. તે ઉપરાંત તેનો ઉપયોગ કરી શબ્દો બનાવી શકશે.

૨. નાનાં નાનાં વાક્યો ને ફકરાઓનું શુદ્ધ ઉચ્ચારણ સાથે વાંચન કરી શકશે.

૩. નાના નાના શબ્દો અને વાક્યોનું સાધારણ ગતિએ લખાવેલ શ્રુતલેખન લખી શકશે.

૪. નાનાં સરળ અને જોડેલાં વાક્યો સાથે થોડા રૂઢિપ્રયોગોનો ઉપયોગ જુદાં વાક્યો તથા પ્રાસંગિક રૂપમાં કરી શકશે.

સમય ફાળવણી : આ અભ્યાસ બે ભાગમાં વિભક્ત કરવામાં આવ્યો છે :

૧. ૨૦ કલાક લિપિ-વાંચન અને લેખન માટે.

૨. ૩૫ કલાક પાઠો માટે ને ૫ કલાક પુનરાવર્તન/વિહંગાવલોકન માટે.

ગૃહકાર્ય : કુલ ૬૦ કલાકના હિસાબે બાળકોને ગૃહકાર્ય આપી શકાય. એના માટે પાઠના અંતે આપેલ પ્રશ્નોનો ઉપયોગ કરી શકાય. જરૂર જણાતાં શિક્ષક પોતે પણ બીજા પ્રશ્નો તૈયાર કરી શકે. પૂરા અભ્યાસની વિગતો આ પ્રમાણે છે :

ભાગ – ૧

લિપિ :

(વાંચન અને લેખન) ૨૦ કલાક. આ પાઠોમાં અક્ષરો તેના આકાર અને મરોડના આધારે રજૂ થયા છે. તે નીચે જણાવેલ ક્રમાનુસાર શીખવી શકાય :

૧. ડ ઠ હ ક ફ ટ ઢ | ા |

૨. ય થ ગ ણ ઝ

૩. દ છ ઇ ઈ ઘ ધ ઉ ઊ | િ ી ુ ૂ |

૪. ર સ શ

ચ અ આ એ ઐ ઓ ઔ (અં અઃ) | ે ૈ ો ૌ ં ઃ |

૫. પ ષ ખ   વ બ ળ લ

૬. ત ન મ ભ જ

૭. જોડાક્ષરો (કાના વગરના વ્યંજનો ડ, ક, ઠ......)

૮. જોડાક્ષરો (કાનાવાળા વ્યંજનો ગ, ખ, બ......)

૯. થોડા નોંધપાત્ર જોડાક્ષરો (શ્ર શ્ન......) અને ઋ જ્ઞ ક્ષ

૧૦. અંકો (પૂર્ણ, અપૂર્ણ)

નોંધ : પાઠ છઠ્ઠા પછી કક્કા–બારાખડી પ્રમાણે અક્ષરગોઠવણી કરી બતાવવી.
દા. ત.

સ્વર : **અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ અં અઃ**

ા િ ી ુ ૂ ે ૈ ો ૌ ં ઃ

વ્યંજન : ક ખ ગ ઘ (ઙ)

ચ છ જ ઝ (ઞ)

ટ ઠ ડ ઢ ણ

ત થ દ ધ ન

પ ફ બ ભ મ

ય ર લ વ

શ ષ સ હ ળ

ઋ ક્ષ જ્ઞ

વાંચન અને લેખન :

પહેલાં વાંચન અને પછી લેખન શીખવવું. જેટલા અક્ષરો ચાલતા જાય તેને જોડીને બનતાં શબ્દો અને વાક્યોનો વાંચન-લેખનઅભ્યાસ શિક્ષકે કરાવતાં જવું. પાઠમાં આપેલા શબ્દો અને વાક્યો સિવાય, જરૂર પ્રમાણે શિક્ષકે થોડાં નવા શબ્દો અને વાક્યો પણ વાંચન-લેખનના અભ્યાસ માટે લેવાં. આ સ્તર પર શબ્દો અને વાક્યોના અર્થ પર ધ્યાન આપવું જરૂરી નથી. અક્ષરઓળખ પૂરી થયા પછી ને ગુજરાતી વાંચન શરૂ કર્યા પછી જ પાઠોનો અભ્યાસ શરૂ કરવો. તેમાં પણ મૌખિક અને લિખિત, બન્ને જાતનો

અભ્યાસ કરાવવો. વચ્ચે વચ્ચે બાળકોની પ્રગતિની નોંધ અને ચકાસણી માટે નાની પરીક્ષાઓ લેવી. તેમાં ઉચ્ચારણ, વાંચનગતિ, લેખનગતિ, જોડણી વગેરેનું ધ્યાન રાખવું. ઉચ્ચારણ માટે થોડાં બાળગીતો શીખવવાં.

ભાગ – ૨

પાઠ્યવસ્તુ :

૩૫ કલાક ભણાવવા માટે ને ૫ કલાક પુનરાવર્તન ને વિહંગાવલોકન માટે. આ સ્તર ઉપર પણ શિક્ષકે ઉચ્ચારણની સ્પષ્ટતા, વાંચનગતિ અને જોડણી ઉપર સતત ધ્યાન આપવું.

શબ્દભંડોળ :

૧. વર્ગની વસ્તુઓ
૨. શરીરનાં અવયવો/અંગો
૩. જાણીતાં પશુ, પંખી, વૃક્ષ, ફળ, ફૂલ, વાહનો, સાધનો વગેરેનાં નામ
૪. સગપણ (કાકા, મામા...)
૫. કાર્ય બતાવનાર ક્રિયાપદો જેવાં કે ખાવ, જા, ઊઠ, બેસ......વગેરે
૬. ૫૦ સુધી અંકો
૭. સ્વાદ અને રંગ
૮. ગુણદર્શક વિશેષણો જેવાં કે સારું, સુંદર, મોટું......અને જલદી, ધીરે જેવાં ક્રિયા-વિશેષણો
૯. વિભક્તિ પ્રત્યય થી, માં, નું, એ વગેરે
૧૦. પ્રશ્નવાચક શબ્દો જેવા કે કોણ, શું, કેવું......
૧૧. સર્વનામ
૧૨. અને, પણ, કે જેવા અવ્યય
૧૩. થોડાં નામો

રચના :

૧. 'છે' વાળાં વાક્યો (એકવચન – બહુવચન)

૧. વર્તમાનકાળ

૨. ભવિષ્યકાળ

૩. ભૂતકાળ

૨. સાદાં અને વિભક્તિ પ્રત્યયવાળાં નામ (એકવચન–બહુવચન)

ક. પુંલ્લિંગ (–ઓ અને વ્યંજનાંત)

ખ. સ્ત્રીલિંગ (ઈ અને વ્યંજનાંત)

ગ. નપુંસકલિંગ (–ઉં અને વ્યંજનાંત)

૩. 'કોણ, શું, ક્યાં, કેવું' સાથેનાં પ્રશ્નવાક્યો

૪. દર્શક સર્વનામ, વિશેષણ, વિભક્તિ પ્રત્યય સાથેની વાક્યરચના

૫. 'હા–ના' સાથેનાં આજ્ઞાર્થક વાક્યો

૬. 'હા–ના' સાથેની વર્તમાન, ભવિષ્યકાળ અને ભૂતકાળની વાક્યરચના

૭. જો.....તો અને જ્યારે . . . ત્યારે વાળી વાક્યરચના

૮. પાઠને અંતે આપેલ પ્રશ્નો નિયમિત રીતે ગૃહપાઠ તરીકે આપવા. બધા અક્ષરોની ઓળખ થઈ હોવાથી કોઈ પણ ફકરો વાંચન કે લેખન માટે આપી શકાય. પોતાના ઘર, મિત્રો, પાળેલાં પ્રાણીઓ વગેરે ઉપર વિદ્યાર્થીઓ પાસે ચાલેલાં વાક્યપ્રકારને આધારે નાનાં વર્ણનો લખાવી શકાય.

ભાગ – ૧

લિપિ : વાંચન અને લેખન

પાઠ પહેલો

ડ ઠ ઙ ક ફ

ડફ ઙઠ ઙક

કડક ફડક

ટ ઢ

ટક ઢક ઙટ

ફટક કટક

ા ડા ઠા ઙા

કા ફા

ટા ઢા

વાંચો

ટાઢ ઙાડ ડાઠ કાઢ

ટાઢા ફાડા કાઢા કાઠા

ફાટક ટાઢક કાકડા

ફટકા કટકા કડાકા

અભ્યાસ :

પ્ર. ૧ લો. એકથી વધુ વાર આવેલ અક્ષરની નીચે લીટી દોરો.

ટ ઠ ક ઢ ડ ઠ હ ફ ઢ ટ

પ્ર. ૨ જો. પહેલા અને બીજા ખાનામાંથી યોગ્ય અક્ષરો લઈ અર્થયુક્ત શબ્દો બનાવો.

ક : દા. ત. ડફ

ડ	ક
હ	ઠ
ઠ	ફ
ફ	ટ

ખ :

ઠા	ઢ
ટા	ડ
ફા	ક
ડા	ઠ

ગ :

ફા	ઠા
કા	ડા
ટા	ટા
કા	ઢા

પ્ર. ૩ જો. આપેલા અક્ષરોનો ઉપયોગ કરી શબ્દો બનાવો.

ડ ઠ હ ક ફ ટ ઢ (ા)

દા. ત. ડફ

પ્ર. ૪ થો. યોગ્ય અક્ષરો સાથે શબ્દોની ખાલી જગ્યા પૂરો.

ફ—ક ક—ક —ટકા —ડા—

ટા— — — —ડા —ફ— ફા— —

પાઠ બીજો

ય	થ

હય થડ
થાક યાક
હાય હાથ

ગ

ગટ ઠગ
ગાઢ

ણ

ગણ કણ
કાણા

ઝ

ઝટ ઝટ
ઝાડ

વાંચો

ઠગ ઢગ થડ હય
કણ ગણ ઝટ ઝડ
યાક થાક ગાઢ ઝાડ કાણુ
કણક ઠણક ઝગડ

અભ્યાસ :

પ્ર. પહેલો. આપેલા અક્ષરોમાં સુધારા-વધારા કરી તેમાંથી બનાવી શકાય તેટલા અક્ષરો બનાવો.

ડ ટ ગ

દા.ત. ડ > ઠ ક

પ્ર. બીજો. અક્ષરોની જોડ મેળવી ૮ શબ્દો બનાવો.

કા	ક
થ	ગ
ગ	ટ
ઠ	ઢ
ઝ	ડ
ગા	ણ
ચા	ક
ટા	ઢા

પ્ર. ત્રીજો. આપેલા અક્ષરોનો ઉપયોગ કરી શબ્દો બનાવો.

ચ થ ગ ણ ઝ ડ

ઠ હ ક ફ ટ ઢ (1)

પ્ર. ચોથો. યોગ્ય અક્ષરો સાથે આપેલા શબ્દોની ખાલી જગ્યા પૂરો.

થા–	–ક	–ણ	ઝ–
હ–	–ટ	–ગ	ડ–
ટા–	–ણા	–ઢાં	કા–
–ણ–	ડ– –	–ગ–	

પાઠ ત્રીજો

દ	છ	ઇ	ઈ	ઘ	ધ

દડ છડ ઈદ ઘડ ધડ
દાઢ છાણ કઈ ઘાટ ધાડ
દાદા ઘાટા ધાડા

િ	ી

દિ દી છિ છી
ઘિ ઘી ધિ ધી

ઉ	ઊ

ઉડ ઊઠ
ગઉ ઊધઈ

ુ	ૂ

દુ દૂ છુ છૂ
ઘુ ઘૂ ધુ ધૂ

વાંચો

દાદા દાદી   કાણા કાણી

કાકા કાકી   ફાડા ફાડી

ગાદા ગાદી   ધાણા ધાણી

ગુણ ગુણી   ધુણ ધુણી

ફૂદ ફૂક   ફૂદા કૂદકા

થઉ થઈ ગાઈ

ગાઉ ઈદ ઊક

અભ્યાસ:

પ્ર. ૧. ઉદાહરણ પ્રમાણે કરો.

ક : દ્ + િ = દિ (+ ઇ)

ક્ + િ =

હ્ + િ =

વ્ + િ =

ધ્ + િ =

ખ : છ્ + ી = છી (+ ઈ)

ત્ + ી =

ડ્ + ી =

ઝ્ + ી =

ફ્ + ી =

ગ : ડ્ + ુ = ડુ (+ઉ)

ક્ + ુ =

ફ્ + ુ =

ડ્ + ુ =

હ્ + ુ =

ઘ: થ્ + ૂ = થૂ (+ઊ)

ટ્ + ૂ =

ધ્ + ૂ =

છ્ + ૂ =

દ્ + ૂ =

પ્ર. ૨. બતાવ્યા પ્રમાણે વ્યંજન સ્વરની જોડણી પૂરી કરો.

ક્ + ા + ક્ + ા = કાકા

ક્ + ા + ક્ + ા =

ક્ + ા + ક્ + ી =

ક્ + ી + ક્ + ી =

ગ્ + ુ + ણ્ + ી =

ક્ + ૂ + દ્ + ી =

પ્ર. ૩. અક્ષરોની જોડ મેળવી શબ્દો બનાવો.

૧.

દા	કી
કા	ડી
ફા	દી
ટા	ઢી

૨.

કી	ઢી
ધુ	દી
કા	ડી
ફૂ	ણી

પ્ર. ૪ ચાલી ગયેલા અક્ષરો અને માત્રાઓનો ઉપયોગ કરી દસ શબ્દો બનાવો.

પ્ર. ૫. શ્રુતલેખન. સાંભળો અને લખો.

કાકી ઊઠ. ગુણી કાઢ.
દાદી ઊઠી. કીડી કાઢી.
ઝાડી ઊગી. ઝાડી કાઢી.
હાથી ઝાડ કાઢ.
કીકી ઝાડી ઊગાડ.
કીકી ગુણી ફૂદી.
કાકા, દાદા ઊધઈ કાઢી.
ગાઢ ઝાડી કાઢી.
કાકી ધાણી કાઢી.
હાથી ઝાડ ફાડ.

પાઠ ચોથો.

ર	સ	શ

રસ સર શર

સરસ

ચ

ચઢ ચાર ચીર

અ	આ	એ	ઐ	ઓ	ઔ
		અં	અઃ		

ે	ૈ	ો	ૌ

અડ આડ એડ ઓઢ ઔરસ

ક કા કિ કી કુ કૂ કે કૈ કો કૌ કં કઃ

ર રા રિ રી રુ રૂ/રૂ રે રૈ રો રૌ રં રઃ

વાંચો

રઢ સઢ શઠ અડ ચઢ અંક

આંક કાંટો [illegible] [illegible] [illegible]

આદર એરણ ઓરડો ઔરસ

કાકાએ ચાદર ઓઢી.
સાડી આડી અટકી.
શોફરે કાર કાઢી.
કાકી, દાદી, એક કીડી ચટકી.

પ્ર. ૧. આપેલા વ્યંજન સાથે સ્વરોની જોડણી કરી લખો :

ર	+ અ	=	(ર)	ચ્	+	એ	=	
	+ આ	=			+	ઐ	=	
	+ ઇ	=			+	ઓ	=	
	+ ઈ	=			+	ઔ	=	
	+ ઉ	=			+	અં	=	
	+ ઊ	=			+	અઃ	=	

પ્ર. ૨. આપેલા અક્ષરોનો ઉપયોગ કરી જુદા જુદા ત્રણ શબ્દો બનાવો.

૧. ચ (ચાર) — — —
૨. સ — — — —
૩. ર — — — —
૪. એ — — — —
૫. ઢ — — — —

પ્ર. ૩. આપેલી માત્રાઓનો ઉપયોગ કરી ત્રણ ત્રણ શબ્દો બનાવો.

૧. ા	(કાકી)	—	—	—
૨. ે		—	—	—
૩. ૅ		—	—	—
૪. ી		—	—	—
૫. ૈ		—	—	—
૬. ો		—	—	—

પ્ર. ૪. આપેલા શબ્દોમાંથી માત્રા અને અક્ષરને જુદા પાડો.

કીડા = ક્ + ી + ડ્ + ા

ચોરસ =

ઔરસ =

ચઢાઈ =

શાણી =

દેડકાઓ =

ઓરડાઓ =

પ્ર. ૫. શ્રુતલેખન. સાંભળો અને લખો.

ઔરસ અંક હાંફ ત્રઉં ફૂંક

શરદ અણી કાઢ.

શાણીએ ચાકરી કરી.

દાદાએ ચાદર ઓઢી.

કીકીએ કોડીઓ આણી.

ચકી ચણ ચણી.

સરસે વાડી ઝાડી ઉગાડી.
દાદાએ એરણ આડી કરી.
કાકા ઝાડી કૂદી ગયા.

પાઠ પાંચમો

પ	ષ	ખ

પાપડ ષટ્કોણ
ખારેક

વ	વર વાડ વાંક
બ	બાકી ખૂબી બાંકડો
ળ	વાળ બાળક પાળી
લ	લાવ લોહી લાંબી

વાંચો

ચટપટ	ખટપટ	પાષાણ
ખૂંચવું	પોંચી	વાડી
બાડી	કાળી	લારી
ખબર	આખર	ખૂંખાર
રૂંવાટી	કુંવરી	પોંક
રાણી	પાપડ	લાવ.
લાલા	વાડ	ઉગાડ.
વળી	ઝાડી	બળી.

અભ્યાસ :

પ્ર. ૧. આપેલી અક્ષરજોડ વાંચી બતાવો.

ડ : ટ　　ડ : ઢ　　ધ : ધ

વ : બ　　બ : લ　　ચ : અ

પ : ખ　　અ : ખ　　ક : ફ

પ્ર. ૨. આપેલી શબ્દજોડ વાંચી બતાવો.

ઘટ : ઘડ	ચાર : આર
ઢગ : ડગ	આડ : ખાડ
ઓઢી : ચોડી	વાળો : બાળો
ખાડો : બાડો	વાળી : લાળી
ચારો : ઝારો	ઘાટો : ઘાડો

પ્ર. ૩. આપેલા અક્ષરોનો ઉપયોગ કરી બે બે શબ્દો બનાવો.

પા　—　—

ણી　—　—

કા　—　—

રો　—　—

ખૂ　—　—

ડો　—　—

પ્ર. ૪. અત્યાર સુધી શીખવેલા અક્ષરો અને માત્રાઓનો ઉપયોગ કરી જુદાં જુદાં પાંચ વાક્યો બનાવો..

૧.

૨.

૩.

૪.

૫.

પાઠ છઠ્ઠો

ત	ન

નત તન નયના
નીલા તાળી ખેડૂત

મ	ભ

મામા ભાભી ભોંયરું
ભારત મગન મંચ

જ

જતન જમણ

જુ	જી	જા	જો

જુવાન જીવન
જાય જોગણ

વાંચો

તારો નારો મારો ભારો જાડો
નગારું તગારું માહિતી ભાઈ
મગનભાઈ આકાશમાં તારો જુઓ.
ભણતર વગર ગણતર નહીં.
બાગમાં ભાતભાતનાં, જાતજાતનાં ફૂલ.
આપણો દેશ ભારત દેશ.
આપણો નારો 'જય હિંદ.'

અભ્યાસ :

પ્ર. ૧. અધૂરા અક્ષરોને તીરની નિશાનીના આધારે પૂર્ણ કરી ફરી લખો.

ઇ (છ, ઈ) 

પ્ર. ૨. નીચે દરેક અક્ષરસમૂહમાંથી એક એક અક્ષર આપેલો છે. તે જોઈને બાકી રહી ગયેલા તે જ સમૂહનાં અક્ષરો લખો.

ડ (ક ક઼)
ય
દ
ર
ચ
પ

પ્ર. ૩. નીચે આપેલા અક્ષરો જેવા પણ જુદા પડતા અક્ષરો લખી જોડ પૂરી કરો.

ડ : (ઙ)	વ :
ટ :	ખ :
ઘ :	ઈ :
ઉ :	વ :

પ્ર. ૪. આપેલા શબ્દોની ખાલી જગ્યા પૂરી શબ્દોને અર્થયુક્ત બનાવો.

ક — ળ　　ક — કા　　— ટક ઝ — —

— — ણ　　ફૂ — — ધા —　　એ — —

— — ર　　આ — —　　કું — — ભા — —

પ — કો — મ — — હાં —　　વાં —

પ્ર. ૫.ચાલેલા બધા અક્ષરો ને માત્રાઓનો ઉપયોગ કરી
પાંચ વાક્યો લખો:

૧

૨

૩

૪

૫

પાઠ સાતમો

જોડાક્ષરો–૧ (કાના વગરના)

૧. ડ્ + ડ = ડ્ડ — અડ્ડો
+ ય = ડ્ય — લડ્યો
+ ર = ડ્ર — ડ્રમ

ઠ્ + ઠ = ઠ્ઠ — લઠ્ઠો
+ ય = ઠ્ય — ઓઠ્યું

ટ્ + ટ = ટ્ટ — ટટ્ટુ
+ ય = ટ્ય — ચોંટ્યું
+ ર = ટ્ર — ટ્રેન

દ્ + દ = દ્દ — હદ્દો

૨. ક્ + ક = ક્ક — કક્કો
+ ય = ક્ય — પાક્યું
+ ર = ક્ર — ક્રમ

ફ્ + ફ = ફ્ફ ગફ્ફાર
+ ય = ફ્ય બાફ્યું
+ ર = ફ્ર ફ્રેમ

છ્ + છ = છ્છ ગુચ્છો
+ ય = છ્ય છ્યાસી
+ ર = છ્ર ઉચ્છૃંખલ

ઝ્ + ય = ઝ્ય બાઝ્યો

જ્ + જ = જ્જ ઉજ્જડ
+ ય = જ્ય જ્યારે
+ ર = જ્ર વજ્ર

હ્ + ય = હ્ય નાહ્યો

નોંધ : સરળતાની દૃષ્ટિએ પાઠ ૭, ૮ અને ૯ માટે વાંચન-લેખનનો અભ્યાસ પાઠ ૯ના અંતે એકસાથે આપવામાં આવ્યો છે.

પાઠ આઠમો

જોડાક્ષરો—૨ (કાનાવાળા અક્ષરો)

ખ્ + ખ = ખ્ખ ચોખ્ખું
+ ય = ખ્ય ખ્યાતિ
+ ર = ખ્ર ખ્રિસ્તી

ગ્ + ગ = ગ્ગ છગ્ગો
+ ય = ગ્ય જગ્યા
+ ર = ગ્ર ગ્રામ

ણ્ + ણ = ણ્ણ	અણ્ણા
+ ય = ણ્ય	ચણ્યું
ળ્ + ય = ળ્ય	ગળ્યું

નોંધ : કાનાવાળા અક્ષરોમાંથી થોડા અક્ષરોના જોડાક્ષરો ઉપર આપ્યા છે. તેના આધારે બાકીના અક્ષરોનો અભ્યાસ શિક્ષકે પાટિયા પર લખી બતાવીને કરાવવો.

ઘ્ ચ્ ત્ થ્ ધ્ ન્ પ્

બ્ ભ્ મ્ ય્ લ્ વ્ શ્

સ્

પાઠ નવમો

જોડાક્ષરો—૩ (વિશેષ અક્ષરો)

૧.	ક્ષ	ક્ષણ	વિક્ષેપ
	જ્ઞ	જ્ઞાન	વિજ્ઞાન
	ઋ , ૃ	ઋષિ	કૃપા મૃગ
૨.	દ્ + દ = દ્દ	મુદ્દલ	મુદ્દો
	+ ય = દ્ય	ગદ્ય	વિદ્યા
	+ વ = દ્વ	દ્વાર	વિદ્વાન
	+ ધ = દ્ધ	યુદ્ધ	બુદ્ધિ (દ્ધિ)
	+ મ = દ્મ	પદ્મ	પદ્માસન
	શ + વ = શ્વ/શ્વ	વિશ્વ	શ્વાન
	+ ચ = શ્ચ/શ્ચ	આશ્ચર્ય	પશ્ચિમ

+ ન = શ્ન/શ્ન	પ્રશ્ન	પ્રશ્નાર્થ
+ ર = શ્ર	શ્રમ	શ્રવણ

૩. ર્ + વ્યંજન = ર્	આર્ય	કાર્યો
વ્યંજન + ર = ્ર	પ્રણામ	ડ્રમ
+ ન = ં	પસંદ	ગંદું
+ મ = ં	આંબો	લાંબો
બંને ∽ બન્ને	કિંમત ∽ કિમ્મત

અભ્યાસ : (પાઠ ૭, ૮, ૯)

વાંચો અને લખો

ચડ્યો ગાંડ્યો મઢ્યું છક્કો
ગફ્ફુર છ્યાસી બાઝ્યું ઉજ્જૈન
નાહ્યું સચ્ચાઈ સત્તર કથ્થઈ
શોધ્યા ગપ્પાં બબ્બે ભ્રામક લલ્લુ
ગુસ્સો પક્ષ પ્રજ્ઞા ઋષિ
પૃચ્છા મુદ્દામાલ પદ્ય દ્વારિકા
શુદ્ધ પદ્મા અશ્વત્થામા પશ્ચિમ
પ્રશ્નાર્થ ગર્વ બ્રાહ્મણ ડ્રમ

તેણે પોતાનો કક્કો ખરો કરાવ્યો.
તે કામ ધ્યાન બહાર રહ્યું.
સૂરજ આથમ્યો ને ચાંદો ઊગ્યો.
વ્યાઘ્રચર્મ જોઈને ધ્રુજારી છૂટી.
અભણો ચોખ્ખાં ગપ્પાં હાંકે છે.

ગુસ્સા સાથે શ્વાસ પણ ચઢ્યો.
ઋષિમુનિ ક્યાં પધાર્યા?
કાવ્યનો હર્ફ઼ય ન સમજાયો!
ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.
થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ.

પાઠ દસમો

અંકો

(પૂર્ણાંકો)?

એક	૧	બાગ
બે	૨	માળી
ત્રણ	૩	ક્યારા
ચાર	૪	ક્યારી
પાંચ	૫	પુષ્પો
છ	૬	છોકરી
સાત	૭	સાડી
આઠ	૮	મારી
નવ	૯	નાડી
દસ	૧૦	આપણી

અપૂર્ણાંક ?

પા	૦।	$\frac{1}{4}$	સવા	૧।	૧$\frac{1}{4}$
અડધું	૦॥	$\frac{1}{2}$	દોઢ	૧॥	૧$\frac{1}{2}$
પોણું	૦॥।	$\frac{3}{4}$	પોણા બે	૧॥।	૧$\frac{3}{4}$
આખું		૧	સવા બે	૨।	૨$\frac{1}{4}$
બે		૨	અઢી	૨॥	૨$\frac{1}{2}$
ત્રણ		૩	પોણા ત્રણ	૨॥।	૨$\frac{3}{4}$
ચાર		૪	સાડા ત્રણ	૩॥	૩$\frac{1}{2}$

નોંધ : પછીના અંકોમાં સાડા નિયમિત રીતે જોડાય છે.

સાડા ચાર   સાડા પાંચ   સાડા સાત

વાંચો

૧ ઘર, ૨ બારીઓ, ૩ ઓરડાઓ, ૪ ચાલીઓ, ૫ પંખીઓ, ૬ છત્રીઓ, ૭ સાડીઓ, ૮ આરતી, ૯ નાડીઓ, ૧૦ બસ.

અત્યારે ૧। વાગ્યો છે. ૧૨॥ વાગે ભાઈ આવ્યા. ૧॥ વાગે ભાભી આવશે. ૨॥ વાગે બાપુજી મળશે. ૩॥ વાગે દુકાન ખૂલશે. $\frac{1}{2}$ મીટર કપડું, $\frac{3}{4}$ મીટર રીબિન, $\frac{1}{4}$ મીટર દોરી લઈ ને ૪॥ વાગે ઘેર જઈશું.

ભાગ—૨

પાઠો

મારું પાન

હું એક ______________ છું.

મારી ઉંમર ________ છે. હું ______ ધોરણમાં ભણું છું.

મારું નામ ____________ છે.

મારા પિતાનું નામ ________ છે.

મારી અટક ____________ છે.

મારું આખું નામ ______________________ છે.

મારી માતૃભાષા ____________ છે.

મારા પ્રાંતનું નામ ____________ છે.

મારા ગામનું નામ ____________ છે.

મારી શાળાનું નામ ____________ છે.

મારા ઘરનું સરનામું છે : ____________________


____

____

મારી શાળાનું સરનામું છે : ____________________

____

____



પ્રાર્થના

ઓ ઈશ્વર ભજીએ તને,
મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ,
થાય અમારાં કામ.


હેત લાવી હસાવ તું,
સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે,
તો પ્રભુ કરજે માફ.



પાઠ ૧ લો

પરિચય


આ કોણ છે?



આ છોકરો છે.


આ તરુણ છે.

આ કિરણ છે.



તરુણ અને કિરણ ભાઈઓ છે.






આ કોણ છે?

આ છોકરી છે.

આ ગીતા છે.

આ ગણેશ છે.

ગીતા અને ગણેશ બન્ને ભાઈ-બહેન છે.



આ કોણ છે?

આ ગૌતમ છે.

આ નૌતમ છે.

ગૌતમ અને નૌતમ બન્ને મિત્રો છે.

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. આ ______ છે?

૨. આ ______ અને કિરણ છે.

૩. ______ અને ગણેશ ______ બહેન છે.

૪. ગૌતમ ______ નૌતમ ______ મિત્રો છે.

૫. કિરણ ______ છે. ______ છોકરી છે.

પ્ર. ૨. આપેલાં વાક્યોને <u>અને</u> સાથે જોડો

દા. ત. આ કિરણ છે. આ તરુણ છે.
આ કિરણ અને તરુણ છે.

૧. આ ગીતા છે.
આ ગણેશ છે.

૨. આ છોકરો છે.
આ છોકરી છે.

૩. આ ભાઈ છે.
આ બહેન છે.

પ્ર. ૩. આપેલાં વાક્યોને <u>અને</u> અને <u>બન્ને</u> સાથે જોડો.

દા. ત. કિરણ ભાઈ છે. તરુણ ભાઈ છે.
કિરણ અને તરુણ બન્ને ભાઈઓ છે.

૧. તરુણ મિત્ર છે.
નૌતમ મિત્ર છે.

૨. ગણેશ ભાઈ છે.
ગીતા બહેન છે.

૩. કિરણ છોકરો છે.
ગૌતમ છોકરો છે.

પ્ર. ૪. જોડ પૂરી કરો.

ભાઈ	:	ભાઈઓ
મિત્ર	:	______
બહેન	:	______
છોકરો	:	______
છોકરી	:	______

પ્ર. ૫. પ્રશ્નોના ઉત્તર આપો.

૧. કિરણ કોણ છે?
૨. ગીતા કોણ છે?
૩. કિરણ અને તરુણ કોણ છે?
૪. ગીતા અને ગણેશ, બન્ને કોણ છે?
૫. કોણ મિત્રો છે?

પ્ર. ૬. આપેલા ઉત્તર માટે પ્રશ્ન આપો.

૧. આ કિરણ છે. **દા. ત.** આ કોણ છે?
૨. આ બહેન છે.
૩. ગીતા અને સીતા, બન્ને બહેનો છે.
૪. કિરણ છોકરો છે.
૫. ગીતા છોકરી છે.

પ્ર. ૭. આપેલાં વાક્યોનું બહુવચન કરો.

૧. આ છોકરો છે.
૨. આ મિત્ર છે.
૩. આ ભાઈ છે.
૪. આ છોકરી છે.
૫. આ બહેન છે.


પ્ર. ૮. આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો.

ભાઈ, ભાઈઓ, મિત્ર, મિત્રો,
બહેન, બહેનો, છોકરો, છોકરી,
અને, બન્ને, ભાઈ-બહેન.


પાઠ ૨ જો

વર્ગ


આ શું છે?




આ ખુરશી છે.





આ મેજ છે.







આ પંખો અને આ નકશાઓ છે.






આ પાટિયું અને આ ડસ્ટરો છે.






આ ચોપડીઓ અને આ નોટબુકો છે.



આ બારીઓ અને આ બારણાંઓ છે.



આ ખુરશી ક્યાં છે? આ ખુરશી વર્ગમાં છે.

આ પંખો ક્યાં છે? આ પંખો વર્ગમાં છે.

આ છોકરો ક્યાં છે? આ છોકરો વર્ગમાં છે.

નોંધ : ચિત્રમાં એક એક વસ્તુ દર્શાવી છે. શિક્ષકે પાટિયા પર ચિત્ર કાઢી નામનું બહુવચન શીખવવું.

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યા પૂરો.

૧. આ _____ છે?

૨. આ _____ છે.

૩. આ પાટિયું અને _____ છે.

૪. આ _____ અને નોટબુકો છે.

૫. ખુરશી _____ છે?

પ્ર. ૨. દરેક ખાનામાંથી એક એક શબ્દ લઈ ૧૦ વાક્યો બનાવો.

આ	પંખો પાટિયું મેજ બારીઓ બારણાંઓ નોટબુકો ખુરશી ડસ્ટર નકશો ચોપડીઓ	છે.

દા. ત. આ પંખો છે.

પ્ર. ૩. જોડ મેળવો.

બારી	બારણાંઓ
ખુરશી	નકશાઓ
પાટિયું	પંખાઓ
બારણું	ખુરશીઓ
નકશો	પાટિયાંઓ
પંખો	બારીઓ

દા. ત. બારી : બારીઓ

પ્ર. ૪. ઉદાહરણમાં બતાવ્યા પ્રમાણે વાકયો બદલો.

દા. ત. આ ખુરશી છે. આ ખુરશીઓ છે.

૧. આ મેજ છે.
૨. આ પંખો છે.
૩. આ પાટિયું છે.
૪. આ નોટબુક છે.
૫. આ બારણું છે.

પ્ર. ૫. આપેલાં વાકયોને **અને**–ની મદદથી જોડો.

દા. ત. આ ખુરશી છે. આ ખુરશી અને મેજ છે.
આ મેજ છે.

૧. આ પંખો છે.
આ નકશો છે.

૨. આ ચોપડીઓ છે.
આ નોટબુકો છે.

૩. આ બારી છે.
આ બારણાંઓ છે.

પ્ર. ૬. આપેલાં વાકયોને બન્નેથી જોડો.

દા. ત. આ ખુરશી છે.
આ ખુરશી છે. } આ બન્ને ખુરશીઓ છે.


૧. આ નકશો છે.
આ નકશો છે.

૨. આ પાટિયું છે.
આ પાટિયું છે.


૩. આ બારી છે.
આ બારી છે.

પ્ર. ૭. ચિત્ર જોઈ પ્રશ્નોના ઉત્તર આપો.


આ શું છે? →




આ શું છે? →




વર્ગમાં, આ શું છે? →



વર્ગમાં, આ શું છે? →



વર્ગમાં, આ શું છે?




પ્ર. ૮. આપેલા શબ્દોનો તમારાં વાક્યોમાં ઉપયોગ કરો.

શું, ક્યાં, કોણ,


વર્ગમાં, અને, બન્ને.

પાઠ ૩ જો

ઘર





પેલું કોણ છે?
પેલી ગીતા છે.
પેલું શું છે?
પેલું ઘર છે.
પેલું કોનું ઘર છે?
પેલું ગીતાનું ઘર છે.



ઘરમાં, પેલું કોણ છે?
ઘરમાં, પેલો ગણેશ છે.
ગણેશ કોનો ભાઈ છે?
ગણેશ ગીતાનો ભાઈ છે.
પેલું કોણ છે?
પેલાં ગીતાનાં બા છે.
પેલા ગીતાના બાપુજી છે.

પેલું શું છે?
પેલી ઓરડી છે.
ઓરડીમાં પેલું શું છે?
ઓરડીમાં ખાટલો છે.
ઓરડીમાં, પેલો ગીતાનો પંખો છે.
પેલાં કોનાં કપડાં છે?
પેલાં ગીતાનાં કપડાં છે.





ઓરડીમાં, પેલું કબાટ છે.
પેલો સોફો છે.
પેલાં કબાટ અને સોફો ગીતાનાં છે.
ઓરડીમાં પંખો છે, દફતર છે અને ખુરશી છે.

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. પેલું _____ છે?
૨. પેલું ઘર _____ છે?
૩. પેલી _____ ઓરડી છે.
૪. પેલાં _____ બા છે.
૫. _____ ગીતાના _____ છે.
૬. _____ ગીતાનાં ખુરશી અને _____ છે.

પ્ર. ૨. જોડ મેળવો.

પેલી ગીતાની	બા છે.
પેલું ગણેશનું	ભાઈ છે.
પેલાં નીતમનાં	મેજ છે.
પેલાં ભાઈનાં	ખુરશી છે.
પેલા ગીતાના	કબાટ–ખુરશી છે.
પેલો કિરણનો	બાપુજી છે.
પેલી ગીતમની	ચોપડીઓ છે.

દા. ત. પેલી ગીતાની ચોપડીઓ છે.

પ્ર. ૩. દરેક ખાનામાંથી એક એક શબ્દ લઈ દસ વાક્યો બનાવો.

	ખુરશી ભાઈ–બહેન		
પેલો	બકેનો	ગીતાની	
પેલા	મેજ	ગીતાનાં	
પેલી	કબાટો	ગીતાનો	છે.
પેલું	ખાટલો	ગીતાનું	
પેલાં	ભાઈ	ગીતાના	
	બા		
	નકશાઓ દફતર		

દા. ત. પેલો ખાટલો ગીતાનો છે.

પ્ર. ૪. ઉદાહરણ પ્રમાણે વાક્યો બદલો.

દા. ત. પેલી ગીતાની ચોપડીઓ છે.
પેલી કોની ચોપડીઓ છે?

૧. પેલી ગીતાની નોટબુકો છે.

૨. પેલાં ગણેશનાં બા છે.

૩. પેલા નૌતમના બાપુજી છે.

૪. પેલું કિરણનું કબાટ છે.

૫. પેલો તરુણનો નકશો છે.

પ્ર. ૫. યોગ્ય શબ્દ ઉપર નિશાન કરો. (√)

૧. (પેલી/પેલો/પેલાં) ગીતાની ચોપડી છે.

૨. (પેલી/પેલાં/પેલા) ગણેશનાં બા છે.

૩. (પેલા/પેલી/પેલું) ગૌતમનું દફતર છે.

૪. (પેલો/પેલાં/પેલા) ભાઈનાં ખુરશી-મેજ છે.

૫. (પેલાં/પેલા/પેલો) કિરણનો ભાઈ છે.

પ્ર. ૬. આપેલા શબ્દોનો તમારાં વાક્યોમાં પ્રયોગ કરો.

કોણ, શું, ક્યાં, કોનો, કોના,

કોની, કોનું, કોનાં

માં, બન્ને, અને, નું, નાં, ની, નો, ના,

પ્ર. ૭. આપેલા કોઠાની પૂર્તિ કરો.

	લિંગ/વચન	એકવચન	બહુવચન
૧.	પુંલ્લિંગ	______	______
	સ્ત્રીલિંગ	______	કોની
	નપુંસકલિંગ	______	______
૨.	પુંલ્લિંગ	નો	______
	સ્ત્રીલિંગ	______	______
	નપુંસકલિંગ	______	______
૩.	પુંલ્લિંગ	______	______
	સ્ત્રીલિંગ	______	______
	નપુંસકલિંગ	______	પેલાં

પ્ર. ૮. યોગ્ય લાગે તે શબ્દથી વાક્યપૂર્તિ કરો.

૧. પેલી ગીતાની ______________

૨. પેલા નૌતમના ______________


૩. પેલો ગણેશનો ______________

૪. પેલાં ગીતાનાં ______________

૫. પેલું ભાઈનું ______________

પાઠ ૪ થો

અમારો બાગ



રમણ : ગૌતમ જો તો! કેવો મજાનો બાગ છે! તે બાગ કોનો છે?

ગૌતમ : તે જ બાગ અમારો છે. ચાલ અંદર જઈએ.

રમણ : આહા! કેવું લીલું સુંવાળું ઘાસ છે. ઊંચો લીમડો છે. ને વિશાળ પીપળો છે. આ પીળું સૂરજમુખીનું ફૂલ છે, પેલો પીળો ચંપો છે. આ ધોળો ચંપો ને તેનાં લાંબાં પાંદડાંઓ. આ લાલ ગુલાબ ને તેનાં કરમરિયાં પાંદડાંઓ. આ શોભાના રંગબેરંગી છોડો છે. પેલી તારી સફેદ જૂઈની વેલ છે. તેનાં પાંદડાંઓ કેવાં નાનાં ને લીસાં છે! અરે! આ તારો બાગ છે કે જંગલ! અહીં તો ઊંચાં ઝાડો છે ને નીચા છોડો છે. સુંવાળું ઝીણું ઘાસ છે ને વેલાઓ પણ છે. બધું કેવું સુંદર છે!

અભ્યાસ :

પ્ર. ૧. જોડ મેળવો.

ઊંચો	ચંપા
વિશાળ	ઘાસ
પીળા	લીમડો
લાલ	ઝાડો
સુંવાળું	પીપળો
ઊંચાં	ગુલાબ

દા. ત. ઊંચો લીમડો

પ્ર. ૨. ખરા શબ્દ ઉપર ટીકનું નિશાન કરો. (✓)

૧. (સુંવાળું / લીસાં / ઊંચાં) ઘાસ છે.
૨. (લાંબા / લાંબાં / ઝીણાં) પાંદડાંઓ છે.
૩. (પીળા/ પીળો / પીળી) ચંપા છે.
૪. (લાંબું / ખાંચાવાળાં / ધોળાં) ફૂલો છે.
૫. (મજાનો / સુંવાળો / નીચો) ભાગ છે.

પ્ર. ૩. ઉદાહરણ પ્રમાણે વાકયો બદલીને લખો.

અ : દા. ત. પેલો વિશાળ પીપળો છે.
પેલા વિશાળ પીપળાઓ છે.

૧. પેલો નીચો ચંપો છે.
૨. પેલું ઊંચું ઝાડ છે.
૩. પેલો રંગબેરંગી છોડ છે.

ખ : દા. ત. પેલાં સુંદર ફૂલો છે.
પેલું સુંદર ફૂલ છે.

૧. પેલાં પીળાં પાંદડાંઓ છે.

૨. પેલા ઊંચા પીપળાઓ છે.

૩. પેલી ધોળી જૂઈઓ છે.

ક: દા. ત. પેલું ધોળું ફૂલ છે.
પેલું સફેદ ફૂલ છે.

૧. પેલાં લાંબાં પાંદડાંઓ છે.

૨. પેલા નીચા છોડો છે.

૩. પેલું સુંવાળું ઘાસ છે.

૪. પેલું ઝીણું ફૂલ છે.

પ્ર. ૪. કોઠાઓ પૂરા કરો.

	એકવચન	બહુવચન	એકવચન	બહુવચન
પું.	________	________	મજાનો	________
સ્ત્રી.	પીળી	________	________	________
નપું.	________	________	________	________
પું.	________	________	________	________
સ્ત્રી.	કેવી	________	________	________
નપું.	________	________	શોભાનું	________

પ્ર. ૫. દરેક ખાનામાંથી એક એક શબ્દ લઈ જુદાં જુદાં ૧૦ વાકયો બનાવો.

	ઊંચો	વેલ	
	લીસાં	ઘાસ	
પેલું	મોટા	વેલાઓ	
પેલાં	પીળું	જૂઈ	
પેલી	સુંવાળુ	પાંદડાંઓ	
પેલો	ધોળી	છોડો	છે.
પેલા	પીળો	સૂરજમુખી	
	લીલાં	ચંપો	
	નાની	ફૂલો	
	નીચા	લીમડો	

દા. ત. પેલું સુંવાળું ઘાસ છે.

પ્ર. ૬. પ્રશ્નોના ઉત્તર આપો.

૧. આ કોનો બાગ છે?

૨. તે કેવો છે?

૩. બાગમાં કેવાં ઝાડો છે?

૪. સૂરજમુખીનું ફૂલ કેવું છે?


૫. જૂઈનાં પાંદડાંઓ કેવાં છે?

પ્ર. ૭. શબ્દોનો ઉપયોગ વાકયોમાં કરો.

મજાનો, કેવાં, સુંવાળું, પીળા, નીચું,

ઊંચી, ખાંચાવાળાં, અમારાં, તારી, ધોળા.

દાદાનો ડંગોરો




દાદાનો ડંગોરો લીધો,
તેનો તો મેં ઘોડો કીધો;
ઘોડો ચાલે રમઝમ,
ધરતી ગાજે ધમધમ.

ધમધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદતો જાય;
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ.


ત્રિભુવન વ્યાસ

પાઠ ૫ મો

ફુવારો



પેલો મારો બાગ છે.
બાગની વચ્ચે એક ફુવારો છે.
તે માછલી આકારનો છે.
ફુવારાનો હોજ કમળ આકારનો છે.
તેનો આકાર ગોળ નથી.
હોજની અંદર રંગીન બત્તીઓ છે.
માછલીની ઉપર બત્તી નથી.



પાણીમાં રંગબેરંગી જાતજાતની માછલીઓ છે. તે બહુ મોટી નથી. પાણીમાં વચ્ચે પોયણીઓ છે. પણ કમળ નથી.



હોજની આસપાસ પગરસ્તો છે.
હોજથી થોડે દૂર આસોપાલવ છે.
તેની નીચે નાનો બાંકડો છે.
પાછળ ફૂલના ક્યારાઓ છે.
આગળ એક દેડકા આકારની કચરા-પેટી છે. મારો ભાઈ રોજ ફુવારા પાસે રમે છે.

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. પેલો _____ બાગ છે.

૨. ફુવારાનો હોજ _____ છે.

૩. ફુવારો _____ આકારનો છે.

૪. હોજની આસપાસ _____ છે.

૫. હોજમાં _____ નથી.

૬. હોજથી _______ આસોપાલવ છે.

પ્ર. ૨. જોડ મેળવો.

હોજની અંદર	પગરસ્તો છે.
હોજમાં વચ્ચે	આસોપાલવ છે.
હોજની આસપાસ	ક્યારાઓ નથી.
હોજથી થોડે દૂર	રંગીન બત્તીઓ છે.
હોજની ચારે બાજુ	લીલું ઘાસ નથી.
હોજની આગળ	મોટો ફુવારો છે.

દા. ત. હોજની અંદર રંગીન બત્તીઓ છે.

પ્ર. ૩. યોગ્ય શબ્દ ઉપર નિશાન કરો. (√)

૧. પેલો (તારો / મારો / ગૌતમનો) બાગ છે.

૨. ફુવારા (ના / નો / ની) હોજ ગોળ નથી.

૩. હોજ (નું / નો / ની) અંદર બત્તીઓ છે.

૪. હોજ (ની / થી / ના) થોડે દૂર ઝાડ છે.

૫. હોજ (માં / નો / થી) વચ્ચે પોયણી છે.

પ્ર. ૪. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ લઈ ખાલી જગ્યા પૂરો.

(આસપાસ, આગળ, પાછળ, દૂર, વચ્ચે, ઉપર)

૧. ઘરની ________ એક ઝાડ છે.

૨. ઘરથી થોડે ________ મારો બાગ છે.

૩. ઘરની ________ રંગબેરંગી બત્તીઓ નથી.

૪. ઘરમાં ________ બાંકડો નથી.

૫. ઘરની ________ એક ફુવારો છે.

૬. ઘરની ________ પગરસ્તો છે.

પ્ર. ૫. ઉદાહરણ પ્રમાણે બીજાં વાક્યો બદલો.

દા. ત. આ મારો બાગ છે.
આ મારો બાગ નથી.

૧. પેલું મારું ઘર છે.
૨. બાગની વચ્ચે હોજ છે.
૩. ઝાડથી થોડે દૂર ક્યારાઓ છે.
૪. ઘરની અંદર ખોળી જાઈ છે.
૫. વર્ગમાં મોટાં મેજ છે.

પ્ર. ૬. પ્રશ્નોના ઉત્તર આપો.

૧. આ કોનો બાગ છે?
૨. બાગની વચ્ચે શું છે?
૩. તે ફુવારો કોનો છે?
૪. તેનો આકાર કેવો છે?
૫. રંગીન બત્તીઓ ક્યાં છે?
૬. પાણીમાં શું નથી?
૭. ઝાડની નીચે શું છે?
૮. ક્યરાપેટી કેવી છે?
૯. હોજ કેવો નથી?
૧૦. તારા બાગમાં ફુવારો છે?

પ્ર. ૭. શબ્દોને જુદા જુદા વાપરી વાક્યો બનાવો.

વચ્ચે, આગળ, પાછળ, આસપાસ, ચારે બાજુ,
ઉપર, નીચે, અંદર, થોડે દૂર, માં.

પ્ર. ૮. આપેલા ઉત્તર માટે પ્રશ્ન આપો.

૧. પેલો રમણનો બાગ છે.

૨. વર્ગની વચ્ચે પંખો છે.

૩. તે ચોપડી ભાઈની છે.

૪. તે કમળ આકારનું મેજ છે.


૫. ઝાડથી થોડે દૂર રંગીન બત્તીઓ છે.

પાઠ ૬ ઠ્ઠો

સમય

શિક્ષક : બાળકો, મેજ ઉપર આ શું છે?

બધા : ઘડિયાળ.




શિક્ષક : એ કેવું ઘડિયાળ છે?

બધા : મોટું.

શિક્ષક : એ ઘડિયાળ કોનું છે?


બધા : એ ઘડિયાળ ઓફિસનું છે.

શિક્ષક : રમણ! ઘડિયાળમાં કેટલા વાગ્યા છે?




રમણ : સર! એમાં ચાર (૪) વાગ્યા છે.

શિક્ષક : ગીતા! હવે એમાં કેટલા વાગ્યા છે?




ગીતા : હવે એમાં પોણા પાંચ (૪ાાા) વાગ્યા છે.

શિક્ષક : નીતા! પેલો મોટો કાંટો ત્રણ પર છે. અને નાનો કાંટો પાંચની આગળ છે. તો હવે કેટલા વાગ્યા છે?



નીતા : હવે સવા પાંચ (પા) વાગ્યા છે.

શિક્ષક : મોટો કાંટો છ પર છે, અને નાનો કાંટો એક અને બેની વચ્ચે છે. હવે એમાં કેટલા વાગ્યા છે?



નીતા : હવે એમાં દોઢ (૧॥) વાગ્યા છે.

શિક્ષક : બરાબર. સમયનો ક્રમ પંદર મિનિટના આધારે આ પ્રમાણે હોય છે. બાર (૧૨) પછી સવાબાર (૧૨।). પછી સાડા બાર (૧૨॥). પછી પોણા (૧૨॥।), એક (૧), સવા(૧।), દોઢ (૧॥), પોણા બે (૧॥।), બે (૨), સવા બે(૨।), અઢી (૨॥), પોણા ત્રણ (૨॥।), ત્રણ (૩). હવે આગળનો ક્રમ તમે બતાવો અને આપેલા આંકડા વાંચી બતાવો.

૦। ૦॥ ૦॥। ૧ ૨ ૩ ૪ ૫

૬ ૭ ૮ ૯ ૦ ૧। ૧॥ ૧॥।


અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.



૧. ૦। ____ ____ ૧ ____ ____ ____ ૨

૩ ____ ____ ૬ ____ ____ ____

૨. જોઈને સમય કહો/લખો. ____ ____




દા. ત. બાર વાગ્યા છે. ____ ____


______ ______

૩. વાંચો અને કાંટાઓની સ્થિતિ ઘડિયાળમાં બતાવો.


દા. ત. સવા ચાર વાગ્યા છે.




પોણા સાત વાગ્યા છે.




દોઢ વાગ્યો છે.




સાડા અગિયાર વાગ્યા છે.




પોણા નવ વાગ્યા છે.





પ્ર. ૪. જુઓ અને કાંટાઓની સ્થિતિ લખી બતાવો.




દા. ત. મોટો કાંટો બાર પર છે.
નાનો કાંટો નવ પર છે.

૧. 

૨. 

૩. 

૪. 

પ્ર. ૫. અંકોને શબ્દોમાં લખો.

દા. ત. મારી ઘડિયાળમાં ૧૨ાા (સાડા બાર) વાગ્યા છે.

૧. રમેશની ઘડિયાળમાં ૧૨ાાા (   ) વાગ્યા છે.

૨. તારી ઘડિયાળમાં ૧ાા (   ) વાગ્યો છે.

૩. અમારી ઘડિયાળમાં ૨ાા (   ) વાગ્યા છે.

૪. બાપુજીની ઘડિયાળમાં ૧ાાા (   ) વાગ્યા છે.

પ્ર. ૬. શબ્દોને અંકોમાં લખો.

દા. ત. કોની ઘડિયાળમાં પોણા ત્રણ (૨ાા) વાગ્યા છે ?

૧. કઈ ઘડિયાળમાં સાડા પાંચ (   ) વાગ્યા છે ?


૨. વર્ગની ઘડિયાળમાં સવા છ (   ) વાગ્યા છે.


૩. બાપુજીની ઘડિયાળમાં સવા (   ) વાગ્યો છે.


૪. અમારી ઘડિયાળમાં સાડાઅગિયાર(   ) વાગ્યા છે.


પ્ર. ૭. જુઓ અને શબ્દો અને અંકોમાં લખો.


દા. ત.


૧.  પોણો ૦ાાા


૨.  ________ ________

૩.  ________ ________

૪.  ________ ________

૫.  ________ ________

૬.  ________ ________


૭.  ________ ________

________ ________

પ્ર. ૮. આપેલાં વાક્યોનું ગુજરાતી કરો.


1. मेरी घड़ी में सवा चार बजे हैं ।
2. तेरी घड़ी में ढाई बजे हैं ।
3. इस घड़ी में देढ़ बजा है ।
4. रमा की घड़ी में पौन बजा है ।
5. बड़ी घड़ी में साडे नौ बजे हैं ।
6. बारह के बाद सवा बारह बजते हैं ।
7. साडे छे के बाद पौने सात बजते हैं ।
8. दोनों सुइयाँ छ पर हैं ।
9. बड़ी सुई बारह पर है ।
10. छोटी सुई तीन पर है ।

પ્ર. ૯. જુઓ અને વાક્યો પૂરાં કરો.




ઘડિયાળમાં મોટો કાંટો અગિયાર પર છે.

નાનો કાંટો નવ પર છે.




આ ઘડિયાળમાં ______________________

____




રમેશની ઘડિયાળમાં ______________________

____




બાપુજીની ઘડિયાળમાં બંને ________________



કોની ઘડિયાળમાં ________________?

________________?



નીતાની ઘડિયાળમાં ________________

પાઠ ૭ મો

ફળની દુકાન



નાનો નટુ રમકડાંથી રમે છે. તેણે ફળની દુકાન બનાવી છે. તેની બહેનપણી મીના આવે છે.

મીના : નટુ! નટુ! જો હું આવી.

નટુ : મીના! જો મારી ફળની દુકાન!

મીના : તારી ફળની દુકાનમાં શું શું છે?

નટુ : મારી દુકાનમાં પૂનાની બી વગરની દ્રાક્ષ છે. પીળું પીળું પપૈયું છે. વસઈનાં કેળાં છે. નાગપુરનાં સંતરાં છે. દહાણુનાં ચીકુ છે. રત્નાગીરીની કેરીઓ છે. નર્મદાના ભાઠાનાં તડબૂચ છે. અરે! શું નથી! બોલ, શું શું આપું?

મીના : જો, અડધો કિલો દ્રાક્ષ આપ, અને એક ડઝન સંતરાં આપ.

નટુ : બસ!

મીના : હં....અ....બે ડઝન ચીકુ આપ ને દોઢ ડઝન કેળાં આપ.

નકુ : અને તડબૂચ કેટલાં આપું? કેરીઓ કેટલી આપું?

મીના : તડબૂચ અડધું આપ ને કેરીઓ ચાર ડઝન આપ.

નકુ : જો આ પપૈયું! તેનો રંગ કેટલો સરસ છે! ને તે કેટલું મીઠું છે!

મીના : તો એ પણ અડધું આપ.

નકુ : લે. હવે બધા મળીને ત્રીસ રૂપિયા આપ.

મીના : ત્રીસ રૂપિયા! બાપ રે! મારે નથી રમવું તારી સાથે. હું તો આ ચાલી.

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. પપૈયું ________ છે.

૨. કેરીઓ ________ છે.

૩. નર્મદાના ________________ છે.

૪. ________બી વગરની ________ છે.

૫. ________ નાં સંતરાં ________ છે.

પ્ર. ૨. જોડ મેળવો.

પીળું પીળું	કેરીઓ
બી વગરની	ચીકુ
રત્નાગીરીની	સંતરાં
નાગપુરનાં	પપૈયું
ભાઠાનું	દ્રાક્ષ
દહાણુનાં	તડબૂચ

પ્ર. ૩. કૌંસમાંથી યોગ્ય શબ્દ લઈ ખાલી જગ્યા ભરો.
(રત્નાગીરી, પૂના, દહાણુ, નાગપુર, વસઈ)

૧. ચીકુ તો __________ નાં.

૨. કેળાં તો __________ નાં.

૩. દ્રાક્ષ તો __________ ની.

૪. સંતરાં તો __________ નાં.

૫. કેરીઓ તો __________ ની.

પ્ર. ૪. દરેક ખાનામાંથી એક એક શબ્દ લઈ આપેલા કોઠામાંથી દસ વાક્યો બનાવો.

કેટલા કેટલાં	કિલો ડઝન	સંતરાં પપૈયાં કેરીઓ કેળાં ચીકુ	આપું ?

દા. ત. કેટલા કિલો સંતરાં આપું ?

પ્ર. ૫. દરેક ખાનામાંથી એક એક શબ્દ લઈ પાંચ વાકયો બનાવો.

કેટલી કેટલાં કેટલું	કેળાં તડબૂચ દ્રાક્ષ કેરીઓ પપૈયું	આપું ?

પ્ર. ૬. ઉદાહરણ પ્રમાણે વાકયો પૂરાં કરો.

દા. ત. પેલી કેરીઓનો રંગ કેટલો સરસ છે ?

પેલાં કેળાંનો રંગ ________________

પેલી દ્રાક્ષનો રંગ ________________

પેલાં પપૈયાંનો રંગ ________________

દા. ત. બાર કેરીઓ એટલે (૧ ડઝન કેરીઓ).

છ ચીકુ એટલે ____________.

અઢીસો ગ્રામ કેરીઓ એટલે ____________.

એક હજાર ગ્રામ દ્રાક્ષ એટલે ____________.

પાંચસો ગ્રામ તડબૂચ એટલે ____________.

પ્ર. ૭. વાંચી બતાવો.

મીના પાસે ૨૫૦ ગ્રામ કેરીઓ છે.
૫૦૦ ગ્રામ દ્રાક્ષ છે. ૬ ડઝન કેળાં છે. ૦ાા તડબૂચ છે.
૦। પપૈયું છે. ૦ાા કિલો ચીકુ છે. ૨૫૦ ગ્રામ નાની
કેરીઓ છે, ને ૦ાા ડઝન સંતરાં છે.

પ્ર. ૮. શબ્દોનો ઉપયોગ કરી જુદાં જુદાં વાકયો બનાવો.

કેટલો, કેટલું, કેટલાં, કેટલી, કેટલા

પ્ર. ૯. પ્રશ્નોના ઉત્તર આપો.

૧. શું ફળની દુકાન તમારી છે?
૨. તો તે કોની છે?
૩. મીના કોણ છે?
૪. દુકાનમાં શું શું છે?
૫. પપૈયું કેવું છે?
૬. દ્રાક્ષ ક્યાંની છે?
૭. નાગપુરનું શું છે?
૮. મીના પાસે કેટલી દ્રાક્ષ છે?
૯. તેની પાસે કેટલાં ચીકુ છે?
૧૦. તેની પાસે તડબૂચ કેટલું છે?

પાઠ ૮ મો

સ્વચ્છતા



શિક્ષક : નૌતમ ! તારા હાથમાં શું છે?

નૌતમ : સર ! મારા હાથમાં ચૉકલેટ છે.



શિક્ષક : શું તારા હાથ સાફ છે ?

ગૌતમ : ના સર ! નૌતમના હાથ સાફ નથી.



શિક્ષક : તું વચ્ચે ના બોલ. નૌતમ, શું તારા નખ સાફ છે ?

નૌતમ : ના સર ! મારા નખ પણ સાફ નથી.

શિક્ષક : ગીતા, તારા હાથ અને નખ સાફ છે ?


ગીતા : હા સર ! મારા હાથ અને નખ બંને સાફ છે.



શિક્ષક : અને દાંત ?

ગીતા : અને દાંત પણ.

શિક્ષક : સાંભળો બાળકો : સાંભળ નૌતમ.




તમારા હાથ અને પગના નખ

સાફ રાખો.

તમે સવારે દાંત સાફ કરો.

તમે મોઢું બરાબર ધુઓ.

તમે હંમેશાં સ્વચ્છ કપડાં પહેરો.



તમે જમતા પહેલાં હાથ-પગ ધુઓ.

જમ્યા પછી હાથ-મોઢું-દાંત ધુઓ.

સૂતાં પહેલાં હાથ-પગ ધુઓ.

ગંદાં કપડાં બદલો.

પ્રાર્થના કરો અને પછી સૂઓ.

નૌતમ ! તું પણ હાથ-પગ-નખ

સાફ રાખ.

સ્વચ્છ કપડાં પહેર.



જમ્યા પહેલાં ને પછી

હાથ-મોઢું ધો.

સૂતાં પહેલાં કપડાં બદલ,

પ્રાર્થના કર અને સૂ.

અભ્યાસ:

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. તું હાથ-પગ સાફ ________.

૨. તમે ગંદાં કપડાં ________.

૩. તમે ગંદાં કપડાં ના ________.

૪. તું તારાં કપડાં ________.

૫. તું જમ્યા પહેલાં હાથ-પગ ________.

૬. તું ________ કપડાં બદલ.

પ્ર. ૨. કૌંસમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યોની ખાલી જગ્યાઓ પૂરો.

(પહેરો, બદલ, ધુઓ, રાખ, સાંભળ, કરો.)

૧. તમે બંને હવે હાથ-પગ ________.

૨. તમે ગંદાં કપડાં ના ________.

૩. ગૌતમ તું તારું કપડું ________.

૪. બાળકો તમારો વર્ગ સ્વચ્છ ________.

૫. ગૌતમ, તારા નખ સાફ ________.

૬. ગીતા ________ શું તારા નખ સાફ છે?

પ્ર. ૩. ઉદાહરણ પ્રમાણે વાક્યો બદલો.

દા. ત. હા, મારા હાથ સાફ છે.

શું, તારા હાથ સાફ છે?

१. હા, અમારું ઘર સાફ છે.

૨. હા, મારા બાગમાં ફુવારો છે.

૩. હા, ગીતાની ઓરડીમાં ખુરશીઓ છે.

૪. હા, પાણીમાં પોયણીઓ છે.

પ્ર. ૪. ઉદાહરણ પ્રમાણે વાક્યો બદલો.

દા. ત. તું નખ ગંદા રાખ.

તું નખ ગંદા ના રાખ.

૧. તું ગંદાં કપડાં પહેર.

૨. જમ્યા પહેલાં તમે હાથ ધુઓ.

૩. જમ્યા પછી તું કપડાં બદલ.

૪. સૂતાં પહેલાં તમે પ્રાર્થના કરો.

૫. નૌતમ, તું ખાટલો સાફ રાખ.

પ્ર. ૫. 'છે' ની જગ્યાએ 'નથી' નો ઉપયોગ કરી વાક્યો ફરીથી લખો.

દા. ત. મારી દુકાન સાફ છે.
મારી દુકાન સાફ નથી.

૧. તારું ઘર સાફ છે.

૨. તમારો વર્ગ ગંદો છે.

૩. ગણેશનાં કપડાં ગંદાં છે.

૪. અમારું ઘર મોટું છે.

૫. તમારો બાગ નીચે છે.

પ્ર. ૬. 'તું' ની જગ્યાએ 'તમે' નો ઉપયોગ કરી જરૂરી ફેરફાર કરી વાક્યો ફરીથી લખો.

૧. તું ગંદાં કપડાં ના પહેર.

૨. તું દુકાનની અંદર બેસ.

૩. તું ઘરમાં જા.

૪. તું જમ્યા પહેલાં હાથ ધો.

૫. તું સૂતાં પહેલાં પ્રાર્થના કર.

પ્ર. ૭. આપેલા શબ્દોનો તમારાં વાક્યોમાં ઉપયોગ કરો.

રાખ, રાખો, કર, કરો, ધો, ધુઓ,
પહેર, પહેરો, બદલ, બદલો, સાંભળ, સાંભળો,
સૂ, સૂઓ.

પ્ર. ૮. આપેલાં વાક્યોનું ગુજરાતી કરો.

1. क्या तेरे नाखुन साफ हैं ?
2. नहीं, मेरे हाथ-पैर साफ नहीं हैं ।
3. मेरे हाथ और पैर दोनों साफ हैं ।
4. गंदे कपडें मत पहनो ।
5. आप सुबह दांत साफ करीए ।
6. मुँह ठीक से धोईए।
7. खाने से पहले हाथ-पैर धोईए ।


8. खाने के बाद हाथ-मुँह धोईए ।
9. सोने से पहले गंदे कपड़े बदलो ।
10. प्रार्थना कर और फिर सोजा ।

પ્ર. ૮. પ્રશ્નોના ઉત્તર આપો.

૧. તમારા હાથમાં શું છે?
૨. શું, તમારા હાથ સાફ છે?
૩. શું, ગીતાના હાથ અને પગ બન્ને સાફ છે?
૪. શું, તમારા દાંત સાફ છે?
૫. શું, તમારાં કપડાં ગંદાં છે?
૬. શું, ના રાખો?
૭. શું, ના કરો?
૮. શું, ના પહેરો?

અજબ જેવી વાત છે!






નાની મારી આંખ, એ જોતી કાંક કાંક,
એ તો કેવી અજબ જેવી વાત છે !




નાનું મારું નાક, એ સૂંઘે ફૂલ મજાનું,
એ તો કેવી અજબ જેવી વાત છે !



નાના મારા કાન, એ સૂણે મીઠાં ગાન,
એ તો કેવી અજબ જેવી વાત છે !



નાનું મારું મોઢું, એ બોલે રામનામ,
એ તો કેવી અજબ જેવી વાત છે !



નાના મારા હાથ, એ તાળી પાડે સાથ,
એ તો કેવી અજબ જેવી વાત છે !




નાના મારા પગ, એ ચાલે છાનામાના,
એ તો કેવી અજબ જેવી વાત છે !

નાનો મારો દેહ, એમાં વસે રામ મોટો,
એ તો કેવી અજબ જેવી વાત છે !


શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી

પાઠ ૯ મો


આટલું કરજો



મીના, નટુ, તરુણ તમે બધાં અહીં આવો.
મારી વાત ધ્યાનથી સાંભળો :
તમારાં શરીર સ્વસ્થ અને નીરોગી રાખો.
તે માટે તમે બધાં આટલું કરજો.
બા, તું પણ સાંભળજે.
મારા સર કહે છે :
તમારા હાથ-પગ ચોખ્ખા રાખજો.
શરીર ચોખ્ખું રાખજો.



તે માટે સાબુ વાપરજો.




ભીના ટુવાલથી શરીર ના લૂછશો.

દાતણ ઘસી દાંત સાફ રાખજો.


ચોખ્ખા રૂમાલથી નાક સાફ કરજો.

આંખમાં ઠંડું પાણી છાંટજો.
આંખો સાફ રાખજો.



નખ વધવા ના દેશો.
નિયમિત કાપતા રહેજો.

વાળ નિયમિત ધોજો ને ઓળજો.
જમ્યા પહેલાં હાથ-પગ ધોજો.



જમ્યા પછી હાથ ધોજો; મોં ધોજો ને સ્વચ્છ પાણીથી કોગળા કરજો.

સૂતાં પહેલાં ગંદાં કપડાં બદલજો.
ભગવાનની પ્રાર્થના કરજો અને પછી સૂજો.



અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો :

૧. મારી વાત ______ સાંભળો.
૨. તમારાં શરીર ______ અને ______ રાખો.
૩. તમારા હાથ-પગ ચોખ્ખા ________.
૪. શરીર માટે સાબુ ________.
૫. વાળ નિયમિત ______ ને ______.

પ્ર. ૨. જોડ મેળવો.

ભીના ટુવાલથી	વધવા ના દેશો
તમારા નખ	સાફ રાખજો
ગણેશ શરીર માટે	ગંદાં કપડાં બદલજો
દાતણ ઘસી દાંત	શરીર ના લૂછશો
ચોખ્ખા રૂમાલથી નાક	ઠંડું પાણી છાંટજો
ગૌતમ આંખમાં	સાફ કરજો
સૂતાં પહેલાં	પ્રાર્થના કરજો
ગીતા તું હવે	સાબુ વાપરજો

પ્ર. ૩. જો કર નું કરજે થાય અને કરો નું કરજો થાય તો બીજા શબ્દોનું શું થાય તે જણાવો.

રાખ નું ________ રાખો નું ________

લૂછ નું ________ લૂછો નું ________

છાંટ નું ________ છાંટો નું ________

ઓળ નું ________ ઓળો નું ________

ધો નું ________ ધુઓ નું ________

બદલ નું ________ બદલો નું ________

પ્ર. ૪. આપેલી શબ્દોની યાદીમાંથી જોડ છૂટી કરો.

શરીર ધોજે વાળ દાંત કપડાં આટલું

કાપતા ઓળજે કરજે લૂછજે સાંભળજે રહેજે

દા. ત. શરીર લૂછજે.

પ્ર. ૫. ઉદાહરણ પ્રમાણે વાકયો બદલો.

દા ત. તું તારું ઘર સાફ રાખ.
તું તારું ઘર સાફ રાખજે.

૧. તું તારી ઓરડી પાણીથી ધો.

૨. તું તારાં કપડાં સાબુથી ધો.

૩. તું તારા દાંત દાતણથી સાફ કર.

૪. તારી આંખમાં ઠંડું પાણી છાંટ.

૫. હવે તારાં ગંદાં કપડાં બદલ.

પ્ર. ૬. વાક્યોમાં વાપરો.

જમ્યા પહેલાં, જમ્યા પછી, સૂતાં પહેલાં, પાણીથી, ટુવાલથી, દાતણથી, રૂમાલથી, સાબુથી, માટે, નિયમિત.

પ્ર. ૭. આપેલાં વાક્યોને નકારમાં ફેરવો.


૧. તમે રાતે વહેલા સૂજો.
૨. આંખમાં તું ગરમ પાણી છાંટજે.
૩. તમે ચોખ્ખાં કપડાં બદલજો.
૪. પેન્સિલ સાબુથી ધોજે.
૫. તમે નવાં કપડાં ઠંડા પાણીથી સાફ કરજો.

પ્ર ૮. પાઠના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

૧. તમે બધાં ક્યાં આવો ?
૨. તમારાં શરીર કેવાં રાખો ?
૩. કોની વાત ધ્યાનથી સાંભળો ?
૪. તમારું શું શું ચોખ્ખું રાખજો ?
૫. શરીર માટે તમે શું વાપરજો ?
૬. આંખમાં કેવું પાણી છાંટજો ?
૭. કેવા રૂમાલથી નાક સાફ કરજો ?
૮. શું વધવા ના દેશો ?
૯. શું નિયમિત ઓળજો અને ધોજો ?
૧૦. સૂતાં પહેલાં શું કરજો ?

પાઠ ૧૦ મો

હલો, કોણ છે?



ટ્રીન ટ્રીન.... ટ્રીન ટ્રીન.... ટ્રીન ટ્રીન....ટ્રી....

(ઘરમાં ફોનની ઘંટડી વાગે છે. તરુણ ઉઠાવે છે.)

તરુણ : હલો?

રામદાસ : હલો, કોણ બોલે છે?

તરુણ : હલો! પહેલાં કહો કે તમે કોણ છો?

રામદાસ : હું રામદાસ છું.

તરુણ : કોણ? તમે મુંબઈવાળા રામદાસકાકા છો?

રામદાસ : હા, પણ તું કોણ છે?

તરુણ : હું રમણલાલનો નાનો દીકરો.

રામદાસ : તારું નામ શું છે?

તરુણ : મારું નામ તરુણ છે.

રામદાસ : ઓહ, તરુણ! તારા બાપા ક્યાં છે?

તરુણ : બાપુજી ઘેર નથી. તેઓ તો ઑફિસમાં છે.

રામદાસ : અને તારાં બા?

તરુણ : તેઓ પણ ઘેર નથી. તેઓ પાડોશમાં છે.

રામદાસ : અને તારો ભાઈ ગૌતમ?

તરુણ : તે એના મિત્રના ઘેર છે. પણ હું, મીના અને નીતા, અમે ઘરમાં જ છીએ.

રામદાસ : સારું. જો બાપા આવે તો મને ફોન કરે એમ કહેજે.

તરુણ : સારું કાકા. નમસ્તે.

રામદાસ : નમસ્તે.

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. પહેલાં કહો કે તમે કોણ_____?

૨. તું કોના બાગમાં ______?

૩. ______રમણલાલનો દીકરો છું.

૪. મારા બાપા ઘેર______, ઑફિસમાં છે.

૫. તમે કોના મિત્ર ________?

પ્ર. ૨. કોઠો પૂરો કરો.

____________	____________
તું ઘરમાં છે.	____________
____________	____________

પ્ર ૩. જોડ મેળવો.

હું રામલાલનો	ઘરમાં છીએ.
તેઓ અત્યારે	બાગમાં છો.
તમે મારા મોટા	ઘરમાં નથી.
અમે બધાં તારા	ઓરડીમાં છે.
તું તારી મોટી	નાનો દીકરો છું.

દા. ત. હું રામલાલનો નાનો દીકરો છું.

પ્ર. ૪. કૌંસમાંથી યોગ્ય ક્રિયાપદ લઈ વાક્યો ફરીથી લખો.

૧. હું તમારા ઘરમાં (છે/છીએ/છું)
૨. તમે તમારા બાગમાં (છો/છીએ/નથી)
૩. તેઓ ગણેશની ઓરડીમાં (છું/છો/છે)
૪. અમે તમારી ઓફિસમાં (છો/છીએ/છું)

પ્ર. ૫. આપેલાં ખાનાંઓમાંથી એક એક શબ્દ લઈ કુલ ૧૦ વાક્યો લખો.

તું			
હું			
અમે	તારા	ઘરમાં	છે
તેઓ	અમારી	બાગમાં	છીએ
તમે	તમારી	ઓફિસમાં	છું
ભાઈ-બહેન	અમારા	વર્ગમાં	છો
બાપા	મારા	ઓરડીમાં	
બા			
શિક્ષક			
વિદ્યાર્થીઓ			

ઉદા. ત. તું અમારી ઓરડીમાં છે.

પ્ર. ૬. પ્ર. નં. ૫ માં બનાવેલાં વાક્યોને 'નથી' માં ફેરવો.

ઉદા. ત. તું અમારી ઓરડીમાં છે.
તું અમારી ઓરડીમાં નથી.

પ્ર. ૭. ઉદાહરણ પ્રમાણે વાક્યો બદલો.

ઉદા. ત. હું તારા બાગમાં નથી.

હું તારા બાગમાં છું.

૧. હું ગીતાની ઓરડીમાં નથી.

૨. અમે અમારા ઘરમાં નથી.

૩. તેઓ ગીતાના વર્ગમાં નથી.

૪. તમે બાપાની ઑફિસમાં નથી.

૫. તું અમારા બાગમાં નથી.

પ્ર. ૮. પાઠના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

૧. ફોન કોનો છે?

૨. તરુણ કોણ છે?

૩. તરુણના બાપા ક્યાં છે?


૪. તું કોણ છે?

૫. આ વર્ગમાં, તમે બધાં કોણ છો?

૬. ઘરમાં, અમે કોણ છીએ?

પાઠ ૧૧ મો

શા માટે ઊઠું ?



(રમણ તેના કાકાને ગામ રજા ગાળવા આવ્યો છે. સવાર થઈ ગઈ છે. પણ તે હજુ ઊઠયો નથી. તેને તેનો પિતરાઈ ભાઈ ઉઠાડે છે.)

છગન : રમણ ! અરે એ રમણ ! ઊઠ. જો સવાર થઈ.

રમણ : ઊંહ ! હું શા માટે વહેલો ઊઠું ? ઊઠીને હું શું કરું ?

છગન : કેમ ? તું તો ઘણું કરી શકે.

રમણ : પહેલાં તું કહે, તું વહેલો ઊઠે પછી શું કરે ?

છગન : હું વહેલો ઊઠું. પછી દાતણ–પાણીથી પરવારું. બા પાણી કાઢે એટલે નાહું. ભાભી રોટલા બનાવે, પહેલાં હું તેના આણું. હું અને બા, અમે ભગવાનની પ્રાર્થના કરીએ. પછી અમે બધાં રોટલા ને દૂધ ખાઈએ.

રમણ : કાકા સવારે શું કરે ?

છગન : અરે ! તેઓ તો વહેલી સવારે ઊઠે. ઢોરોને ઘાસ નીરે. પાણી પાય. ખેતરનાં ઓજારો તૈયાર કરે. અમારાથી પહેલાં નાસ્તો કરે ને ખેતરે ઊપડે. નાસ્તા પછી હું પણ સીમમાં જઉં. ત્યાં ઢોરો ચરે. તેનું ધ્યાન રાખું. સાંઝે અમે બધાં પાછાં આવીએ.

રમણ : પછી સાંઝે તમે જમો અને સૂઓ એમ જ ને !

છગન : હા, પણ આજથી તું મારી સાથે સીમમાં ચાલ. જો ત્યાં કેવી મજા પડે છે.

રમણ : સારું. ચાલ. હું પણ હવે ઊઠું.

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. હું શા માટે વહેલો ______ ?

૨. મારા ઘેર ______ મોડો ઊઠું.

૩. પછી અમે દાતણ-પાણી ______.

૪. હું અને બા, ______ પ્રાર્થના ______.

૫. તમે ઢોરોને ઘાસ ______.

પ્ર. ૨ અ : જોડ બનાવો.

ઘરમાં પહેલાં હું	રોટલા બનાવો
તમે સવારે	પરવારીએ
અમે દાતણ-પાણીથી	સીમમાં જાય
છગન સવારે	નાસ્તો કરું
બાપુજી વહેલા	સીમમાં ઊપડે

બ : જોડ બનાવો.

હું તો વહેલો ઊઠું	પછી શું કરે ?
તમે તો વહેલા ઊઠો	પછી શું કરીએ ?
ગીતા તો વહેલી ઊઠે	પછી શું કરું ?
અમે તો વહેલાં ઊઠીએ	પછી શું કરે ?
બાળકો તો વહેલાં ઊઠે	પછી શું કરો ?

પ્ર. ૩. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરી વાક્ય પૂરું કરો.

૧. બા પાણી આપે એટલે હું ________
૨. ભાભી રોટલા આપે એટલે અમે ________
૩. બાપુજી વહેલા ઊઠે એટલે તેઓ ઢોરોને ઘાસ ________
૪. અમે સવારે નાહીએ એટલે અમે પ્રાર્થના ________
૫. હું નાસ્તો કરું એટલે તું સીમમાં ________

પ્ર. ૪. કૌંસમાંથી યોગ્ય શબ્દ લઈ ખાલી જગ્યાઓ પૂરો.

(ઊપડે, પરવારો, રાખું, ખાઈએ, બનાવે)

૧. અમે બધાં નાસ્તો ________
૨. તમે પહેલાં દાતણ-પાણીથી ________
૩. બધા માટે ભાભી રોટલા ________
૪. નાસ્તા પછી બાપુજી ખેતરે ________
૫. સીમમાં હું ઢોરોનું ધ્યાન ________

પ્ર. ૫. સાચા શબ્દ પર ટીકનું નિશાન કરો.

૧. બાપુજી ઢોરોને ઘાસ (ચરે / નીરે/પાય)

૨. અમે બધાં રોટલા (ખાઈએ / બનાવે / કરો)

૩. તમે ભગવાનની પ્રાર્થના (આપો / કરો /રાખો)

૪. તું મારી સાથે સીમમાં (ચાલો / ચાલ / ચાલુ)

૫. બાળકો, તમે દાતણ-પાણીથી (પરવારીએ /પરવારો /કરો)

પ્ર ૬. તમારાં વાક્યોમાં ઉપયોગ કરો.

વહેલી, પછી, એટલે, શા માટે, ના પહેલાં

પ્ર. ૭. કોઠો પૂરો કરો.

અ :	હું ઊઠું	
બ :	હું ખાઉં	
ક :	હું રાખું	
ડ :	હું જઉં	

પ્ર. ૮. વિરુદ્ધાર્થી શબ્દ આપો.

ઊઠ : ________

સાંઝ : ________

લે : ________

પછી : ________

વહેલું : ________

અહીં : ________

આવીએ : ________

પ્ર. ૯. પ્રશ્નોના ઉત્તર આપો.

૧. કોણ વહેલું ઊઠે?

૨. કોણ મોડું ઊઠે?

૩. કોણ દાતણ-પાણીથી પરવારે?

૪. કોણ રોટલા બનાવે?

૫. કોણ પ્રાર્થના કરે?

૬. તમે નાસ્તા પછી શું કરો?

૭. બાપુજી ઢોરોને શું નીરે?


૮. નાસ્તા પછી છગન ક્યાં જાય?

૯. સીમમાં તે શું કરે?

૧૦. તે સાંઝે પાછો ક્યાં જાય?

પાઠ ૧૨ મો

ખેડૂતકાકા



ખેડૂતકાકા એટલે દિવસ આખો કામ, કામ ને કામ. પરોઢિયે એ વહેલા ઊઠે છે. દાતણ-પાણીથી પરવારે છે. પોતાનાં ઢોરોને ચારો નીરે છે. પોતે શિરામણ કરે છે. ખેતીનાં સાધનો સાફ કરે છે. ખેતરે જાય છે. ત્યાં બળદને હળ જોડે છે, બપોર સુધી કામ કરે છે. બપોરે નાથીકાકી ભાથું લાવે છે. કાકા હળ છોડે છે. બળદોને છાંયે બાંધે છે. ચારો નીરે છે. ઠંડું પાણી પાય છે. પોતે હાથ-પગ ધુએ છે. ઝાડ નીચે પોતાની પાઘડી પાથરે છે. બાજરીના રોટલા, તાજી છાશ, ડુંગળી ને લીલું મરચું-મીઠું ખાય છે. બપોરાં કરે છે. થોડી વાર આડા પડે છે ને પાછા કામે લાગે છે. સાંજે ઘેર આવે છે. બળદોને કોઢિયા ઘરમાં બાંધે છે. પાણી પાય છે. ચારો નીરે છે. પછી પોતાના હાથ-પગ ધુએ છે. વાળુ-પાણી કરે છે. દીવા ટાણે મંદિરે જાય છે. દર્શન કરે છે. રાતે ચોરે બેસે છે. ગપ્પાં મારે છે ને પછી સૂએ છે.

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યા પૂરો.

૧. કાકા દાતણ-પાણીથી ________ છે.

૨. ________ ઢોરોને ચારો નીરે છે.

૩. બપોર ________ કામ કરે છે.

૪. પોતે પહેલાં હાથ-પગ ________ છે.

૫. થોડી વાર આડા ________ ________.

પ્ર. ૨. જોડ બનાવો.

કાકા સવારે	ઠંડું પાણી પાય છે.
કાકા બપોરે	ઘેર જાય છે.
સાંજે બધાં	બપોરાં કરે છે.
ઢોરોને બધાં	વાળુ કરે છે.
બળદોને કાકા	શિરામણ કરે છે.
દીવા ટાણે	ચારો નીરે છે.

પ્ર. ૩. દરેક ખાનામાંથી એક એક શબ્દ લઈ વાકય બનાવો.

ગણેશ	દીવા ટાણે	વહેલો	મારે છે.
કાકા	રાત્રે	રોટલા	બાંધે છે.
કાકી	સાંજે	ગપ્પાં	ઊઠે છે.
નૌતમ	સવારે	ઢોરોને	લાવે છે.
બાળકો	બપોરે	દર્શન	કરે છે.

દા. ત. ગણેશ સવારે વહેલો ઊઠે છે.

પ્ર. ૪. ઉદાહરણ પ્રમાણે વાક્યો પૂરાં કરો.

દા. ત. શિરામણ એટલે (સવારનો નાસ્તો)

બપોરાં એટલે ____________

વાળુ એટલે ____________

ચારો એટલે ____________

દીવા ટાણે એટલે ____________

પરોઢિયે એટલે ____________

પ્ર. ૫. સાચા શબ્દ પર ટીકનું નિશાન કરો.

૧. ગણેશ સવારે (પોતાના/પોતાનું/પોતાની) કામ કરે છે.

૨. કાકા ખેતરમાં (પોતાનું/પોતાનાં/પોતાનો) હળ જોડે છે.

૩. કાકી બપોરે (પોતાનો/પોતાના/પોતાનાં) રોટલા લાવે છે.

૪. કિરણ સાંઝે(પોતાના/પોતાનાં/પોતાનું) ઢોરો બાંધે છે.

૫. ગીતા પરોઢિયે(પોતાનાં/પોતાની/પોતાના) હાથ-પગ ધુએ છે.

પ્ર. ૬. તમારાં વાક્યોમાં વાપરો.

હળ છોડે છે, બપોરાં કરે છે, આડા પડે છે, દર્શન કરે છે, ચારો નીરે છે.

પ્ર. ૭. આપેલાં વાક્યોનું ગુજરાતી કરો.

1. रमण घर जाता है । घर में रोटी खाता है ।

छाछ पीता है । किताब पढ़ता है ।

पाठ के प्रश्न करता है । थोड़ी देर सोता है ।

खाने से पहले खेलता है । मंदिर में दर्शन करता है ।

भाई–बहन से गप्पे मारता है और फिर सोता है ।


પ્ર. ૮. કોઠા પૂરા કરો.

મારું	______ મારી ______	______ ______ ______
તેનું	______ તેની ______	______ ______ ______

તારું	______ ______ તારું	______ ______ ______
પોતાનું	______ ______ ______	પોતાના ______ ______

પાઠ ૧૩ મો

વર્ગમાં ધમાલ



(વર્ગમાં શિક્ષિકા નથી એટલે બધાં અવાજ કરે છે.)

ગીતા : રમા ! તું શું કરે છે ?

રમા : શું કરું છું ? પાઠ વાંચું છું.

ગીતા : કયો પાઠ વાંચે છે ?

રમા : આપણો પાઠ 'ફુવારો' વાંચું છું.

નીલિમા : એ રમા, ગીતા ! તમે બંને શું કરો છો ?

બંને : અમે તો વાતો કરીએ છીએ.

નીલિમા : હું તમારી પાસે આવું ?

રમા : આવ. પણ તું શું લખે છે ?

નીલિમા : હું પાઠના પ્રશ્નો લખું છું.

ગીતા : તું કયા પાઠના પ્રશ્નો લખે છે ?

નીલિમા : 'ખેડૂતકાકા' પાઠના પ્રશ્નો લખું છું.

રમા : અને મિતા, સ્મિતા અને કમલા; તેઓ શું કરે છે ?

નીલિમા : મિતા અને સ્મિતા વાર્તાનાં પુસ્તકો વાંચે છે.
પણ કમલા કવિતા ગાય છે.

ગીતા : કઈ કવિતા ?

નીલિમા : 'મેં એક બિલાડી પાળી છે' તે કવિતા ગાય છે.

(એટલામાં બાજુના વર્ગશિક્ષક આવે છે.)

શિક્ષક : કેમ આટલો બધો અવાજ કરો છો ?
વર્ગમાં શિક્ષિકા નથી એટલે ? તમારો કેપ્ટન
કોણ છે ? ગીતા ! અહીં આવ. તું બધાંનું ધ્યાન

રાખ. ચાલો બધાં ચોપડીઓ ખોલો. બારમો પાઠ વાંચો. પછી કવિતા વાંચો. તેના પ્રશ્નો લખો. હવે અવાજ ના કરશો. હું જાઉં છું.

બધાં : સર ! અમે હવે બેસીએ?

શિક્ષક : હા, હા, બેસો. હવે કામ શરૂ કરો.

અભ્યાસ:

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. હું પાઠ .... છું.

૨. તું .... પાઠ લખે છે.

૩. ....બંને શું કરો ...... ?

૪. આપણે બધા ધમાલ ....

૫. બાજુના વર્ગશિક્ષક ....

પ્ર. ૨. જોડ મેળવો.

હું પાઠ	:	જુઓ છો
તું પાઠ	:	વાંચીએ છીએ
તમે પાઠ	:	લખું છું.
આપણે પાઠ	:	જુએ છે.

પ્ર. ૩. જોડ મેળવો.

હું કયો	:	પાઠો વાંચે છે ?
તું કયા	:	પુસ્તક જોઈએ છીએ.
અમે કયું	:	કવિતા ગાઈએ છીએ.
આપણે કઈ	:	પાઠ વાંચું છું.
તમે કયાં	:	પુસ્તકો આપો છો ?

પ્ર. ૪. યોગ્ય શબ્દ પર ટીકનું નિશાન કરો.

૧. શું હું અહીં (જાઉં/ બેસું/ઊઠું)

૨. શું આપણે ત્યાં (આવે/લાવે/આવીએ)

૩. શું તે ઘેર ના (જુએ/જાય/જો) ?

૪. શું અમે તેનાં કપડાં (આપે/આપું/આપીએ) ?

૫. શું તેઓ મોડા ના (કરો/ઊઠે/જુઓ) ?

પ્ર. ૫. તમારાં વાકયોમાં વાપરો.

અ : કયો, કયા, કઈ, કયું, કયાં, કેમ, શું.

બ. વાંચ , લખ , બેસ , ગા ,

આવ , ધો , કર , જો ,

જોડ , પરવાર .

પ્ર. ૬. આપેલા ફકરામાં જ્યાં જ્યાં એકવચન છે ત્યાં ત્યાં બહુવચન કરો.


હું હવે ઊઠું છું. દાતણ–પાણીથી પરવારું છું. હવે શાળામાં જાઉં છું. વર્ગમાં શિક્ષક નથી. હું પુસ્તક ખોલું છું. પાઠ વાંચું છું. કવિતા ગાઉં છું. વાતો કરું છું. અવાજ કરું છું. બાજુના વર્ગશિક્ષક આવે છે. હું ચૂપ રહું છું. હું કામ શરૂ કરું છું.

પ્ર. ૭. તમે ઘરમાં અથવા વર્ગમાં શું કરો છો? તે વિશે દસ વાક્યો લખો.


પ્ર. ૮. નામની જગ્યાએ કૌંસમાં પૂછ્યા પ્રમાણે સર્વનામ આપો.

૧. ગીતા ચોપડી વાંચે છે. (૩ પુ. એકવચન)
૨. ગીતા પુસ્તક લખે છે. (૨ પુ. બહુવચન)
૩. રમણ ઘેર આવે છે. (૨ પુ. એકવચન)
૪. મોટાભાઈ ઑફિસે જાય છે. (૨ પુ. બહુવચન)
૫. પરેશ હળ જોડે છે. (૧ પુ. એકવચન)
૬. નૌતમ બળદો બાંધે છે. (૧ પુ. બહુવચન)

ઘરનો વાઘ



મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે.



તે હળવે હળવે ચાલે છે,
ને અંધારામાં ભાળે છે.


તે દહીં ખાય, દૂધ ખાય,
ઘી તો ચપ ચપ ચાટી જાય.





તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે.

એના ડિલ પર ડાઘ છે,
એ મારા ઘરનો વાઘ છે.




ત્રિભુવન વ્યાસ

પાઠ ૧૪ મો


કોને શું કહેવાય?

શિક્ષિકા : નૌતમ ચોપગાં એટલે ચાર પગવાળાં પ્રાણીઓને શું કહેવાય?



નૌતમ : તેને પશુ કહેવાય. દાખલા તરીકે ચિતકબરી ગાય, ટપકાંવાળો ચિત્તો, કેશવાળો સિંહ વગેરે.


શિક્ષિકા : કિરણ, બે પાંખવાળાં પ્રાણીઓને શું કહેવાય?



કિરણ : તેને પંખી અથવા પક્ષી કહે છે. નાની ચકલી, ભૂખરું કબૂતર ને લીલો પોપટ, એ બધાં પંખીઓ છે.

શિક્ષિકા : સરસ. બાળકો, તમે જાણો છો કે ઘણાં નાનાં હોય તે પ્રાણીઓને જીવજંતુ કહે છે. દાખલા તરીકે ગંદી માખી, લીલી ઇયળ, વંદો વગેરે. અને બેપગાં

પ્રાણીને માણસ કહે છે. પ્રાણીઓ ભૂચર, ખેચર અથવા જળચર હોય છે.




પરેશ : એટલે શું બહેન ?


શિક્ષિકા : ભૂચર એટલે જમીન પર ચાલનારાં, જળચર એટલે જળ, પાણીમાં રહેનારાં અને ખેચર એટલે આકાશમાં ઊડનારાં પ્રાણીઓ.


તરુણ : તો તો પછી ધૂંઉંઉંઉં કરતી, તરતી સ્ટીમર જળચર, ઘૂરરર... કરતું આકાશમાં ઊડતું વિમાન એ ખેચર અને તબડાક તબડાક દોડતી ઘોડાગાડી, રૂણઝૂણ કરતી બળદગાડી, ભોં ભોં કરતી મોટરકાર, એ બધું ભૂચર કહેવાય. કેમ ? (બધાં હસે છે.)


શિક્ષિકા : હસો નહીં. તરુણ, વિચાર તો સરસ છે. પણ એ બધાંને વાહનો કહે છે. તરતી સ્ટીમરને કોઈ જળચર કહેતું નથી. ઊડતા વિમાનને આપણે ખેચર વાહન કહેતા નથી ને દોડતી ઘોડાગાડીને ભૂચર કહેતા નથી.


બધાં : હા, આપણે વાહનોને જળચર, ભૂચર કે ખેચર કહેતાં નથી.











શિક્ષિકા : ચાલો, આગળનું કામ શરૂ કરીએ.

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. ઘણાં નાનાં પ્રાણીઓને ________ કહે છે.

૨. ________ પ્રાણીને માણસ કહે છે.

૩. ઘૂઉંઉંઉં કરતી ________ જળચર ________ નથી.

૪. જમીન પર રહેનારાં પ્રાણી ________ છે.

૫. ________ પ્રાણી ખેચર છે.

પ્ર. ૨. આપેલા શબ્દોને ઉદાહરણ પ્રમાણે તેની યાદીમાં ગોઠવો.

ચિતકબરી ગાય, રંગબેરંગી માછલી, ધૂંઉઉઉ કરતી સ્ટીમર, ભૂખરું કબૂતર, ભોં ભોં કરતી મોટરકાર, બેપગું માણસ, નાની ચકલી, લીલો પોપટ, ટપકાંવાળો વાઘ, દમામવાળો સિંહ, ગંદી માખી, તબડાક તબડાક દોડતી ઘોડાગાડી, ઊડતું વિમાન, તરતો મગર.

દા. ત.	ભૂચર	ખેચર	જળચર	વાહનો
	(ચિતકબરી ગાય)			

પ્ર. ૩. ઉદાહરણ પ્રમાણે વાકયપૂર્તિ કરો.

અ : પંખીઓ આકાશમાં (ઊડે)

પશુઓ જમીન પર __________

માછલીઓ પાણીમાં __________

વિમાનો આકાશમાં __________

વાઘ જમીન પર __________

મગરો પાણીમાં __________

બ : ભૂચર એટલે જમીન પર ચાલનારાં

ખેચર એટલે ______________

જળચર એટલે ______________

ચોપગાં એટલે ______________

બેપગાં એટલે ______________

૬ : મોટર ભોં ભોં કરે.

સ્ટીમર ________.

બળદગાડી ________.

ઘોડાગાડી ________.

પ્ર. ૪. દરેક ખાનામાંથી એક એક શબ્દ લઈ સાત વાકયો બનાવો.

બે પગું	પોપટ	ઊડે છે.
બે પાંખવાળી	પ્રાણીઓ	ખાય છે.
બે પાંખવાળો	ચકલી	બેઠો છે.
ચોપગાં	પ્રાણી	ચાલે છે.
ખેચર	પશુઓ	તરે છે.
જળચર	માછલીઓ	આવે છે.
ભૂચર	પંખીઓ	જાય છે.

દા. ત. બેપગું પ્રાણી ચાલે છે.

બ

ઊડતી	માણસ	તરતી નથી.
ઊડતા	કબૂતરો	ઊડતાં નથી.
ચાલતો	વિમાન	તરતા નથી.
તરતી	પ્રાણીઓ	તરતાં નથી.
ચાલતાં	માછલીઓ	ઊડતો નથી.
ઊડતું	ચકલી	ચાલતી નથી.
ઊડતાં	પોપટો	તરતું નથી.

પ્ર. ૫. જો કહે > કહેતું શબ્દ થાય તો

	ખા	>	________
	ચાલ	>	________
	ઊઠ	>	________
	બેસ	>	________
	જોડ	>	________
બ	ઊડ	>	ઊડનારું
	રહે	>	________
	તર	>	________
	ચાલ	>	________
	દોડ	>	________
	આવ	>	________
ક	પગ	>	પગવાળું
	આંખ	>	________
	પાંખ	>	________
	ટપકાં	>	________
	હાથ	>	________
	દમામ	>	________

પ્ર. ૬. ઉદાહરણ પ્રમાણે આપેલાં વાક્યો પૂરાં કરો.

ઊડતું પ્રાણી એટલે ઊડનારું પ્રાણી

ઊડતો પોપટ એટલે ________

ચાલતો માણસ એટલે ________

તરતી માછલીઓ એટલે ________

દોડતી ઘોડાગાડી એટલે ________

ઊડતાં વિમાનો એટલે
તરતી સ્ટીમરો એટલે

પ્ર. ૭. કૌંસમાં આપેલા યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યાઓ પૂરો.
(ખેચર, જળચર, ભૂચર, બેપગાં, ચોપગાં)
૧. ________ પ્રાણીઓ પાણીમાં તરે છે.
૨. ________ પ્રાણીઓ જમીન પર ચાલે છે.
૩. ________ પ્રાણીઓ આકાશમાં ઊડતાં નથી.
૪. ________ પ્રાણીઓ આકાશમાં ઊડે છે.
૫. ________ પ્રાણીઓ પાણીમાં ચાલતાં નથી.


પ્ર. ૮. ઊડનારું પ્રાણી એટલે ઊડે છે તે
ચાલનારું પ્રાણી એટલે ________
ખાનારું પ્રાણી એટલે ________
દોડનારું પ્રાણી એટલે ________
તરનારું પ્રાણી એટલે ________
સૂનારું પ્રાણી એટલે ________
આવનારું પ્રાણી એટલે ________

પ્ર. ૯. તમારાં વાક્યમાં ઉપયોગ કરો.
પક્ષી, પખી, પશુ, પ્રાણી, પ્રાણીઓ,
નથી, વાહનો, માણસ


પ્ર. ૧૦. પાંચ પક્ષીઓનાં નામ આપો.
પાંચ પ્રાણીઓનાં નામ આપો.
પાંચ વાહનોનાં નામ આપો.

કરો રમકડાં કૂચકદમ


ઢરરર ઢરરર ઢમ ઢમ ઢમ
કરો રમકડાં કૂચકદમ !




હાથીભાઈ ચલો આગળ
પાછળ ઊંટ-સવારી;
ખડાક ખડડડ ઘોડા દોડે,
ને શી છટા અમારી !




ચલો સૈનિકો કદમ કદમ,
કરો રમકડાં કૂચકદમ !
ઉપર ઘરરર વિમાન ગરજે,
નીચે લશ્કર-ગાડી :
ભરી બંદૂકે સૈનિક સાથે,
ચાલો હાકલ પાડી :



'હોશિયાર' નો કરી હુકમ,
કરો રમકડાં કૂચકદમ !
બા તો ધરે હોઠે આંગળી,
બાપા અચરજ પામે;



મોટા ભાઈ પૂછે, 'ચડાઈ
કરી કહો કયા ગામે?'
કહો, ખુદાના ખાઈ કસમ,
કરો રમકડાં કૂચકદમ !



મેજ ઉપર હું છટાથી,
બોલું કાઢી છાતી,
'હિંદ દેશના રક્ષણ કાજે,
સેના સરહદ જાતી.'
ટરરર ટરરર ઢમ ઢમ ઢમ
કરો રમકડાં કૂચકદમ !

મકરન્દ દવે



પાઠ ૧૫ મો

વાર્તા સાંભળવી છે



(એક દિવસની વાત. બહેન વર્ગમાં આવે છે. પોતાની ખુરશી પર બેસે છે. રોજની જેમ પુસ્તક લે છે. ત્યાં બધાં બોલી ઊઠે છે.)

બધાં : બહેન, આજે અમારે ચોપડી વાંચવી નથી. પ્રશ્નો કરવા નથી. હું–છું, અમે–છીએ પણ કરવું નથી.

શિક્ષિકા : તો આજે તમારે શું કરવું છે?

સ્મિતા : બહેન, બહુ દિવસ થયા. આજે તો અમારે વાર્તા સાંભળવી છે. બહેન, એક સરસ મજાની વાર્તા કહો ને!

બધાં એકી- હા, હા, અમારે વાર્તા સાંભળવી છે. વી વૉન્ટ સ્ટોરી...
સાથે : વી વૉન્ટ સ્ટોરી...અમને વાર્તા કહો.

શિક્ષિકા : બસ, બસ. જો તમારે આજે ભણવું નથી તો મારે પણ ભણાવવું નથી.

(બધાં ખુશ થઈ તાળીઓ પાડે છે.)

શિક્ષિકા : ચાલો, બધાં શાંત થઈ જાઓ ને સાંભળો વાર્તા. પણ તે પહેલાં મારે થોડા પ્રશ્નો પૂછવા છે. તમે તેના ઉત્તર આપજો. આપણા દેશનું નામ શું છે ?

બધાં : આપણા દેશનું નામ ભારત છે.

શિક્ષિકા : આપણે તેના ચાર ભાગ કરીએ. ઉત્તર, દક્ષિણ પૂર્વ અને પશ્ચિમ. તો ભારતમાં કયા કયા પ્રાંતો છે ? તે દિશા પ્રમાણે કહો.

ગીતા : ઉત્તરમાં કાશ્મીર, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ છે.

રમા : પૂર્વમાં મણિપુર, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ, આસામ, ભૂતાન, પ. બંગાળ, ઓરિસા અને બિહાર છે.

સ્મિતા : મધ્યમાં મોટો મધ્ય પ્રદેશ છે. પશ્ચિમમાં રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્ર છે. દક્ષિણમાં કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તામિલનાડુ અને કેરળ પ્રાંતો છે.

શિક્ષિકા : સરસ. આપણા આ બાવીસ પ્રાંતોમાં લોકો જુદી જુદી ભાષાઓ બોલે છે. તેમનો પહેરવેશ જુદો છે, તેમનાં ખાન-પાન પણ જુદાં છે. છતાં એ બધાં ભારતવાસીઓ છે.

હવે, આપણે વાર્તા શરૂ કરીએ.

(ત્યાં પટાવાળો આવે છે ને બહેન જાય છે.)

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. બહેન, અમારે ________ નથી.
૨. અમારે બધાંને આજે વાર્તા ________ છે.
૩. એક સરસ ________ વાર્તા કહો.
૪. ભારતમાં ________________ લોકો રહે છે.
૫. ________________ બહેન પુસ્તક લે છે.

પ્ર. ૨. અ : ઉદાહરણ પ્રમાણે ખાલી જગ્યા પૂરો.

દા. ત.	વાંચ	વાંચવું
	લખ	______
	આવ	______
	જા	______
	લાવ	______
	દોડ	______
બ : દા. ત.	ચોપડી	વાંચવી
	પુસ્તક	______
	પુસ્તકો	______
	પ્રશ્ન	______
	કવિતા	______
	પ્રશ્નો	______
ક : દા. ત.	હું ખાઉં છું.	મારે ખાવું છે.
	હું ધોઉં છું.	__________

તું જાય છે. ______

તે આવે છે. ______

તમે વાંચો છો. ______

અમે લખીએ છીએ. ______

તેઓ દોડે છે. ______

પ્ર. ૩ કોઠો પૂરો કરો.

	એકવચન	બહુવચન
૧લો પુરુષ	મારે	______
૨જો પુરુષ	______	______
૩જો પુરુષ	______	______
પુંલ્લિંગ	ધોવો	______
સ્ત્રીલિંગ	______	______
નપુંસકલિંગ	______	______
પુંલ્લિંગ	વાંચવો	______
સ્ત્રીલિંગ	______	______
નપુંસકલિંગ	______	______
પુંલ્લિંગ	સાંભળવો	______
સ્ત્રીલિંગ	______	______
નપુંસકલિંગ	______	______

પ્ર. ૪. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યાઓ પૂરો.

(સાંભળવી, કરવું, લખવા, કરવો, વાંચવાં)

૧. અમારે આજે અભ્યાસ _______ નથી.

૨. તમારે આજે કાંઈ કામ _______ નથી.

૩. ગીતાને આજે પુસ્તકો _______ નથી.

૪ પરેશ આજે પ્રશ્નો _______ નથી.

૫. આજે બધાંને વાર્તા _______ છે.

પ્ર. ૫. કૌંસમાં આપેલા શબ્દમાંથી સાચા શબ્દ પર ટીકનું નિશાન કરો.

૧. ભારતમાં (જુદા જુદા/જુદો જુદો/જુદાં જુદાં) પ્રાંતો છે.

૨. દરેક પ્રાંતમાં (જુદી જુદી/જુદા જુદા/જુદો જુદો) લોકો છે.

૩. દરેક પ્રાંતમાં (જુદો જુદો/જુદું જુદું/જુદી જુદી) ભાષાઓ છે.

૪. દરેક પ્રાંતનો (જુદો જુદો/જુદી જુદી/જુદા જુદા) પહેરવેશ છે.

૫. દરેક પ્રાંતનાં (જુદા જુદા/જુદાં જુદાં/જુદી જુદી) ખાનપાન છે.

પ્ર. ૬. ઉદાહરણ પ્રમાણે યોગ્ય ખાનામાં યોગ્ય શબ્દ શોધી ખાનાં પૂરો.

સાંભળવી, વાંચવો, લખવાં, છોડવી, જોડવા, ભણવું, છોડવું, વાંચવા, લખવો, છોડવો, લખવા, સાંભળવાં, કરવો, સાંભળવું, જોડવી.

પુ. એ. વ. (વાંચવો)	પુ. બ. વ.	સ્ત્રી.	નપું. એ. વ.	નપું. બ. વ.

પ્ર. ૭. ઉદાહરણ પ્રમાણે રહી ગયેલા શબ્દનો ભાગ પૂર્ણ કરો.

દા. ત. મારે આજે ચોપડીઓ વાંચવી છે.

૧. તમારે સાંઝે ઘેર આવ____ છે.

૨ રમણને હવે પ્રશ્નો લખ____ છે.

૩. આપણે બધાંને વાર્તા સાંભળ____ છે.

૪. અમારે સવારે સીમમાં પહોંચ____ છે.

૫. બધાંને આજે અભ્યાસ કર____ છે.

પ્ર. ૮. ઉદાહરણ પ્રમાણે વાક્યોને ફેરવો.

૧. હું વાર્તા વાંચું છું. મારે વાર્તા વાંચવી છે.

૨. હું ચોપડી લખું છું. ____________

૩. તું પ્રશ્ન વાંચે છે. ____________


૪. તમે પ્રશ્નો પૂછો છો. ____________

૫. તેઓ અભ્યાસ કરે છે. ____________

૬. અમે પુસ્તકો લાવીએ છીએ. ____________

પાઠ ૧૬ મો

સાંભળો વાર્તા



(બહેન ભણાવવાને બદલે બાળકોને વાર્તા કહે છે.)

એક નાનું એવું ગામ છે. એમાં પાંચ આંધળાઓ રહે છે. આ પાંચેય જણા દોસ્તો છે. કોઈ વાર એમનામાં ઝઘડો થાય છે. પણ પાછા ઝઘડો પતાવીને દોસ્તો બની જાય છે.

એક વાર એ ગામમાં સરકસ **આવે છે. સરકસમાં જાતજાતનાં** પ્રાણીઓ છે. તેમાં લાંબી સૂંઢ હલાવતો ને સૂપડા જેવા કાન ફફડાવતો હાથી હોય છે. તેને એક ઝાડ નીચે બાંધે છે. બપોરે ચારે આંધળાઓ હાથી પાસે જાય છે.

પહેલાના હાથમાં પગ આવે છે. તે પગ પર હાથ ફેરવે છે. બીજાના હાથમાં પૂંછડી આવે છે. ત્રીજાને હાથી સૂંઢથી પકડે છે ને પીઠ પર બેસાડે છે. તેના હાથમાં કાન આવે છે. ચોથાના હાથમાં સૂંઢ આવે છે અને છેલ્લાના હાથમાં પીઠનો ભાગ આવે છે.

લોકો જ્યારે પૂછે છે, 'ભાઈ, હાથી કેવો છે?' ત્યારે પહેલો પટ દઈને જવાબ આપે છે, 'થાંભલા જેવો.' બીજો સાંભળે છે ને તરત જ બોલે છે, 'ના, ના, હાથી તો દોરડા જેવો છે.' આ જવાબ ત્રીજો સાંભળે છે. તે બોલી ઊઠે છે, 'હોય, હોય, હાથી તો મજાનો સૂપડા જેવો છે.' ચોથો કહે છે, 'એકદમ ખોટું, હાથી તો ભીંત જેવો છે.' ત્યાં ગુસ્સામાં પાંચમો જવાબ આપે છે, 'તમે બધા જ ખોટા છો. હું કહું છું તે સાંભળો, હાથી તો લાંબા સાપ જેવો છે.' અને પાંચેય આંધળાઓ ઝઘડે છે.

બાળકો, વાર્તા સાંભળીને! હવે તમે મારા પ્રશ્નોના જવાબ આપો.

૧. હાથી કેવો છે?

૨. આપણો ભારત દેશ કેવો છે?

૩. શું આપણા ભારત દેશમાં અને હાથીમાં સમાનતા નથી?

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. આ______આંધળાઓ દોસ્તો છે.

૨. ______ગામમાં સરકસ આવે છે.

૩. તેમાં લાંબી______, ______હાથી પણ છે.

૪. ______હાથમાં કાન આવે છે.

૫. ______હાથમાં સૂંઢ આવે છે.

પ્ર. ૨. ખાલી જગ્યામાં –ય મૂકીને વાકય પૂરું કરો.

૧. પેલાં ચારે______ભાઈબહેનો છે.

૨. હું કયારે______ગામમાં જતો નથી.

૩. ગામમાં ક્યાં ______ પાણી આવતું નથી.

૪. વર્ગમાં બધાં ______ વાર્તા સાંભળે છે.

પ્ર. ૩. ખાલી જગ્યામાં – વાર શબ્દ મૂકી વાકય પૂરું કરો.

૧. એક ______ સરકસ આવે છે.

૨. કોઈ ______ અમે ગામમાં જઈએ છીએ.

૩. સાત ______ તમે ઘેર આવો છો.

૪. દસ ______ બાળકો બાગમાં દોડે છે.

પ્ર. ૪. અ : સાચા શબ્દ પર ટીકનું નિશાન કરો.

૧. રમણ તરત (પાછો/પાછા/પાછી) ઓરડીમાં આવે છે.

૨. ગીતા હવે (પાછું/પાછી/પાછો) ઘેર જાય છે.

૩. બાપુજી **સાંઝે** (પાછાં/પાછો/પાછા) **ઑફિસે** જાય છે.

૪. બાળકો **સાંઝે** (પાછા/પાછો/પાછાં) બાગમાં પહોંચે છે.

બ :

૧. હાથીના કાન સૂપડા (જેવો/જેવા/જેવી) છે.

૨. હાથીનો પગ થાંભલો (જેવું/જેવો/જેવી) છે.

૩. હાથીની પૂંછડી દોરડા (જેવો/જેવી/જેવા) છે.

૪. હાથીની સૂંઢ સાપ (જેવી/જેવું/જેવા) છે.

પ્ર. ૫. જો એક નું પહેલું થાય તો

બે નું ______

ત્રણ નું ______

ચાર નું ______

પાંચ નું ____________

છ નું ____________

અગિયાર નું ____________

બાવીસ નું ____________

ત્રીસ નું ____________

પ્ર. ૬. દરેક ખાનામાંથી એક એક શબ્દ લઈ ૬ વાક્યો બનાવો.

પહેલી	શિક્ષક	છોડમાં	
ત્રીજો	પુસ્તક	ઘરમાં	
બીજું	છોકરી	વર્ગમાં	છે.
પાંચમા	ફૂલ	મેજમાં	
છઠ્ઠું	વિદ્યાર્થી	ઓફિસમાં	

દા. ત. પહેલી છોકરી ઘરમાં છે.

પ્ર. ૭. જોડ બનાવો.

સૂપડા જેવા : પૂંછડી

સાપ જેવી : કાન

થાંભલા જેવો : સૂંઢ

દોરડા જેવી : પીઠ

ભીંત જેવી : પગ

પ્ર. ૮. કોઠા પૂરા કરો.

લિંગ	એકવચન	બહુવચન	એકવચન	બહુવચન
પું.	પહેલો	______	ત્રીજો	______
સ્ત્રી.	______	______	______	______
નપું.	______	______	______	______
પું.	______	______	______	______
સ્ત્રી.	______	ચોથી	છઠ્ઠી	______
નપું.	______	______	______	______
પું.	______	પાછા	______	______
સ્ત્રી.	______	______	______	______
નપું.	______	______	જેવું	______

પ્ર. ૯. ઉદાહરણ પ્રમાણે અંકોને શબ્દોમાં લખો.

દા. ત. ૧ એક એકેય એક વાર પહેલું

૨ ______ ______ ______ ______

૩ ______ ______ ______ ______

૪ ______ ______ ______ ______

૫ ______ ______ ______ ______

૬ ______ ______ ______ ______

પ્ર. ૧૦. 'જ્યારે..................ત્યારે' શબ્દ વડે વાકયને જોડો.

દા. ત. ૧. હું ઘરમાં આવું છું.

બા મંદિરે જાય છે.

જ્યારે હું ઘરમાં આવું છું ત્યારે બા મંદિરે જાય છે.

૨. બાપુજી ઘેર આવે છે.

બા નાસ્તો આપે છે.

૩. સવારે આઠ વાગે છે.

ભાઈ ઑફિસે જાય છે.

૪. શિક્ષક વર્ગમાં આવે છે.

બાળકો ધમાલ કરતાં નથી.

૫. શિક્ષક વર્ગમાં આવતા નથી.

બાળકો વર્ગમાં બેસતા નથી.

પ્ર. ૧૧. જે ત્રીજો આંધળો > ત્રીજા આંધળાના હાથમાં

૧. પહેલો આંધળો > ____________________

૨. છેલ્લી છોકરી > ____________________

૩. પાંચમો છોકરો > ____________________

૪. છઠ્ઠું છોકરું > ____________________

૫. ચોથું બાળક > ____________________

પ્ર. ૧૨. પ્રશ્નોના ઉત્તર આપો.

૧. શું, હાથી સૂપડા જેવો છે?
૨. શું, હાથી થાંભલા જેવો છે?
૩. શું, ભારતના પ્રાંતો એક જેવા છે?
૪. શું, ભારતના લોકો એક જેવા છે?
૫. શું, ભારત અને હાથીમાં કાંઈ સમાનતા દેખાય છે?
ચાર-પાંચ વાક્યોમાં જણાવો.

પાઠ ૧૭ મો

ચાલો ઉજાણી



(બહેન વર્ગમાં આવતાં જ, બધાં શાંત થઈ જાય છે.)

બધાં : નમસ્તે બહેન.

બહેન : નમસ્તે. આજે શું છે? બધાં એકદમ શાંત છો.

ગીતા : બહેન, પરમ દિવસે અમને રજા મળશે?

બહેન : કેમ, પરમ દિવસે શું છે?

રમા : પરમ દિવસે રામનવમી છે. તેની રજા પડશે ને?

બહેન : હા. તે દિવસે શાળામાં રજા છે.

નીતા : તો બહેન, આપણે બધાં ઉજાણીએ જઈશું?

બહેન : ક્યાં જઈશું? અને કોણ કોણ આવશે?

સ્મિતા : બહેન, આપણે કમાટી બાગમાં જઈશું. ત્યાં હું આવીશ, નીતા અને ગીતા આવશે. રમા, તું પણ આવશે ને?

રમા : હા, તમે બધાં જશો તો હું પણ આવીશ. ગણેશ, તું પણ આવશે ને?

ગણેશ : ઘરે બા જ છે. જો તમે કહેશો તો તેઓ મને રજા આપશે.

રમા : ભલે. અમે કહીશું. પણ આપણે ખાવાનું શું લઈશું?

બહેન : દરેક જણ પોતાનું ભાથું લાવશે. ત્યાં ભેગાં મળીને ખાઈશું.

પરેશ : પણ ત્યાં શું કરીશું?

નીતા : વાહ! ત્યાં પંખીનગરનાં પંખી જોઈશું, પ્રાણીનગરનાં પ્રાણી જોઈશું, હીંચકે હીંચીશું ને લપસણીએ લપસીશું. નાચીશું, ગાઈશું, રમશું ને ખાઈશું.

ગણેશ : હું તો આઇસક્રીમ ખાઈશ થમ્સ અપ પીશ ને મજા કરીશ

બહેન : બસ બસ. કાલે બધાં ઘેરથી પૂછીને આવજો. પછી બધું નક્કી કરીશું. ચાલો, બધાં હાજરી પુરાવો.

અભ્યાસ :

પ્ર. ૧. ખાલી જગ્યાઓ પૂરો.

૧. પરમ દિવસે ______ છે.

૨. આપણે બધાં ઉજાણીએ ______?

૩. ______ બધાં કમાટી બાગમાં જશો.

૪. તેઓ ______ રજા આપશે.

૫. બધાં ઘેરથી પૂછીને ______.

પ્ર. ૨. કોઠાની પૂર્તિ કરો.

હું	______	અમે/આપણે	______
તું	જશે	તમે/આપ	______
તે	______	તેઓ	______

હું ________		અમે/આપણે	________
તું ________		તમે/આપ	________
તે	ખાશે	તેઓ	________
હું ________		અમે/આપણે	________
તું ________		તમે/આપ	________
તે ________		તેઓ	લેશે
હું ________		અમે/આપણે	ગાઈશું
તું ________		તમે/આપ	________
તે ________		તેઓ	________

પ્ર. ૩. જોડ મેળવો.

આપણે	ઉજાણીએ આવશો
તમે	ત્યાં પંખીનગર જોઈશું
હું	ખાવાનું લેશે
તે	કમાટી બાગમાં જઈશ

પ્ર. ૪. યોગ્ય શબ્દ પર ટીકનું નિશાન કરો.

૧. ઉજાણીએ કોણ કોણ (આવીશ/આવીશું/આવશે)?
૨. અમે અમારું ભાથું (લેશો/લઈશું/લઈશ)?
૩. આપણે બધાં ત્યાં ગીતો (ગાઇશું/ગાઇશ/ગાશે)?
૪. તેઓ મને રજા (આપશો/આપશે/આપીશું)?
૫. હું બધાંની સાથે રમતો (રમીશ/રમીશું/રમશે)?

પ્ર. ૫. જો કર નું કરીશું થાય તો

લે	નું	________	થાય
પી	નું	________	થાય
ખા	નું	________	થાય
ધો	નું	________	થાય
જાગ	નું	________	થાય.

પ્ર. ૬. આપેલા ફકરાને ભવિષ્યકાળમાં બદલો.

રઘાકાકા સવારે ઊઠે છે. દાતણ-પાણી કરે છે. નહાય છે. હું પણ વહેલો ઊઠું છું. નાહું છું. ધોઉં છું. મારી બા પૂજા કરે છે. પછી અમે નાસ્તો કરીએ છીએ. રઘાકાકા ભજન ગાય છે ને ખેતરે જાય છે. હું સીમમાં જાઉં છું. તમે કયાં જાઓ છો?

પ્ર. ૭. આપેલા શબ્દોનો વાકયોમાં પ્રયોગ કરો.

૧. પરમ દિવસે, ઉજાણીએ, કમાટીબાગમાં, દરેક જણ, ભાથું, પંખીનગર

૨. પડશે, જોઈશું, આવશો, જશો, આવીશ, લાવશે, લપસીશું, ગાશે.

ખિસકોલી




તું અહીંયાં રમવા આવ, મઝાની ખિસકોલી !
તું દોડ તને દઉં દાવ, મઝાની ખિસકોલી !
તું કેવી હસે ને રમે, મઝાની ખિસકોલી !
તારા કૂદકા તો બહુ ગમે, મઝાની ખિસકોલી !
તું જ્યારે ખિલખિલ ગાય, મઝાની ખિસકોલી !
તારી પૂંછડી ઊંચી થાય, મઝાની ખિસકોલી !
તારે અંગે સુંદર પટા, મઝાની ખિસકોલી !
તારી ખાવાની શી છટા, મઝાની ખિસકોલી !
તું ઝાડે ઝાડે ચડે, મઝાની ખિસકોલી !
કહે, કેવી મઝા ત્યાં પડે, મઝાની ખિસકોલી !
બહુ ચંચળ તારી જાત, મઝાની ખિસકોલી !
તું ઉંદરભાઈની નાત, મઝાની ખિસકોલી !

ત્રિભુવન વ્યાસ

નોંધ : ગુજરાતીમાં **મજાની** અને **મઝાની** આ બંને ઉચ્ચારણો સંભળાય છે.

પાઠ ૧૯ મો

ત્રણ વાંદરાઓ



નાનો નટુ : દાદાજી! દાદાજી! મારું નવું રમકડું ક્યાં?

દાદાજી : પહેલાં પપ્પી આપ. પછી તારું નવું રમકડું આપું.

નાનો નટુ : અરે! આ તો ત્રણ વાંદરાઓ છે. એકની આંખ ઢાંકેલી છે. બીજાનું મોઢું ઢાંકેલું છે અને ત્રીજાના કાન.

દાદાજી : હા બેટા! એક કહે છે: આંખથી કદી ભૂરું જોશો નહીં. ભૂરું વાંચશો નહીં. બીજો કહે છે: મુખથી કદી જુઠ્ઠું બોલશો નહીં. કડવું બોલશો નહીં. નિંદા કરશો નહીં. અને છેલ્લો કહે છે: કાનથી કદી ભૂરું સાંભળશો નહીં, નિંદા સાંભળશો નહીં.

નાનો નટુ : તે આ વાંદરાઓ એવું કહે છે?

દાદાજી : હા, તું બોલ, આંખથી તું કેવું જોઈશ?

નાનો નટુ : આંખથી હું સુંદર બાગ જોઈશ. સુંદર વાર્તા વાંચીશ. ખરાબ જોઈશ નહીં. ખરાબ વાંચીશ નહીં.

દાદાજી : અને કાનથી તું કેવું સાંભળીશ નહીં?

નાનો નકુ : કાનથી ભૂરું સાંભળીશ નહીં.

દાદાજી : અને મુખથી તું શું બોલીશ નહીં?

નાનો નકુ : જુઠ્ઠું બોલીશ નહીં, રડીશ નહીં ને બૂમો પાડીશ નહીં. બસ ગીતો ગાઈશ ને હસતો રહીશ.

દાદાજી : શાબાશ બેટા, ચાલ, તારી બાને કહેવા. ને લે, આ તારું રમકડું.

અભ્યાસ :

પ્ર. ૧. વાકયોની ખાલી જગ્યાઓ પૂરો.

૧. એકની આંખ______છે.

૨. આંખથી ભૂરું______નહીં.

૩. મુખથી કદી ____________નહીં.

૪.________નિંદા______નહીં.

૫. હું______ભૂરું સાંભળીશ__________.

પ્ર. ૨. જોડ મેળવો.

રમણ તું કાનથી	ભૂરું બોલીશું નહીં.
ગીતાબહેન તમે આંખથી	જુઠ્ઠું બોલીશું નહીં.
રમા આપણે મુખથી	ખરાબ જોઈશું નહીં.
બહેન, હું મુખથી	ભૂરું સાંભળીશ નહીં.
સર, અમે આંખથી	ભૂરું વાંચશો નહીં.

પ્ર. ૩. ઉદાહરણ પ્રમાણે વાક્યોને બદલો.

ઉદા. ત. હું આંખથી બૂરું જોઈશ.
હું આંખથી બૂરું જોઈશ નહીં.

૧. ગીતા આંખથી બૂરું વાંચશે.
૨. હું આંખથી બૂરું જોઈશ.
૩ અમે કાનથી બૂરું સાંભળીશું.
૪. તમે કાનથી નિંદા સાંભળશો.
૫. તું મુખથી જૂઠું બોલીશ / બોલશે.

ઉદા. ત. આંખથી તું કેવું જોઈશ/ જોશે?
આંખથી તું કેવું જોઈશ નહીં?

૧. આંખથી તમે કેવું જોશો?
૨. આંખથી ગીતા કેવું જોશે?
૩. મુખથી હું કેવું બોલીશ?
૪. મુખથી અમે કેવું બોલીશું?
૫ કાનથી નટુ કેવું સાંભળશે?

પ્ર. ૪ આપેલા શબ્દોના 'નહીં' સાથેનાં વાક્યોમાં પ્રયોગ કરો.

બૂરું બોલીશ, ગીત ગાઈશ, બૂમો પાડીશું,
ગીતો ગાશો, મીઠું બોલીશું, વાર્તા વાંચશે.

પ્ર. ૫. પ્રશ્નોના ઉત્તર આપો.

૧. કોની આંખ ઢાંકેલી છે?
૨. આંખ ઢાંકેલો વાંદરો શું કહે છે?

૩. તમે કેવું બોલશો નહીં?

૪. નટુ શું કરશે નહીં?

૫. આંખથી તમે શું શું જોશો?

૬. કાનથી તમે શું શું સાંભળશો?


પ્ર. ૬. તમે કાનથી, આંખથી અને મુખથી શું કરશો તેના વિશે પાંચ-છ વાક્યો લખો.


પ્ર. ૭ તમે કાનથી, આંખથી અને મુખથી શું કરશો નહીં તેના વિશે પણ પાંચ-છ વાક્યો લખો.

નોંધ : બોલચાલની ભાષામાં 'મુખ'ને બદલે 'મ્હોં' શબ્દનો ઉપયોગ થાય છે તે ધ્યાનમાં લેવું.

પાઠ ૧૯ મો


સમજુ કૂતરાઓ





એક સાંકડી પણ ઊંડી નદી હતી. તેના ઉપર કોઈ મોટો પુલ ન હતો. એક નાનું લાકડું હતું. તે પણ પહોળું ન હતું. ઘણું સાંકડું હતું.

એક દિવસ નદીકિનારાના બન્ને છેડેથી બે બકરીઓ આવી. બંને લાકડાના છેડે ચડી. બંને લાકડાની વચ્ચે પહોંચી. પહેલી ગુસ્સે થઈ. બોલી, 'ચાલ, પાછી જા. હું પહેલાં નદી પાર કરીશ.' બીજી ચિડાઈ ગઈ. તે પણ ગરજી, 'જા જા, મને પાછી જા કહેનારી તું કોણ? હું જ પહેલાં નદી પાર કરીશ.' બંનેમાં ઝઘડો થયો. બંને ના માની. બંને હઠે ભરાઈ. બંને શાંત ના થઈ. બંનેમાં લડાઈ થઈ. બંનેને એકબીજાનો ધક્કો વાગ્યો. બંને પડી ઊંડી નદીમાં અને ડૂબી ગઈ. બંને ના બચી.



થોડા સમય પછી તે જ નદી હતી. તે જ સાંકડો પુલ હતો. તેને બંને છેડેથી બે કૂતરાઓ ચડ્યા. તે પુલ વચ્ચે મળ્યા. બંને કૂતરાઓ સમજુ હતા. એક કૂતરો નીચે બેઠો. બીજો એના ઉપરથી ગયો. પછી પહેલો ઊઠ્યો ને નદી પાર ગયો. આમ બંને સમજુ હતા. ડાહ્યા હતા. બકરીઓ જેવા ગાંડા ન હતા. એટલે નદીમાં ના પડ્યા, ડૂબી ના ગયા.

બાળકો, બોલો, તમે કેવા થશો? ડાહ્યા કૂતરાઓ જેવા કે ગાંડી બકરીઓ જેવા?

અભ્યાસ :

પ્ર. ૧. વાક્યોની ખાલી જગ્યાઓ પૂરો.

૧. એક _______ નદી હતી.

૨. નદી પર મોટો _______ ન હતો.

૩. છેડેથી બે બકરીઓ _______.

૪. હું પહેલાં નદી પાર _______.

૫. કૂતરાઓ પુલની વચ્ચે _______.

પ્ર. ૨. દરેક ખાનામાંથી એક એક શબ્દ લઈ પાંચ વાક્યો બનાવો.

પુલ	ઘણાં	સાંકડા	હતાં
નદી	ઘણી	સાંકડી	હતા
રસ્તાઓ	ઘણા	સાંકડાં	હતી
ઘરો	ઘણો	સાંકડો	હતો
ઓરડો			

પ્ર. ૩. જોડ મેળવો.

પહેલી બકરી ગુસ્સામાં	થઈ
બકરીઓ છેડે	હતા
કૂતરાઓ સમજુ	બેઠો
પહેલો કૂતરો	ગયા
બન્ને કૂતરાઓ	ચડી
બકરીઓમાં લડાઈ	બોલી

પ્ર. ૪. વાક્યપૂર્તિ કરો.

૧. નદી ઉપર કોઈ મોટો ____________.

૨. નદી પરનું લાકડું ____________.

૩. પહેલી ગુસ્સે થઈ બોલી ____________.

૪. બીજી બકરી પણ ગરજી ____________.


૫. બન્ને છેડેથી ____________.

૬. પછી પહેલો ઊઠયો ____________.

પ્ર. ૫. આપેલાં વાક્યોને ભૂતકાળમાં ફેરવો.

૧. ઘરની પાસેનો રસ્તો પહોળો છે.
૨ રમણનું મકાન ઘણું સાંકડું નથી.
૩. ગીતા, તું વર્ગમાં પહેલી આવે છે.
૪. અમે હીંચકા ઉપર છીએ.
૫. છોકરાંઓ સવારે શાળામાં જાય છે.

પ્ર. ૬. 'સમજુ કૂતરાઓ' આ વાર્તાને તમારા શબ્દો અને વાક્યોમાં લખો.



પાઠ ૨૦ મો

સત્યવ્રત

એક મોટી નગરી હતી. તેમાં એક મોટો ચોર હતો. બધાં એ વાત જાણે. પણ 'બિલાડીની કોટે ઘંટ કોણ બાંધે?'

એક દિવસની વાત છે. એક જૈન સાધુ હતા. ચોરે તેમને જમવા બોલાવ્યા. સાધુએ કહ્યું, 'તારાથી દારૂ, જુગાર, ચોરી ના છોડાય તો કાંઈ નહીં પણ હંમેશાં સત્ય બોલજે.' ચોરે તેઓની વાત માની. સાધુ ગયા. હવે ચોર મૂંઝાયો. દારૂ પીએ તો નશામાં જૂઠું બોલાઈ જાય. જુગાર રમે. પણ તે જુઠ્ઠાની રમત. ચોરી કરતાં પકડાઈ જાય તો! છેવટે તેણે નક્કી કર્યું, છેલ્લી વાર ચોરી કરીશ ને ધંધો બંધ કરીશ.

તેણે તે રાત્રે રાજાના મહેલમાં ચોરી કરી. નાની રત્નોની દાબડી હતી. તેમાં સાત રત્નો હતાં. ચોરે તેમાંથી ચાર લીધાં ને ત્રણ ના લીધાં. રસ્તામાં વેશપલટો કરેલો રાજા મળ્યો. પૂછ્યું, 'કોણ છે?' જવાબ મળ્યો, 'ચોર છું.' 'ક્યાંથી આવ્યો?' 'ચોરી કરીને'. 'કોને ત્યાંથી?' 'રાજાને ત્યાંથી.' 'શું ચોર્યું?' 'ચાર રત્નો.' ચોરે ચાર રત્નો બતાવ્યાં ને ઘેર ગયો.

બીજા દિવસે રાજમહેલમાં ધમાલ થઈ. પ્રધાને જાતે તપાસ કરી દાબડીમાં ત્રણ રત્નો જોયાં. ત્રણેય પોતાના ખિસ્સામાં મૂક્યાં. અઠવાડિયું થયું. ચોર ન પકડાયો. રાજાએ ચિઠ્ઠી લખી. ચોર આવ્યો. પ્રશ્નો પૂછ્યા. સાચા જવાબ મળ્યા. રાજાએ છેલ્લે પૂછ્યું, 'ચાર જ રત્નો કેમ લીધાં?' જવાબ મળ્યો, 'એટલાં પેટ માટે બસ હતાં.' 'તો બીજાં ત્રણ ક્યાં ગયાં?' 'જેણે તપાસ કરી એની પાસે.' વાત ખુલ્લી પડી. પ્રધાને માફી માગી. તેને દૂર કર્યો. ચોરને રાજ્યનો પ્રધાન બનાવ્યો. તે દિવસથી ચોર સત્યવ્રત બન્યો.

અભ્યાસ :

પ્ર. ૧. વાક્યોની ખાલી જગ્યાઓ પૂરો.

૧. _______ કહ્યું, હંમેશાં સત્ય બોલજે.
૨. _______ નક્કી કર્યું, હું ચોરી બંધ ____.
૩. _______ રાજાના મહેલમાં ચોરી ______.
૪. _______ તેમાંથી ત્રણ ના લીધાં.
૫. _______ જાતે તપાસ ______.

પ્ર. ૨. દરેક ખાનામાંથી એક એક શબ્દ લઈ વાક્યો બનાવો.

પ્રધાને	રાજાના	ચાર	ચોરી કરી
ચોરે	દાબડીમાં	સાત	ખિસ્સામાં મૂક્યાં
માણસે	દાબડીમાંનાં	મહેલમાં	લીધાં
તેણે	રાજાનાં	ત્રણ રત્નો	જોયાં

પ્ર. ૩. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પર ટીકનું નિશાન કરો.

૧. (રાજા /પ્રધાને/સૈનિકે) મહેલમાં ચોરી કરી.
૨. (માણસ/ચોરે/પ્રધાન) દાબડીમાં રત્નો જોયાં.
૩. બીજા (દિવસ/દિવસે/રાતે) મહેલમાં ધમાલ થઈ.
૪. (પ્રધાને/મંત્રી /ચોરે) રાજાની માફી માગી.
૫. (ચોરને/ચોરે/રાજાએ) રાજ્યનો પ્રધાન બનાવ્યો.

પ્ર. ૪. કોઠાની પૂર્તિ કરો.

	એકવચન	બહુવચન	એકવચન	બહુવચન
પું.	મૂંઝાયો	______	______	______
સ્ત્રી.	______	______	કરી	______
નપું.	______	______	______	______
પું.	______	ચોર્યા	______	______
સ્ત્રી.	______	______	______	______
નપું.	______	______	______	બનાવ્યાં


પ્ર. ૫. આપેલા શબ્દોનો વાક્યોમાં પ્રયોગ કરો.

બોલાઈ જાય, પકડાઈ જાય, વાત માની, નક્કી કર્યું,

રત્નો ચોર્યાં, ખિસ્સામાં મૂક્યાં

પ્ર. ૬. 'સત્યવ્રત' પાઠને તમારા શબ્દો-વાક્યોમાં લખો.

ટમીનો જવાબ



પાટી-પેન લઈ આજે,
ટમી ગઈ સ્કૂલે,
તાજી તાજી વેણી કેરાં,
ફૂલ વાંસે ઝૂલે.
નિશાળે તો ટમી ગઈ,
સૌ થકી વહેલી.
બેસી ગઈ રોફભેર,
પાટલીએ પહેલી.
છોકરીઓ છોટીમોટી,
જુએ તાકી તાકી.
નવાંસવાં ટમીબેન પણ

કાંઈ નથી બાકી.

ભણાવવા બેન આવ્યાં,

ચમકીને ખસ્યાં.

ટમી સામું જોઈ પછી,

ધીરું ધીરું હસ્યાં.

નાની એવી ટમલીને,

માથે મોટો ભાર.

વિદ્યાનો શું રૂપાળીએ,

લીધો અવતાર!

કોઈ બોલો, જન્મ્યા હતા

ક્યાં ગાંધી બાપુ?

સાચો જવાબ આપે તેને

પહેલો નંબર આપું.

બેનનો સવાલ સુણી,

કોઈ ખાય ઝોલાં.

કોઈ હોઠ મરડે, કોઈ

મૂગાં જાણે હોલાં.

નાની એવી ટમલી ત્યાં

મીઠું મીઠું બોલી.

ગાંધીજીના જન્મનો હું
　　　　ભેદ દઉં ખોલી.
બેન થયાં રાજી, બોલ્યાં,
　　　　'ક્યાં જનમ લીધો?'
ટમી કેવી ડાહી! ત્યારે
　　　　દે જવાબ સીધો.
સૌના સામું જોઈ બોલી,
　　　　ટમી રૂડી પેર,
'ગાંધીજી તો જન્મ્યા હતા,
　　　　બેન એને ઘેર.'

મકરંદ દવે

શબ્દસૂચિ

અ

અગિયાર (વિ.)	ग्यारह	Eleven
અટક (સ્ત્રી.)	उपनाम	surname
અઠવાડિયું (નપું.)	सप्ताह	week
અડધું (વિ.)	आधा	half
અને (અવ્યય)	और	and
અપૂર્ણાંક (પું.)	अपूर्णांक	fractions
અભ્યાસ (પું.)	अभ्यास	exercise/study
અમારું (વિ. સર્વ.)	हमारा	our, ours
અમે (પ્ર. બહુ. સર્વ.)	हम	we (exclusive)
અરે	अरे	oh!
અવતાર (પું.)	अवतार	incarnation/birth
અહીં (ક્રિ. વિ.)	यहाँ	here
અંદર (ક્રિ. વિ.)	अंदर	in

આ

આ (અવ્યય)	यह	this
આકાર (પું.)	आकार	shape
આકાશ (નપું.)	आकाश	sky
આખું (વિ.)	पूरा, संपूर्ण	full

આગળ (ક્રિ. વિ.)	आगे	in front of
આજ (સ્ત્રી.)	आज	to-day
આજે (સ્ત્રી.)	आज ही	to-day only
આટલું (વિ.)	इतना	this much
આધારે (પું.)	के अनुसार	on the basis
આપણે (સર્વ.)	हम	we (inclusive)
આપવું (સ. ક્રિ.)	देना	to give
આવવું (અ. ક્રિ.)	आना	to come
આસપાસ (ક્રિ. વિ.)	आसपास	around
આહા !	अहा	oh!
આજ્ઞા (સ્ત્રી.)	आज्ञा	order
આંકડો (પું.)	अंक	number
આંખ (સ્ત્રી.)	आँख	eye
આંગળી (સ્ત્રી.)	ऊँगली	finger
ઇ		
ઇયળ (સ્ત્રી.)	पिल्लू, ढोला	caterpiller
ઉ		
ઉજાણી (સ્ત્રી.)	जियाफ़त, वनभोजन	picnic
ઉત્તર (પું.)	जवाब	answer
ઉત્તર (દિશા) (સ્ત્રી.)	उत्तर दिशा	north
ઉપયોગ (પું.)	उपयोग	use

ઉપયોગી (વિ.)	उपयोगी	useful
ઉપર (ક્રિ. વિ.)	उपर	on
ઉમેરવું (સ. ક્રિ.)	जोड़ना, मिलाना	to add
ઉંદર (પું.)	चूहा	mouse
ઉંમર (સ્ત્રી.)	उमर	age
ઊ		
ઊઠવું (અ. ક્રિ.)	उठना	to get up
ઉઠાડવું (સ. ક્રિ.)	उठाना	to wake up
ઊડવું (અ. ક્રિ.)	उडना	to fly
ઊપડવું (અ. ક્રિ.)	चलना	to start
ઊંચું (વિ.)	ऊँचा	tall
ઊંડું (વિ.)	गहरा	deep
એ		
એક (વિ.)	अेक	one
એકદમ (ક્રિ. વિ.)	अेकदम, अचानक	at once
એટલે	इसलिये	so, for that
ઓ		
ઓજાર (નપું.)	औजार	instruments
ઑફિસ (સ્ત્રી.)	ऑफिस, कार्यालय	office
ઓરડો (પું.)	कमरा	(big) room
ઓળવું (સ. ક્રિ.)	कँघी करना	to comb
ક		
કચરાપેટી (સ્ત્રી.)	कचरापेटी	dustbin

કડવું (અ. ક્રિ.)	कडवा	bitter
કદી (ક્રિ. વિ.)	कभी	ever, sometimes
કપડાં (નપું.)	सीले हुए कपड़े	stitched clothes
કબાટ (નપું.)	अलमारी	cupboard
કમળ (નપું.)	कमल	lotus flower
ક્યારો (પું.)	क्यारा	flower-bed
ક્યાં (ક્રિ. વિ.)	कहाँ	where
કરવું (સ. ક્રિ.)	करना	to do
ક્રમ (પું.)	क्रम	order
કલાક (પું.)	घंटा	hour
કસમ (સ્ત્રી.)	कसम	oath, adjuration
કહેવાય (સ. ક્રિ. કર્મણિ)	कहते हैं	is said
કહેવું (સ. ક્રિ.)	कहना	to tell, to say
કાકી (સ્ત્રી.)	चाची	aunty
કાકો (પું.)	चाचा	uncle
કાજે (પું. બ. વ.)	कारणसे	therefore, because of
કાન (પું.)	कान	ear
કાપવું (સ. ક્રિ.)	काटना	to cut
કામ (નપું.)	काम	work
કારણ (નપું.)	कारण	reason, because

કાંટો (પું.)	काँटा	thorn
કિનારો (પું.)	किनारा	bank, shore
કિરણ (નામ)	किरण	Kiran
કિલો (પું.)	किलो	kilo
કૂચકદમ (સ્ત્રી.)	आगे बढ़ना	marching
કૂતરો (પું.)	कुत्ता	dog
કૂદકો (પું.)	कूद	jump
કેરી (સ્ત્રી.)	आम	mango
કેવું (વિ.)	कैसा	what type of
કેળું (નપું.)	केला	banana
કોઈ (સર્વ.)	कोई	anyone, someone
કોઠો (પું.)	कोठा	table
કોણ (સર્વ.)	कौन	who
કોનું (વિ.)	किसका	whose
કૌંસ (પું.)	कोष्ठक	bracket

ખ

ખરાબ (વિ.)	बुरा, खराब	bad, dirty
ખરું (વિ.)	सच्चा	true, right
ખસવું (અ. ક્રિ.)	खिसकना	to move, to slide
ખાવું (સ. ક્રિ.)	खाना	to eat

ખાટલો (પું.)	चारपाई	cot
ખાનું (નપું.)	खाना	drawer
ખાલી (વિ.)	खाली	vacant, empty
ખિસકોલી (સ્ત્રી.)	गिलहरी	squirrel
ખિસ્સું (નપું.)	खिस्सा, जेब	pocket
ખુરશી (સ્ત્રી.)	खुर्सी	chair
ખેચર (વિ.)	आकाशमें उडनेवाले	flying animals (birds)
ખેડૂત (પું.)	किसान	farmer
ખેતર (નપું.)	खेत	field
ખોટું (વિ.)	जूठा	false, wrong

ગ

ગણેશ (નામ)	गणेश	Ganesh
ગરજવું (અ. ક્રિ.)	गरजना	to thunder
ગંદું (વિ.)	गंदा	dirty, unclean
ગામ (નપું.)	गाँव	village
ગ્રામ (પું.)	ग्रेम	gramme
ગાવું (સ. ક્રિ.)	गाना	to sing
ગાળવું (સ. ક્રિ.)	छानना	to filter
ગાંડો (વિ.)	पागल	mad
ગીતા (નામ)	गीता	Gita

ગુલાબ (નપું.)	गुलाब	rose (flower)
ગુસ્સો (પું.)	गुस्सा	anger
ગોળ (વિ.)	गोल	round shape

ઘ

ઘડિયાળ (નપું)	घड़ी	clock
ઘણું (વિ.)	बहुत	much
ઘર (નપું.)	घर	house
ઘંટ (પું.)	घंट	bell
ઘંટડી (સ્ત્રી.)	घंटी	small bell
ઘાસ (નપું.)	घास	grass
ઘોડાગાડી (સ્ત્રી.)	घोडागाडी	horsecart
ઘોડો (પું.)	घोडा	horse

ચ

ચકલી (સ્ત્રી.)	चिड़िया	sparrow
ચડાઈ (સ્ત્રી.)	चढ़ाई	invasion
ચમકવું (વિ.)	चमकना	to glow/to glitter
ચરવું (અ. ક્રિ.)	चरना	to graze
ચંચળ (વિ.)	चंचल	active
ચંપો (પું.)	चंपाका फूल/पेड़	champa tree/flower
ચાર (વિ.)	चार	four

ચારે બાજુ	चारों तरफ	in all the directions, around
ચાલવું (સ. ક્રિ.)	चलना	to walk
ચિઠ્ઠી (સ્ત્રી.)	चिठ्ठी	a note (with some message)
ચિડાવું (સ. ક્રિ.)	चिड़ना	to be angry, to be irritated
ચિતકબરી (વિ.)	छपकावली गाय	with different colour spots
ચિત્ર (નપું.)	चित्र	picture
ચીકુ (નપું.)	चिकू	chikoo fruit
ચૉકલેટ (સ્ત્રી.)	चॉकलेट	chocolate
ચોખ્ખું (વિ.)	स्वच्छ	clean, clear
ચોપડી (સ્ત્રી.)	पुस्तक	book
ચોર (પું.)	चोर	thief
ચોરો (પું.)	चौराहा	a meeting place in a village

છ

છ (વિ.)	छह	six
છટા (સ્ત્રી.)	अदा	grace, impressive manner
છતાં (ક્રિ. વિ.)	लेकिन	yet
છાતી (સ્ત્રી.)	सीना	chest
છાંટવું (સ. ક્રિ.)	छिड़कना	to spray
છાંયો (પું.)	छाँव	shadow
છે (અ. ક્રિ.)	है	is

છેડો (પું.)	अंत	end
છેલ્લું (વિ.)	अंतिम, आखरी	last
છેવટે	अंतमें	at last
છોકરી (સ્ત્રી.)	लड़की	girl
છોકરો (પું.)	लड़का	boy
છોડ (પું.)	पौधा	plant
છોડવું (સ. ક્રિ.)	छोड़ना	to release, to leave

જ

જગ્યા (સ્ત્રી.)	जगह	place
જણાવવું (સ. ક્રિ.)	कहना	to tell, to inform
જન્મવું (અ. ક્રિ.)	जन्म लेना	to be born
જમવું (અ. ક્રિ.)	खाना	to take meal
જમીન (સ્ત્રી.)	जमीन	floor, earth
જવું (અ. ક્રિ.)	जाना	to go
જળ (નપું.)	जल	water
જળચર (વિ.)	जलचर	hydrophyle, animals which stay in water
જંગલ (નપું.)	जंगल	forest, jungle
જાગવું (અ. ક્રિ.)	जागना	to wake
જાણવું (સ. ક્રિ.)	जानना	to know
જાત (સ્ત્રી.)	जाति	caste

જાતે (ક્રિ. વિ.)	खुद	personally
જૂઈ (સ્ત્રી.)	जूई/जूही	jasmin
જુગાર (પું.)	जूआ	gambling
જુદું (વિ.)	अलग	different
જૂઠું (વિ.)	जूठा	false, wrong
જેમ	जैसे	as
જોડવું (સ. ક્રિ.)	जोड़ना	to join
જોવું (સ. ક્રિ.)	देखना	to see
ઝ		
ઝઘડો (પું.)	झगड़ा	quarrel
ઝાડ (નપું.)	पेड़	tree
ઝીણું (વિ.)	बारीक, महीन	thin
ઝૂલવું (અ. ક્રિ.)	झूलना	to swing
ટ		
ટપકું (નપું.)	बूंद, बिंदी	dot
ટમી (નામ)	टमी	Tami
ટીનુ (નામ)	टीनु	Tinu
ટુવાલ (પું.)	तोलिया	towel
ઠ		
ઠંડું (વિ.)	ठंड़ा	cold

ડ

ડઝન (વિ.)	ड़ज़न	dozen
ડસ્ટર (નપું.)	डस्टर	duster
ડાહ્યું (વિ.)	सयाना	wise
ડુંગળી (સ્ત્રી.)	प्याज	onion
ડૂબવું (અ. ક્રિ.)	डूबना	to be drowned

ઢ

ઢાંકવું (સ. ક્રિ.)	ढ़कना	to shut, to cover
ઢોર (નપું.)	जानवर	animal

ત

તડબૂચ (નપું.)	तरबूज़, मतीरा	water-melon
તબડાક (વિ.)	घोड़ेकी दौड़की आहट	horse's hoofs' sound
તમારું (સર્વ.)	तुम्हारा/आपका	yours
તમે (સર્વ.)	तुम/आप	you, your self
તરવું (અ. ક્રિ.)	तैरना	to swim
તરુણ (નામ)	तरूण	Tarun
ત્યાં (ક્રિ. વિ.)	वहाँ	there
તાજું (વિ.)	ताजा	fresh
તારું (વિ. સર્વ.)	तेरा	yours
તાળી (સ્ત્રી.)	ताली	clapping of the hands

ત્રીસ (વિ.)	तीस	thirty
તું (સર્વ.)	तू	you
તે (સર્વ.)	वह	he/she/it
તેઓ (સર્વ.)	वे	they
તેનું (વિ. સર્વ.)	उसका	his/her
તેને (સર્વ.)	उसे	to him
તે માટે	उस लिए	for that

થ

થવું (અ. ક્રિ.)	होना	to be
થાંભલો (પું.)	खंभा	pillar

દ

દક્ષિણ (દિશા) (સ્ત્રી.)	दक्षिण दिशा	south
દફ્તર (નપું.)	दस्ता	school-bag
દમામવાળો (વિ.)	रोबदार	attractive, impressive
દરેક (વિ.)	हरएक	everybody
દર્શાવવું (સ. ક્રિ.)	दिखाना	to show
દસ (વિ.)	दस	ten
દાતણ (નપું.)	दातून	tooth-brush (made of a twig)
દાદાજી (પું.)	दादाजी	grandfather
દાબડી (સ્ત્રી.)	डिब्बिया	small box

દારૂ (પું.)	शराब	(country) liquor
દાવ (પું.)	दाव	turn to play
દ્રાક્ષ (સ્ત્રી.)	अंगूर	grapes
દાંત (પું.)	दांत	tooth
દિવસ (પું.)	दिन	day
દિશા (સ્ત્રી.)	दिशा	direction
દીકરો (પું.)	लड़का	son
દુકાન (સ્ત્રી.)	दुकान	shop
દૂધ (નપું.)	दूध	milk
દેડકો (પું.)	मेंढ़क	frog
દેશ (પું.)	देश	country
દોડવું (અ. ક્રિ.)	दौड़ना	to run
દોઢ (વિ.)	डेढ़	one and a half
દોરડું (નપું.)	रस्सा	rope
દોસ્ત (પું.)	दोस्त	friend

ધ

ધક્કો (પું.)	धक्का	pushing
ધરવું (સ. ક્રિ.)	धरना	to hold, to offer
ધંધો (પું.)	धंधा	profession
ધીરું (વિ.)	धीमा	slow

ધોરણ (નપું.)	कक्षा, श्रेणी	class, standard
ધોવું (સ. ક્રિ.)	धोना	to wash
ધોળું (વિ.)	सफेद	white

ન

નકશો (પું.)	नक्शा	map
નખ (પું.)	नाखून	nail
નગરી (સ્ત્રી.)	नगरी	city
નટુ (નામ)	नटु	Natu
નથી (ક્રિ. અ.)	नहीं है	is not
નદી (સ્ત્રી.)	नदी	river
નમસ્તે (ન. બ. વ.)	नमस्ते	greetings
નર્મદા (નામ)	नर्मदा	Narmada
નવું (વિ.)	नया	new
નહાવું (સ. ક્રિ.)	नहाना	to bathe
નાક (નપું.)	नाक	nose
નાગપુર (નામ)	नागपुर	Nagpur
નાચવું (અ. ક્રિ.)	नाचना	to dance
નાત (સ્ત્રી.)	जाति	caste
નાથી (નામ)	नाथी	Nathi
નાનુ (વિ.)	छोटा	small

નામ (નપું.)	नाम	name
નાસ્તો (પું.)	नाश्ता	breakfast
નિયમિત (વિ. ક્રિ. વિ.)	नियमित	regular
નિશાન (નપું.)	निशाना	sign, tick mark
નિશાળ (સ્ત્રી.)	शाला	school
નિંદા (સ્ત્રી.)	निंदा	abuse
નીચે (ક્રિ. વિ.)	नीचे	under
નીચું (અવ્યય)	नीचा	low, short
નીતા (નામ)	नीता	Nita
નીરવું (સ. ક્રિ.)	पशुको चारा डालना	to give grass
નોકર (પું.)	नौकर	servant
નોંધ (સ્ત્રી.)	नोंध/टिप्पणी	note, noting
નૌતમ (નામ)	नौतम	Nautam

પ

પકડાવું (અ. ક્રિ.)	पकड़ा जाना	to be caught
પક્ષી (નપું.)	पक्षी	bird
પગ (પું.)	पांव	leg
પચાસ (વિ.)	पचास	fifty
પછી (ક્રિ. વિ.)	बादमें, इसके बाद	then
પટો (પું.)	पटा	strip

પટાવાળો (પું.)	पटावाला/चपरासी	peon
પણ (અવ્યય)	भी	but, also
પપૈયું (નપું.)	पपीता	papaya
પરમદિવસે	परसों	day after tomorrow/ day before yesterday
પરવારવું (અ. ક્રિ.)	निपटना	to finish
પરિચય (પું.)	परिचय	introduction
પરિવર્તન (નપું.)	परिवर्तन	change
પરેશ (નામ)	परेश	Paresh
પરોઢિયું (નપું.)	भोर	early in the morning
પ્લાસ્ટિક (નપું.)	प्लास्टिक	plastic
પશ્ચિમ (દિશા) (સ્ત્રી.)	पश्चिम	west
પશુ (નપું.)	जानवर	animal
પહેરવેશ (પું.)	पहेनावा	dress
પહેરવું (સ. ક્રિ.)	पहनना	to wear
પહેલાં (ક્રિ. વિ.)	पहले	before, first
પહોંચવું (અ. ક્રિ.)	पहुँचना	to reach
પહોળું (વિ.)	चौड़ा	broad
પંખો (પું.)	पंखा	fan
પંદર (વિ.)	पंद्रह	fifteen
પ્રધાન (પું.)	प्रधान	minister

પ્રમાણે (અવ્યય)	इसं तरह, प्रकार	like this
પ્રશ્ન (પું.)	प्रश्न	question
પ્રયોગ (પું.)	प्रयोग	usage, experiment
પા (વિ.)	पाव	one fourth, a quarter
પાઘડી (સ્ત્રી.)	पगडी	turban
પાછળ (ક્રિ વિ.)	पीछे	back side, behind
પાટલી (સ્ત્રી.)	बैंच	bench
પાટિયું (નપું.)	श्यामपट, फलक	blackboard
પાટી (સ્ત્રી.)	पाटी, स्लेट	slate
પાઠ (પું.)	पाठ	lesson
પાડોશ (પું.)	पड़ोस	neighbour
પાણી (નપું.)	पानी	water
પાન (નપું.)	पन्ना, पत्ता	page, leaf
પાંચ (વિ.)	पाँच	five
પાંદડું (નપું.)	पत्ता	leaf
પ્રાર્થના (સ્ત્રી.)	प्रार्थना	prayer
પ્રાંત (પું.)	प्रांत	region
પિતરાઈ ભાઈ (પું.)	चचेराभाई	cousin
પિતા (પું.)	पिताजी	father
પીઠ (સ્ત્રી.)	पीठ	back

પીપળો (પું.)	पीपल	pipal tree
પીવું (સ. ક્રિ.)	पीना	to drink
પીળું (વિ.)	पीला	yellow
પૂના (નામ)	पुना	Pune
પુલ (પું.)	पुल	bridge
પૂછવું (સ. ક્રિ.)	पूछना	to ask
પૂર્વ (દિશા) (સ્ત્રી.)	पूर्व दिशा	east
પૂરવું (સ. ક્રિ.)	पूर्ति करना, भरना	to complete, to fill
પૂંછડી (સ્ત્રી.)	पूँछ	tail
પૂંઠું (નપું.)	पृष्ठ	cover
પેટ (નપું.)	पेट	stomach
પેર (અવ્યય)	जैसे	like, so
પોણો (વિ.)	पौन	three fourth
પોતાનું (વિ. સર્વ.)	स्वयंका	personal, of oneself
પોપટ (પું.)	पोपट	parrot
પોયણી (સ્ત્રી.)	कमलिनी	lily

ફ

ફક્ત (વિ.)	केवल	only
ફફડાવવું (સ. ક્રિ.)	फड़फड़ाना	to flutter
ફળ (નપું.)	फल	fruit

ફુવારો (પું.)	फौव्वारा	fountain
ફૂલ (નપું.)	फूल	flower
ફેરફાર (પું.)	फेरफार	change

બ

બકરી (સ્ત્રી.)	बकरी	she-goat
બચવું (અ. ક્રિ.)	बचना	to be saved
બતાવવું (સ. ક્રિ.)	बताना	to say, to inform, to show
બત્તી (સ્ત્રી.)	बत्ती	a light
બદલવું (સ. ક્રિ.)	बदलना	to change
બદલે	बदले	instead of
બધું (વિ.)	सब	all
બન્ને (વિ.)	दोनों	both
બનવું (અ. ક્રિ.)	बनाना	to become, to be
બપોર (સ્ત્રી.)	दोपहर	afternoon
બરાબર (વિ.)	ठीक	correct
બસ	बस	enough
બસો (વિ.)	दो सौ	two hundred
બહુવચન (નપું.)	बहुवचन	plural
બહેનપણી (સ્ત્રી.)	सहेली	female friend
બળદ (પું.)	बैल	bullock

બળદગાડી (સ્ત્રી.)	बैलगाड़ी	bullock cart
બંદૂક (સ્ત્રી.)	बंदूक	gun
બા (સ્ત્રી.)	माँ	mother
બાગ (પું.)	बाग	garden
બાજરી (સ્ત્રી.)	बाजरी	millet
બાપા (પું.)	पिताजी	father
બાપુજી (પું.)	पिताजी	father
બારણું (નપું.)	दरबाजा	door
બારી (સ્ત્રી.)	खिड़की	window
બાવીસ (વિ.)	बाइस	twenty-two
બાળક (નપું.)	बालक	child
બાંકડો (પું.)	बेंच	bench
બાંધવું (સ. ક્રિ.)	बाँधना	to tie
બી (નપું.)	बीज	seed
બીજું (વિ.)	दूसरा	second, another
બૂમ (સ્ત્રી.)	आवाज	shout
બૂરું (વિ.)	बुरा	bad, evil
બેસવું (અ. ક્રિ.)	बैठना	to sit
બોલવું (અ. ક્રિ.)	बोलना	to speak

ભ

ભગવાન (પું.)	भगवान	God
ભજન (નપું.)	भजन	religious song
ભણવું (અ. ક્રિ.)	पढ़ना, सीखना	to learn, to study
ભવિષ્યકાળ (પું.)	भविष्यकाल	future tense
ભાઈ (પું.)	भाई	brother
ભાથું (નપું.)	पाथेय, संबल, तोशा	provision for a journey
ભાભી (સ્ત્રી.)	भाभी	brother's wife
ભાર (પું.)	बोझ	load, burden, weight
ભાવ (પું.)	भाव, (मनके) भाव	rate, expressions
ભીંત (સ્ત્રી)	दिवाल	wall
ભૂચર (વિ.)	जमीन पर चलनेवाले	reptiles
ભેદ (પું.)	भेद	secret

મ

મકાન (નપું.)	मकान	building
મજા (સ્ત્રી.)	मजा	entertainment
મરચું (નપું.)	मिर्च	chilly
મધ્ય (વિ.)	मध्य	centre
મરડવું (સ. ક્રિ.)	मरोड़ना	to bend, to twist
મહેલ (પું.)	महल	palace

મંત્રી (પું.)	मंत्री	secretary
મંદિર (નપું.)	मंदिर	temple
માખી (સ્ત્રી.)	मक्खी	(house) fly
માગવું (સ. ક્રિ.)	माँगना	to ask for, to beg
માછલી (સ્ત્રી.)	मछली	fish
માણસ (પું.)	आदमी	man
માતૃભાષા (સ્ત્રી.)	मातृभाषा	mother-tongue
માન (નપું.)	सम्मान	respect
માનવું (સ. ક્રિ.)	मानना	to agree, to obey, to believe
માલિક (પું.)	मालिक	master
માં (અવ્યય)	में	in
મિત્ર (પું.)	मित्र, दोस्त	friend
મિનિટ (સ્ત્રી.)	मिनिट	minute
મીઠું (વિ.)	मीठा	sweet
મીઠું (નપું.)	नमक	salt
મીના (નામ)	मीना	Mina
મુખ (નપું.)	मुख	mouth
મુંબઈ (નપું./સ્ત્રી.)	मुंबई	Bombay
મૂંગું (વિ.)	गूँगा	dumb
મૂંઝાવું (અ. ક્રિ.)	दम घुटना, घबड़ाना	to be uneasy

મેજ (નપું.)	मेज	table
મેળવવું (સ. ક્રિ.)	जोड़ना, मिलाना	to match, to mix
મોટરકાર (સ્ત્રી.)	मोटर	motor-car
મોઢું (નપું.)	मुँह	mouth
મોં (નપું.)	मुँह	mouth
ય		
યાદી (સ્ત્રી.)	यादी	list
ર		
રજા (સ્ત્રી.)	छुट्टी	vacation, holiday
રત્ન (નપું.)	रत्न	jewel
રત્નાગીરી (નામ)	रत्नागिरी	Ratnagiri
રમકડું (નપું.)	खिलौना	toy
રમણ (નામ)	रमण	Raman
રમવું (અ. ક્રિ.)	खेलना	to play
રસ્તો (પું.)	रास्ता	road
રહેવું (અ. ક્રિ.)	रहना	to stay
રંગબેરંગી (વિ.)	रंगबिरंगा	of many colours, colourful
રાખવું (સ. ક્રિ.)	रखना	to keep
રાજ્ય (નપું.)	राज्य	state, kingdom
રાત (સ્ત્રી.)	रात	night

રામદાસ (નામ)	रामदास	Ramdas
રામનવમી (સ્ત્રી.)	रामनवमी	Ram-navami
રુણુઝૂણુ (વિ.)	रुनझुण (आवाज)	sound of bullockcart's bells
રૂપાળું (વિ.)	खुबसूरत	beautiful, pretty
રૂમાલ (પું.)	रूमाल	handkerchief
રોજ (વિ.)	हररोज	daily
રોટલો (પું.)	मोटी रोटी	bread
રોફભેર (વિ.)	रोबसे	with pomp and show

લ

લખવું (સ. ક્રિ.)	लिखना	to write
લગાડવું (સ. ક્રિ.)	लगाना	to apply
લગાવવું (સ. ક્રિ.)	लगाना	to arrange
લડાઈ (સ્ત્રી.)	लड़ाई	quarrel
લપસણી (સ્ત્રી.)	फिसलन	slippery
લપસવું (અ. ક્રિ.)	फिसलना	to slide
લશ્કર (નપું.)	लश्कर	army
લાકડું (નપું.)	लकड़ा	wood
લાલ (વિ.)	लाल	red
લાંબુ (વિ.)	लंबा	tall, long
લીમડો (પું.)	नीम	neem

લીલું (વિ.)	हरा	green
લીસું (વિ.)	मुलायम, चिकना	soft
લૂછવું (સ. ક્રિ.)	पोंछना	to wipe
લેવું (સ. ક્રિ.)	लेना	to take

વ

વખત (પું.)	समय	time
વચ્ચે (ક્રિ. વિ.)	बीचमें	between, among
વગર (અવ્યય)	सिवाय	except, without
વગેરે (અવ્યય)	इत्यादी	etc.
વધવું (અ. ક્રિ.)	बढ़ना	to grow
વ્યક્તિ (સ્ત્રી.)	व्यक्ति	person
વર્ગ (પું.)	कक्षा	class
વર્તમાનકાળ (પું.)	वर्तमानकाल	present tense
વસઈ (નામ)	वसई	Vasai
વહેલું (વિ.)	जल्दी	early
વંદો (પું.)	एक जंतु, चपड़ा	cockroach
વાક્ય (નપું.)	वाक्य	sentence
વાગવું (સ. ક્રિ.)	लगना	to get hurt
વાત (સ્ત્રી.)	बात	thing, talk
વાપરવું (સ. ક્રિ.)	उपयोग करना	to use

વાર્તા (સ્ત્રી.)	कहानी	story
વાહન (નપું.)	वाहन	carriage
વાળ (પું.)	बाल	hair
વાંચવું (સ. ક્રિ.)	पढ़ना	to read
વાંદરો (પું.)	बंदर	monkey
વાંસો (પું.)	पीठ	back
વિચાર (પું.)	विचार	thought
વિમાન (નપું.)	विमान	aeroplane
વિશાળ (વિ.)	विशाल	very big, broad
વિશેષણ (નપું.)	विशेषण	adjective
વેણી (સ્ત્રી.)	गजरा	flower garland for braid
વેલ (સ્ત્રી)	लता, वेल	creeper
વેલો (પું.)	बड़ी वेल	big creeper
વેશપલટો (પું.)	भेश बनाना	disguise

શ

શકવું (અ. ક્રિ.)	सकना	can
શબ્દ (પું.)	शब्द	word
શરીર (નપું.)	शरीर	body
શાબાશ (વિ.)	शाबाश	well-done, bravo
શાળા (સ્ત્રી.)	शाला	school

શિરામણ (નપું.)	सुबहका नास्ता	breakfast
શાંત (વિ.)	शाँत	quiet, silent
શિક્ષક (પું.)	शिक्षक	teacher
શીખવું (અ. ક્રિ.)	सीखना	to learn
શું (સર્વ.)	क्या	what
શોભા (વિ.)	शोभा	beauty

સ

સત્ય (નપું.)	सत्य	truth
સત્યવ્રત (નામ)	सत्यव्रत	(truthful) Satyavrat
સમજુ (વિ.)	समजदार	wise, sensible
સમય (પું.)	समय	time
સમાનતા (વિ.)	समानता	equality
સર (પું.)	सर, शिक्षक	teacher
સરકસ (નપું.)	सरकस	circus
સરખું (વિ.)	सरीखा, एक जैसा	same, equal
સરનામું (નપું.)	पता	address
સરસ (વિ.)	अच्छा, सुँदर	good, fine, niçe
સર્વનામ (નપું.)	सर्वनाम	pronoun
સવાર (સ્ત્રી.)	सुबह	morning
સવારી (સ્ત્રી.)	सवारी	procession

સ્ટીમર (સ્ત્રી.)	स्टीमर	steamer
સ્થિતિ (સ્ત્રી.)	स्थिति	situation, position
સ્વચ્છતા (સ્ત્રી.)	स्वच्छता	cleanliness
સંતરું (નપું.)	नारंगी, संतराह	orange
સાડા બાર (વિ.)	साडे बारह	twelve and a half, half past twelve
સાત (વિ.)	सात	seven
સાધુ (પું.)	साधु	saint
સાથે (અવ્યય)	साथ	with
સાધન (નપું.)	साधन	instruments
સાપ (પું.)	साप	serpent
સાફ (વિ.)	साफ	clean
સાબુ (પું.)	साबुन	soap
સારું (વિ.)	अच्छा, ओ. के.	O.K.
સાંકડું (વિ.)	सँकरा	narrow
સાંકળવું (સ. ક્રિ.)	जोड़ना	to join
સાંઝ (સ્ત્રી.)	शाम	evening
સાંભળવું (સ. ક્રિ.)	सुनना	to hear
સિંહ (પું.)	सिंह, शेर	lion
સીમ (સ્ત્રી.)	गाँवके पासका जंगल	forest, jungle
સીમિત (વિ.)	सीमित	limited

સૂણવું (સ. ક્રિ.)	सुनना	to hear, to listen
સુંદર (વિ.)	सुंदर	beautiful, good
સુંવાળું (વિ.)	मुलायम	soft
સૂરજમુખી (નપું.)	सूर्यमुखी	sunflower
સૂવું (અ. ક્રિ.)	सोना	to sleep
સોફો (પું.)	सोफा	sofa
સૂંઢ (સ્ત્રી.)	सूंढ़	trunk of an elephant
સૂપડું (નપું.)	सूप	winnowing basket
સેના (સ્ત્રી.)	सेना	army
સૈનિક (પું.)	सैनिक	army-man

હ

હજાર (વિ.)	हजार	thousand
હઠ (સ્ત્રી.)	जिद्द	obstinacy
હલાવવું (સ. ક્રિ.)	हिलाना	to move, to shake
હલો	हलो	hallo
હવે (ક્રિ. વિ.)	अब	now
હસવું (અ. ક્રિ.)	हँसना	to laugh
હળ (નપું.)	हल	plough
હા	हाँ	yes
હાજરી (સ્ત્રી.)	हाजरी	presence

હાથ (પું.)	हाथ	hand
હાથી (પું.)	हाथी	elephant
હીંચકો (પું.)	झूला	swing
હિંચવું (અ. ક્રિ.)	झूलना	to swing
હું (સર્વ.)	मैं	I
હુકમ (પું.)	हुकम	order
હોજ (પું.)	हौज	tank
હોઠ (પું.)	ओंठ	lip
હોલો (પું.)	पंडुक, टूटरुं	dove
હોવું (અ. ક્રિ.)	होना	to be

વાક્યપ્રયોગ

અચરજ પામવું	आश्चर्य होना	astonishment
અમે બધાં	हम सब	we all
આ પ્રમાણે	इस तरफ	in this way
આમાંથી	इसमेंसे	from this
એમ જ	ऐसे ही	by the way, thus
એમાં	उसमें	in it/ that
એવી રીતે	इस तरह	in this way/ manner
ક્યાંથી	कहाँ से	from where
ક્યાંની	कहाँकी	of where

કોઈ વાર	कभी कभी	sometimes
કોગળો કરવો	गरारा करना	to gargle
કોટે વળગાડવું	गले लगाना	to get tied up (with some thing)
ખાનપાન	खानपान	food habits
ખાંચાવાળું (વિ.)	टेढ़ामेढ़ा	with curves
ખુલ્લું પડવું	खुल्ला होना	to get open
ગપ્પાં મારવાં	गप्पे हाँकना	to gossip
ચોરી કરવી	चोरी करना	to steal
છેલ્લી વાર	आखरी बार	for last time
જ્યારે . . . ત્યારે	जब-तब	when . . .then
જાતજાતની	तरह-तरह की	of different types/kinds
જીવજંતુ	जीवजंतु	creatures
જેમ જ	वैसे ही	like that only
જોડ મેળવવી	जोड़ मिलाना	to match the pairs
ઝોલું ખાવું	झपकी लेना	to doze
ટીક કરવી	टीक करना	to tick
તપાસ કરવી	पूछना	to inquire
ત્યાં સુધી	तब तक	up to that time, till then
તાકીને જોવું	तकना	to stare
થોડી વાર	थोड़ी देर	for some time

થોડે દૂર	थोड़ी दूर	near by, a little far away
દર્શન કરવાં	दर्शन लेना	to visit
દાખલા તરીકે	उदाहरणके तोर पर	for example
દાતણપાણી	दातून-पाणी	brushing & washing (cleaning)
દીવાટાણે	सन्ध्या समय	at evening time
ધ્યાન આપવું	ध्यान देना	to take care, to be attentive
નક્કી કરવું	तय करना	to decide, to settle
પગરસ્તો	पगदंडी	footpath
પપ્પી આપવી	पप्पी देना	to (give) kiss
પાછું આવવું	वापस आना	to come back
પાર કરવું	पार करना	to cross
પોણા પાંચ	पौने पाँच	quarter to five
ફરીથી	फिरसे	again
બપોરું કરવું	दोपहरका खाना खाना	to take lunch
બહુ મોટું	बहुत बड़ा	very big, too big
બીજી જાતનું	दूसरे प्रकारके	of different types
માફી માગવી	माफी माँगना	to apologize
મારી સાથે	मेरे साथ	with me
વાળુપાણી કરવું	शामका हलका भोजन करना	to take supper
વિરુદ્ધાર્થી શબ્દ	विरुद्धार्थी शब्द	opposite word, antonym

શરૂ કરવું	शुरु करना	to start
શા માટે	क्यों	why, for what
સમાવેશ કરવો	समावेश करना	to get included
સવા પાંચ	सवा पाँच	quarter past five
સાધારણ રીતે	साधारणतया	generally
હાકલ પાડવી	बुलाना	to call